Date of Publication - Posted on 10th of Every Month

समानो मन्त्रः । (ऋग्वेद) ● समानी प्रपा । (अथर्ववेद)

# પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૧૯ માર્ચ : ૨૦૨૫ અંક : ૯ ₹ 20



ગુજરાતી સાહિત્ય પરિષદ

મેઘાણી જ્ઞાનપીઠ । ક.લા. સ્વાધ્યાયમંદિર




Ahmedabad • Akola • Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Gandhidham
Gandhinagar • Himmatnagar • Hyderabad • Indore • Jamanagar • Junagadh • Kadi • Kalol
Mehsana • Modasa • Nadiad • Palanpur • Patan • Porbandar • Rajkot • Surat • Surendranagar
Visnagar • Vadodra • Vapi

shop online on greenfibre.com or jadeblue.com

**સમાનો મન્ત્રઃ (ઋગ્વેદ)** **સમાની પ્રપા (અથર્વવેદ)**

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧૯ માર્ચ : ૨૦૨૫ અંક : ૯

સંપાદક
**કિરીટ દૂધાત**

**પ્રકાશન મંત્રી**
ભીખેશ ભટ્ટ

**પરામર્શનસમિતિ**

**હર્ષદ ત્રિવેદી**
પ્રમુખ

**સમીર ભટ્ટ**
મહામંત્રી

**યોગેશ જોષી**
ઉપપ્રમુખ

**દર્શક આચાર્ય**
ઉપપ્રમુખ

**ગુજરાતી સાહિત્ય પરિષદ**
**મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર**
ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ

- ♦ 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- ♦ 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- ♦ 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- ♦ વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ♦ ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- ♦ પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- ♦ પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થાની આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- ♦ 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- ♦ 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- ♦ લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકૅપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- ♦ **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- ♦ **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફેક્સઃ ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

# અનુક્રમ

◈ **પ્રમુખીય : મથામણ–૧૪** - હર્ષદ ત્રિવેદી, ૬

**કવિતા :**

◈ ● **સત્તાવિલય** - ચન્દ્રકાન્ત ટોપીવાળા, ૯ ● **આ હું જ કહું છું** - ચન્દ્રકાન્ત ટોપીવાળા, ૧૦
● **પાઘડીનો વળ છેડે** - **પુષ્કરરાય જોષી**, ૧૦ ● **પાછો આવજે** - રશ્મિ શાહ, ૧૧
● **ગઝલ** - પરેશ દવે "નિર્મન", ૧૧

**અનુવાદિત કવિતા :**

◈ ● **વિસ્લાવા શિંબોરસ્કાની કવિતાઓ** ગુજરાતી અનુવાદ : ભગવાન થાવરાણી

૧. LOVE AT FIRST SIGHT - પહેલી નજરે પ્રેમ, ૧૧ ● ૨. TERRORIST, HE WATCHES - આતંકવાદીની નજર, ૧૩ ● ૩. UTOPIA - આદર્શ લોક, ૧૪ ● ૪. ON DEATH, WITHOUT EXAGGERATION ॥ મૃત્યુ વિશે, અતિશયોક્તિ વિના ॥, ૧૫ ● ૫. WRITING A RESUME - આત્મવૃત્ત લખવું, ૧૬

**ટૂંકી વાર્તા :**

◈ ● **ગ્રીનકાર્ડ** – ગિરિમા ઘારેખાન, ૧૮ ● **ભૂખ** - રેના સુથાર, ૨૪

**નિબંધ :**

◈ ● **ન્યૂયૉર્ક શહેરનું નવ્યોચ્ચ શિખર** – પ્રીતિ શાહ-સેનગુપ્તા, ૨૯

**અભ્યાસ :**

◈ ● **દેરિદા અને વિઘટનશીલ ફિલસૂફી-૧** – સુમન શાહ, ૩૨
● **કવયિત્રી દક્ષા વ્યાસનું કાવ્યવિશ્વ** – પન્ના ત્રિવેદી, ૩૭
● **ધીરુબહેન પટેલનું ભાષાકર્મઃ** – પિંકી પંડ્યા, ૪૪
● **મંટોની બે વાર્તાઓ વિશ** – પ્રોફેસર વારીસ હુસૈન અલ્વી | અનુવાદક : મુનીર વોરા, ૫૭

**રસાસ્વાદ :**

◈ ● **વીજળીના ચમકારે - ૨** – દર્શના ધોળકિયા, ૫૯

**શોધછાત્રની કલમેથી :**

◈ ● **સર્જક સાથે સંવાદ** – ઊર્મિલા વાઘમશી, ૬૧

**સંસ્મરણ :**

◈ ● **૩૫ વર્ષ પછીનું પુનર્મિલન** – લે. મલ્લિકા સારાભાઈ | અનુવાદઃ હરીશ ખત્રી, ૬૭

**સિનેમા :**

◈ ● **ડિસ્કવરી ઑફ ઇન્ડિયાઃ નહેરુની નહીં, શ્યામ બેનેગલની** – રાજ ગોસ્વામી, ૭૩

**સંપાદકીય :**

◈ ● **સાભાર સ્વીકાર**, ૭૮
● **પરિષદવૃત્ત** - ઇતુભાઈ કુરકુટિયા, ૭૯
● **સાહિત્યવૃત્ત** - સંકલન : ઇતુભાઈ કુરકુટિયા, ૮૩
● **આ અંકના લેખકો**, ૮૫

◈ **આવરણ ચિત્ર** : Jagdeep Smart-Untitled-Acrylic on canvas-72 x 60 inches-2009
**આવરણ-સંકલ્પના** : આગમ શાહ

# મથામણ – ૧૫

હર્ષદ ત્રિવેદી

છવ્વીસમી ફેબ્રુઆરીના રોજ આપણી ભાષાના એક ઉત્તમ કવિ અને નિબંધકાર એવા શ્રી અનિલ જોશીનું પંચાશી વર્ષની ઉંમરે દેહાવસાન થયું. ગોંડલથી આરંભાયેલી એમની જીવનયાત્રાએ મુંબઈમાં વિરામ લીધો. એમનો પહેલો કાવ્યસંગ્રહ 'કદાચ' ઓગણીસો સિત્તેરમાં વોરા ઍન્ડ કંપનીએ પ્રગટ કરેલો. સાથોસાથ આદિલ મન્સૂરી, રાજેન્દ્ર શુક્લ, મનોજ ખંડેરિયા અને રમેશ પારેખના પણ પહેલપ્રથમ કાવ્યસંગ્રહો તેમના દ્વારા પ્રગટેલા. સાતમા દાયકાના અંતે પ્રગટેલા આ કાવ્યસંગ્રહો ગુજરાતી કવિતાના ભાવવિશ્વને બદલનારા હતા. આ કવિઓએ સાતમા-આઠમા દાયકાની કવિતાને જુદો અને ઐતિહાસિક વળાંક આપ્યો. અનિલભાઈ તો પહેલેથી જ કવિતા લખતા હતા. વળી એમને માથે કવિ મકરંદ દવેનો હાથ પણ હતો. અનિલભાઈએ પોતાની કવિતા દ્વારા ગુજરાતી ભાષાને રળિયાત તો કરી જ, પણ કવિ રમેશ પારેખને દિશાદર્શન કરાવનારા પણ એ જ હતા. રમેશ પારેખ તો તે વખતે વાર્તાઓ લખતા અને ગીત-સંગીતની સંસ્થા ચલાવતા. અનિલભાઈએ એમનામાં રહેલા કવિને જગાડ્યો એ પણ સાહિત્યજગતની મોટી ઘટના બની રહી અને આપણને એક 'છ અક્ષરનું નામ' મળ્યું! અનિલ-રમેશ એમ એકસાથે બોલાતું.

અનિલભાઈએ આકર્ષણ જમાવેલું તે તો એમનાં ગીતોથી. એકદમ અરૂઢ છતાં લયના છાકવાળી ભાષાએ ગુજરાતી ગીતને એક નવું પરિમાણ આપ્યું, કહો કે ગીતના સ્વરૂપમાં આમૂલ પરિવર્તન આણ્યું. અલબત્ત એમને પીઠબળ હતું આપણી પ્રશિષ્ટ ગીતપરંપરા ઉપરાંત લોકગીતોનાં વાતાવરણ અને જોમવંતી લોકબોલીનું. સુરેશ દલાલ, લાભશંકર ઠાકર, હરીન્દ્ર દવે, વિનુભાઈ મહેતા અને મોરારિબાપુ વગેરે આ બંને કવિઓની પ્રતિભાને પ્રમાણમાં વહેલા ઓળખી ગયેલા અને એ રીતે એમણે મહત્ત્વ પણ આપ્યું હતું. વધારામાં એ દિવસોમાં કવિસંમેલનોનો માહોલ હતો. ભાગ્યે જ કોઈ એવું કવિસંમેલન હશે કે જેમાં અનિલ-રમેશ ન હોય! ***'ડેલીએથી પાછા મ વળજો હો શ્યામ! મેં તો ઠાલાં દીધાં છે મારાં બારણાં...'*** આ પંક્તિ પરથી બંનેએ ગીત લખ્યું, સાથે ગાયું પણ ખરું! બંનેને સાથે જોવા-સાંભળવાનો અને એમનાં રમણીય તોફાનો જોવાનો પણ એક લહાવો હતો.

આપણને કવિ સુન્દરમ્ યાદ આવે છતાં અનૂઠું લાગે એવું ગીત 'હા રે અમે' છે. એમાં 'રે લોલ!'ને ઠેકાણે એમણે 'લે બોલ!' કરીને કમાલ કરી હતી :

***'હા રે અમે ફૂલ નહીં રંગના ફુવારા***  
***કે ગંધના ઉતારા***  
***કે વાયરે ઝૂલી પડ્યા : લે બોલ!'*** (કદાચ, પૃ. ૨૬)

સરળતાથી ગાઈ શકાય અને સ્મૃતિમાં રહી જાય એ અનિલ જોશીનાં ગીતોનો આગવો વિશેષ છે. કેટલાંક આકર્ષક મુખડાંઓ જ જોઈએઃ

***– કેમ સખી ચીંધવો પવંનને રે હું તો ખાલી શકુંતલાની આંગળી***

***– સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાણ ઊઘલતી મ્હાલે.***

***– ઝાકળભીનાં ઝાડ કનેથી વળાંક લઈને સવારનો નીકળતો તડકો –***
***કૂદે પ્હાડના પ્હાડ!***

***– ધણ છૂટ્યાની ઘંટડીઓનાં ઝાંઝર પ્હેરી વડલાની વડવાઈ ઝાલીને સાંજ***
***હીંચકા ખાય.***

***– અમે બરફનાં પંખી રે ભાઈ, ટહુકે ટહુકે પીગળ્યા.***

***– મારી કોઈ ડાળખીમાં પાંદડાં નથી કે મને પાનખરની બીક ના બતાવો’***

***– ઝીણા ઝીણા રે આંકેથી અમને ચાળિયાં***

આ સિવાય પણ ઘણાં ગીતો અત્યંત લોકપ્રિય અને કર્ણપ્રિય પણ છે. ગુજરાતી સુગમસંગીતની યાત્રા આ અને આવાં ગીતો વિના અધૂરી ગણાય.

અનિલભાઈ આપણી વચ્ચે નથી ત્યારે એમનું એક ગીત ‘મુક્તિ’ વધારે પ્રસ્તુત લાગે છે :

***‘જળથી છૂટાં વ્હાણ તરે***
***ને વ્હાણથી છૂટા શઢ***
***શઢથી છૂટું લૂગડું ઊડે***
***ને લૂગડે ઢાંક્યા ગઢ’*** (બરફનાં પંખી, પૃ.૧)

આ કાવ્યની ગતિ જ કંઈ એવા પ્રકારની છે કે પંક્તિના આરંભ અને અંતના શબ્દો એકબીજાની સાથે ભાવસંબંધથી મુક્ત થવાને બદલે સાંકળના અંકોડાની માફક જોડાય છે! પણ છેલ્લી પંક્તિ **‘નાકથી છૂટો વાયરો વાતો ને જીવથી છૂટા રામ’** વાંચતાં જ જાણે કે બધા અંકોડા મીણના હોય એમ બધું જ એકસાથે ઓગળી જતું જણાય છે.

પ્રસિદ્ધ વિવેચક જયંત કોઠારીએ ‘કન્યાવિદાય’ને આધારે, અનિલ જોશીની કવિતાને ‘ઉત્કટ લક્ષણાવ્યાપારની કવિતા’ કહીને લખ્યું છે કે – ‘અનિલના ‘કન્યાવિદાય’માં લાગણીનું સીધું કથન તો નથી જ, ઊંહકારો પણ નથી. અરે, આપણને પરિચિત પાત્રો પણ ક્યાં નજરે ચડે છે ? એ બધાં કશુંક આવરણ ઓઢીને ઊભાં છે. એક ‘જાન’ શબ્દ માફ, બાકી અહીં ‘વર’ નથી, ‘સ્વજનસમુદાય’ નથી, ‘મા’ નથી, ‘બાપ’ નથી, હા, અહીં છે ‘કેસરિયાળો સાફો’, ‘ઘરનું ફળિયું’, ‘રસ્તો’, ‘દીવડો’ વગેરે વગેરે. નિરૂપણની આ પરોક્ષતા એ અનિલના ‘કન્યાવિદાય’ની નૂતનતા છે, એની અ-પૂર્વતા છે. લાગણી પણ અહીં અશબ્દ બનીને બેઠી છે, કોઈક ચિત્રકલ્પનામાં પોતાની જાતને ગોપવીને બેઠી છે.’ (આસ્વાદ અષ્ટાદશી, પૃ.૧૪૬)

આવું જ એક અર્થસભર ગીત છે 'બીકણ અવાજ' ('બરફનાં પંખી, પૃ.૩').

***'હું તો ઊડતી ટિટોડીનો બીકણ અવાજ***
***મારાં પીંછાં ખોવાઈ ગયાં ભીડમાં,***
***જંગલની ટેવ સમો મારો અવતાર છતાં ઓળખે ન કોઈ અડાબીડમાં!'***

અહીં 'ઊડતી ટિટોડી', 'બીકણ અવાજ', 'ભીડ', 'જંગલની ટેવ', 'અવતાર' અને 'અડાબીડ' શબ્દો ભેગા મળીને એક ભાવવર્તુળ રચે છે જે કોઈ એક નિસ્સહાય, લાચાર સ્ત્રીની વેદનાની અભિવ્યક્તિ બની રહે છે. આ એવી અભિવ્યક્તિ છે કે એની અર્થચ્છાયાઓ સર્વકાલીન બની શકે છે.

આપણી લોકશાહી ધીરે ધીરે એ દિશામાં જઈ રહી છે કે જ્યાં વિરોધી સૂરને કોઈ સ્થાન જ રહ્યું નથી. અનિલ જોશી 'કીડીએ ખોંખારો ખાધો' (બરફનાં પંખી, પૃ. ૪)માં પ્રતીકાત્મક રીતે કહે છે :

'ક્રાઉં ક્રાઉં કાગડાથી ખીચોખીચ લીમડામાં કીડીએ ખોંખારો ખાધો, તમને નથીને કંઈ વાંધો?'

કાવ્યમાં અરૂઢ અભિવ્યક્તિ એ આ કવિનો ઇલાકો છે. પ્રતીકરચના એમને સહજ છે. અનિલ જોશી પૂર્વેની કવિતામાં મુખ્યત્વે જે ભાવો આવતા એમાં સીધા કથનનો વ્યાપ હતો, ઊર્મિ હતી, ભાવસંકુલતા હતી પણ અનેકઅર્થા પ્રતીકાત્મકતા નહોતી, અથવા ઓછી હતી. આ કવિ સામાજિક નિસબત છોડ્યા વિના, મુખર થયા વિના લાગણીઓને આ રીતે વહેતી કરે છે:

***'મારી કોઈ ડાળખીમાં પાંદડાં નથી, મને પાનખરની બીક ના બતાવો !***
***'પંખી સહિત હવા ચાતરીને જાય એવું આષાઢી દિવસોમાં લાગે,***
***આંબાનું સાવ ભલે લાકડું કહેવાઉં પણ મારામાં ઝાડ હજી જાગે!***
***માળામાં ગોઠવેલી સળી હું નથી, મને વીજળીની બીક ના બતાવો...'***

**(બરફનાં પંખી, પૃ.૧૨)**

આ ઉપરાંત અનિલભાઈની અછાંદસ રચનાઓ, નિબંધો, સ્મરણકથા, અનુવાદ તથા સામાજિક નિસબત વગેરે અંગે અલગ રીતે અને વિગતે વાત થઈ શકે. આપણે આશા રાખીએ કે 'નવનીતસમર્પણ'માં પ્રગટતી 'સિતાંશુના શબ્દલોકમાં' એ શ્રેણી તેઓ પૂરી લખીને ગયા હોય! આવા એક મોટા ગજાના સર્જકની વિદાયથી ખેદની લાગણી થાય છે. જે અવકાશ રચાય છે એ ક્યારેય ભરાતો નથી. એ પણ આપણી તો મથામણ જ ને? કવિની ચેતનાને વંદન અને હાર્દિક શ્રદ્ધાંજલિ!

■

## સત્તાવિલય | ચન્દ્રકાન્ત ટોપીવાળા

(૧)

‘મારી રજા વગર તમે અંદર કેવી રીતે આવી ગયા?’
મરક મરક થતું કોઈ મારી સામે ઊભું રહ્યું.
મેં બેલ માર્યો, પ્યૂન હાજર થયો
‘મને પૂછ્યા વગર આમને કેવી રીતે અંદર આવવા દીધા?’
‘સાહેબ, મેં રોકવા ઘણો પ્રયત્ન કર્યો
પણ એ રોકાય તો ને ? એ રોકાયા જ નહીં ને...
દરવાજાને ઠેલો મારીને એ સીધા અંદર ઘૂસી આવ્યા છે.’
મેં આવનારને પૂછ્યું, ‘આ કયા પ્રકારની બેઅદબી છે?’
એણે માત્ર મરક મરક હસ્યા કર્યું મારી સામે.
મારો ગુસ્સો સાતમે આસમાને પહોંચ્યો.
મેં બરાડીને પ્યૂનને કહ્યું, ‘આને ધક્કો મારી બહાર કાઢ.’
આગન્તુકે માત્ર મરક મરક હસ્યા કર્યું.
એણે એકદમ કશાયને ગાંઠ્યા વિના
મારી તરફ આવી, મારી નજીક આવી
મારી સાથે આંખ મેળવી અને કહ્યુંઃ
‘ચલો મારી સાથે’
ને પછી મારો હાથ ઝાલ્યો, મને ખેંચ્યો...
હું અભાનપણે ઊભો થયો
હું ચાલવા માંડ્યો
એ આગળ આગળ, હું પાછળ પાછળ
જાણે કે હું સાહેબ મટી ગયો છું
મારો સત્તાવિલય હું મૂંગો મૂંગો જોઈ રહ્યો...

■

## આ હું જ કહું છું | ચન્દ્રકાન્ત ટોપીવાળા

(૨)

મને ચોખ્ખી હવા આપો
મને ચોખ્ખું જલ આપો
મને ચોખ્ખું અન્ન આપો
મને ચોખ્ખી ભાષા આપો
મને ચોખ્ખો શ્વાસ આપો
મને ચોખ્ખી જગા આપો
મને ચોખ્ખી ઊંઘ આપો
મને ચોખ્ખા હાથ આપો
મને ચોખ્ખાં ચરણ આપો
મને ચોખ્ખું મન આપો
હવે ચોખ્ખેચોખ્ખું કહી દઉં?
આ બધું બગાડનારો હું પોતે જ છું
હા, હા, મેં જ બધું બગાડ્યું છે!
કહોવાયેલી નદીઓમાં રેલ આવી છે
કપાયેલાં જંગલો ભડકે બળી રહ્યાં છે
ગીચોગીચ જંગલોમાં ધુમાડાનાં ધાડાં ધસી રહ્યાં છે.
આકાશ મેલું ને મેલું થતું જાય છે.
રહેવા દો, હવે મને ઉગારશો નહીં
હું ઉગારવાને લાયક નથી.
ખબરદાર
હવે કોઈ અવતારને અહીં પ્રવેશ ન હોઈ શકે!
હા હા
આ હું જ કહું છું!

■

## પાઘડીનો વળ છેડે/ પુષ્કરરાય જોષી

શિશુની આંખમાં
જે અલૌકિક અચરજ હતું
તે પરીની પાંખે ઊડી ગયું.
યુવાન આંખોમાં
જે સપનાં હતાં
તે હૈયાની હોળીમાં
ખાક થઈ ગયાં.
પ્રૌઢની આંખોમાં
ડોકાતું ડહાપણ
હવે ઠરીને ઠીકરું થઈ ગયું.
હવે
વૃદ્ધની આંખમાં
મોતિયા સાથે જામી ગયેલી
હવડ હતાશા
ઓગળે છે આંસુ થઈને.

■

## પાછો આવજે | રશ્મિ શાહ

(૧)

સત્ય જ્યારે પણ તને સમજાય, પાછો આવજે,
પીઠ પાછળ દૃશ્ય જો દેખાય, પાછો આવજે.

આંસુની ભાષા સમજવી કૈંક અઘરી લાગશે,
દર્દનાં પગલાં ભીતર સંભળાય, પાછો આવજે.

લાગણી શબ્દો થકી તો કોઈ પણ વાંચી શકે,
શૂન્ય મનની પ્યાસ જો વંચાય, પાછો આવજે.

તૂટતા સંબંધ તો જોડી શક્યો ના તું કદી,
મૌનના પડઘા સુધી પ્હોંચાય, પાછો આવજે.

આજ પણ તસવીર જોતાં દર્દ તો થાતું હશે,
આંખ 'રશ્મિ' બે ઘડી છલકાય, પાછો આવજે.

■

## ગઝલ/પરેશ દવે "નિર્મન"

આપણી ભીતર નર્યા રઘવાટ જેવું છે કશું,
ને હવામાં મખમલી તલસાટ જેવું છે કશું.

થાય કે નાહી જ નાંખીએ બધા સંબંધનું,
જ્યાં દબાયેલા કશા કચવાટ જેવું છે કશું.

આપણી તકદીરમાં પણ ના થવાનું થાય છે,
ખુદને મળવામાંય લ્યો ખચકાટ જેવું છે કશું.

ચાલવાનું હોય ત્યારે ઊભવાનું થાય છે,
આ ક્ષણોના ગર્ભમાં ફફડાટ જેવું છે કશું.

ધારણાની એક બારીએ ઝબકતા ચંદ્રથી,
આ અમાસે પણ હજી ચળકાટ જેવું છે કશું.

દર વખત ટૂંકા ગજે માપ્યા કરે છે આ સભા,
આ ગઝલનું હોવું બસ બબડાટ જેવું છે કશું.

■

# વિસ્લાવા શિંબોરસ્કાની કવિતાઓ

## મૂળ પોલિશ કવિતાઓના અંગ્રેજી અનુવાદ પરથી ગુજરાતી અનુવાદ : ભગવાન થાવરાણી

## (૧) LOVE AT FIRST SIGHT - પહેલી નજરે પ્રેમ

એ બન્નેને ગળા સુધી ખાતરી છે
કે ઓચિંતી કોઈક ચિનગારીએ એમનું મિલન કરાવ્યું.
આટલી નિશ્ચિતતા સરસ કહેવાય
પરંતુ અનિશ્ચિતતા એથીય વધુ સરસ
બન્ને પહેલાં ક્યારેય મળ્યા નહોતા
એટલે એમને ખાતરી છે
કે એમની વચ્ચે એ પહેલાં કશું નહોતું,
પરંતુ ગલી, દાદરા અને પરસાળો કહેશે
કે એ બન્ને અનેક વાર એકમેક આગળથી નીકળેલા.
હું એમને પૂછું છું - જો યાદ હોય તો
કોઈ રિવૉલ્વિંગ દરવાજામાં
બન્ને ક્ષણેક ભટકાયા નહોતા ?
કદાચ ટોળામાંનું એકાદ 'સૉરી' ?
ફોનના રિસીવરમાં કોઈક તોછડાઈભર્યો 'રોંગ નંબર' ?
પણ મને એમનો જવાબ ખબર છે
ના, અમને યાદ નથી.
એમને જાણીને નવાઈ લાગશે કે
પ્રારબ્ધ એમની સાથે
વર્ષોથી રમત રમતું હતું.
એ એમની નિયતિ બનવાથી થોડે દૂર હતું
પણ એણે જ બન્નેને ભેગા કર્યા અને નોખા પાડ્યા
હસવાનું માંડ રોકી

એમનો રસ્તો અવરોધ્યો
અને પછી બાજુએ ખસી ગયો.
ચિહ્નો અને સંકેતો હતા જ
એ લોકો પારખી ન શક્યા એટલું જ
કદાચ ત્રણેક વર્ષ પહેલાં
કે પછી ગયા મંગળવારે
એક ખભાથી બીજા લગી
એક પાંદડું ફરકેલું ?
કશુંક પડેલું અને તરત ઝિલાઈ પણ ગયેલું.
કદાચ એ બચપણની ઝાડીમાં ગુમ થઈ ગયેલો દડો પણ હોય
કોને ખબર ?
બારણાંના નકૂચા અને ડૉરબેલ પણ હતાં
જ્યાં એક સ્પર્શે બીજાને પહેલેથી અડી લીધેલ
ચેક કરેલી અને બાજુ બાજુમાં પડેલી સૂટકેસો
કોઈક રાતે કદાચ એક જ સ્વપ્ન બન્નેએ જોયું હશે
જે સવાર પડતાં સુધીમાં ધૂંધળું બની ગયું હશે
દરેક શરૂઆત
છેવટે તો છે એક ઉત્તરાર્ધ
અને ઘટનાઓની કિતાબ
કાયમ અડધેથી ખૂલેલી હોય છે..

## ૨. TERRORIST, HE WATCHES - આતંકવાદીની નજર

બારમાં બૉમ્બ એક ને વીસ મિનિટે ફૂટશે
અત્યારે માત્ર એક ને સોળ થઈ છે.
હજી કેટલાક અંદર જાય અને કેટલાક બહાર આવે એ માટે સમય છે.
આતંકવાદી રસ્તો ઓળંગી સામે
સુરક્ષિત જગાએ પહોંચી ચૂક્યો છે,
જાણે ફિલ્મમાં હોય એવું દૃશ્ય.
પીળું જૅકેટ પહેરેલ એક સ્ત્રી અંદર જઈ રહી છે,
કાળાં ચશ્માં પહેરેલ એક પુરુષ બહાર આવી રહ્યો છે,
જીન્સ પહેરેલ કિશોર-કિશોરીઓ વાતો કરે છે.
એક વાગી ને સત્તર મિનિટ અને ચાર સેકન્ડ
પેલો ઠીંગણો નસીબદાર છે,
એ સ્કૂટર પર નીકળી ગયો
પણ પેલો લંબુ અંદર જઈ રહ્યો છે.

એક વાગીને સત્તર મિનિટ અને ચાલીસ સેકન્ડ
માથામાં લીલી રિબન પહેરેલી પેલી છોકરી જઈ રહી છે,
પણ અચાનક એ બસ પાછળ ઢંકાઈ ગઈ.
એક વાગીને અઢાર મિનિટ
છોકરી દેખાતી નથી.
એ કેટલી શાંત હતી
અંદર ગઈ કે બસમાં
એ તો બધાના મૃતદેહ બહાર કાઢે ત્યારે ખબર પડે.
એક ને ઓગણીસ.
કોણ જાણે કેમ, પણ કોઈ અંદર જતું નથી
એક જાડો ટકલૂ બહાર નીકળ્યો ખરો
પણ ઊભા રહો,
લાગે છે એ ખિસ્સામાં કશુંક ફંફોસી રહ્યો છે
અને બરાબર એક વાગીને વીસ મિનિટમાં દસ સેકન્ડ બાકી છે ત્યારે
એ પોતાના ફાલતુ મોજાં લેવા પાછો અંદર ગયો.
હવે બરાબર એક ને વીસ થઈ.
આ પ્રતીક્ષા હવે આકરી છે
હવે કોઈ પણ ક્ષણે
ના, હજુ નહીં
હા, હવે
બૉમ્બ ધડાકાભેર ફૂટે છે...

## ૩. UTOPIA – આદર્શ લોક

એક એવો ટાપુ જ્યાં બધું જ સુસ્પષ્ટ છે
પગ તળે ઠોસ જમીન
રસ્તાઓ કેવળ એવા જે ક્યાંક લઈ જાય
પુરાવાઓના વજનથી ભલભલા નમે
વિધિ-માન્ય અનુમાનનું વૃક્ષ અહીં ઊગે યુગ-યુગથી
એની મુક્ત શાખાઓ સહિત
ચમકીલું, ટટ્ટાર અને સરળ સમજણનું વૃક્ષ અહીં
'હવે સમજાયું' નામક ઝરણા-કાંઠે મહોરે
જેમ જંગલ વધુ પ્રગાઢ, તેમ દૃશ્ય વધુ પ્રલંબ – જાણે સ્પષ્ટતાની ખીણ
જે કોઈ સંદેહ ઉદ્‌ભવે, પવન તુરંત વિખેરી નાંખે
પડઘાઓ અઘોષિતને હચમચાવે અને બ્રહ્માંડનાં રહસ્યોની આતુરતાથી સમજણ આપે
જમણે અર્થ સાચવતી ગુફા

તો ડાબે પ્રગાઢ પ્રતીતિનું સરોવર
જેના તળિયેથી સત્ય પ્રસ્ફુટે અને સપાટીએ તરી આવે
ખીણની ઉપર અડગ વિશ્વાસનું સામ્રાજ્ય
જેનું એનું શિખર છડી પોકારે વસ્તુઓના સત્ત્વની
એની બધી ખૂબીઓ છતાં ટાપુ સાવ નિર્જન
અને એના કાંઠે વેરાયેલાં ઝાંખાં-પાંખાં પગલાંના નિશાન અનિવાર્યપણે સમુદ્ર ભણી વળે
એવું લાગે જાણે
અહીં તમે બધું છોડી-છાંડી
ઊંડાણોમાં ગરક થવા છલાંગ લગાવી શકો
અતલ જીવન મહીં ..

## ૪. ON DEATH, WITHOUT EXAGGERATION
## || મૃત્યુ વિશે, અતિશયોક્તિ વિના ||

એ રમૂજ સહન કરી શકતું નથી,
કોઈ નવો તારો શોધી લાવી શકતું નથી,
સેતુ રચી શકતું નથી,
એને વણાટકામ, ઉત્ખનન, ખેતી, જહાજ બાંધતાં કે કેક બનાવતાં આવડતું નથી.
આપણા ભવિષ્યના આયોજનમાં એનો શબ્દ આખરી
પણ એ તો સાવ નોખી વાત
એને પોતાના ધંધા સાથે સંકળાયેલાં કામ પણ નથી આવડતાં
જેમ કે કબર ખોદવી
કૉફિન બનાવવું
અથવા એના ઘટન પછીની સાફસૂફી
બસ મારી નાંખવાની ધૂન
અને એ આવડત પણ કઢંગી
કોઈ આયોજન કે પદ્ધતિ વિના
જાણે પોતે શિખાઉ હોય
હા, એની સફળતાની ના નહીં
પણ એની અસંખ્ય નિષ્ફળતાઓ તો જુઓ
ચુકાઈ ગયેલા પ્રહારો
અને એકથી વધુ વારના પ્રયત્નો !
ક્યારેક તો એ હવામાંની માખી પણ
મારી નથી શકતું
કેટલીય ઇયળોએ એને માત કર્યો છે
અને આ ફળી, તૂટેલી પાંખો, ભીંગડાં, ખરી પડેલાં પીંછાં

પછી પણ ધબકતું જીવન
દર્શાવે છે કે એ
કેટલો પાછળ રહી ગયો છે
પોતાના નિરુત્સાહ હેતુમાં
બદદુઆથી કશું થશે નહીં એને
યુદ્ધ અને વિપ્લવો દ્વારા માનવજાતે આપેલો સહકાર પણ
અત્યાર લગી કશા કામનો નથી
ઈંડાની ભીતર હૃદય ધબકે છે
શિશુઓનાં હાડપિંજર વિકસે છે
બીજ સતત મહેનત કરી અંકુરિત થાય છે
અને ક્યાંક તો ઊંચાં વૃક્ષો પણ જન્મે છે
જે પણ ડંફાશ મારે કે એ સર્વશક્તિમાન છે
એ જાતે જ એવું ન હોવાનો પુરાવો છે
એવું કોઈ જીવન નથી
જે ભલે ક્ષણેક પૂરતું
પણ અમર નથી
મૃત્યુ હમેશાં
એ ક્ષણ પૂરતું મોડું પડે છે
અદૃશ્ય દરવાજે એ
અંતહીન ટકોરા મારે છે
તમે જ્યાં લગી પહોંચી ચૂક્યા છો
એ ક્યારેય ફોક થતું નથી ..

## ૫. WRITING A RESUME - આત્મવૃત્ત લખવું

શું કરવાનું છે ?
અરજીપત્ર ભરો. સાથે તમારું સંક્ષિપ્ત વિવરણ.
જીવન ગમે તેટલું લાંબું જીવ્યા હો
વિવરણ ટૂંકું સારું.
સંક્ષિપ્ત, પસંદ કરેલી વિગતો એ જ શિષ્ટાચાર.
દૃશ્યો નહીં, સરનામાં.
અસ્પષ્ટ સ્મરણોને બદલે ચોક્કસ તારીખો.
કેટલાને પ્રેમ કર્યો એના બદલે કોને પરણ્યા એ જ.
બધાં બાળકોમાંથી જે જન્મી શક્યાં એ જ.
તમને કોણ ઓળખે છે એ વિગતો, તમે કોને ઓળખો છો - કરતાં અગત્યની.
પ્રવાસો માત્ર વિદેશના હોય તો જ.
શેના સભ્ય છો એ કહો, શા માટે એ નહીં.

સન્માનો ખરાં, પણ એ કઈ રીતે અર્જિત કર્યાં એ નહીં
એવી રીતે લખો જાણે ક્યારેય જાત સાથે વાત કરી જ નથી
અને પોતાનાથી સલામત અંતર રાખ્યું છે.
તમારા કૂતરા, બિલાડીઓ, પંખીઓ, ધૂળ ખાતી સોગાદો,
મિત્રો અને સ્વપ્નોની વાત છેડો નહીં
માત્ર કિંમત, મૂલ્ય નહીં
અને ખિતાબ માત્ર, એ શેના પેટે છે એ નહીં
તમારા બૂટનું માપ, ક્યાં જાઓ છો એ નહીં
હા, એ જ કે જે તમે કહેવાઓ છો
ઉપરાંત એક ફોટો, જેમાં એક કાન દેખાય
એ કાનનો આકાર અગત્યનો છે, એ શું સાંભળે છે એ નહીં
સાંભળવાનું છે પણ શું ?
નક્કામા કાગળો ફાડવાના યંત્રના ઘોંઘાટ સિવાય ?

■

**મિત્ર – કવિ અનિલ જોશીને**

*રૂઠે ત્યારે*
*કિત્તામાંથી ઝંઝાવાત ઊઠે,*
*ભુજાઓમાં જોગીદાસ ખુમાણનું સત*
*આમ એના ચિત્તમાં*
*ભગવાન પટ પટ*

*ભગવાં ઈંડાંઓ મૂકે*
*નખશિખ કાચના વાસણ જેવો જણ*
*જીવે ત્યારે જીવી નાખે એકસામટું ને પછી જાણે મૌન*
*દોસ્તોના વાંક રોજ ગણે, રોજ ભૂલે*
*પછી છે તે*
*વ્હાલુંકડું ગીત ગણગણે*

*સરસ્વતી સોડમાં આવીને સૂવે એટલો પવિત્ર*
*પવનમાં કોરીમોરી આત્મકથા લખે*
*રૂઠે ત્યારે ભરી સભામાંથીયે ઊઠે*

**– રમેશ પારેખ**

(મનપાંચમના મેળામાંઃ પુસ્તકના સૌજન્યથી)

# ગ્રીનકાર્ડ

ગિરિમા ઘારેખાન

મનીષે સામે પડેલી થાળીમાં પથરાયેલી ખીચડી સામે જોયું. સાથે વાટકીમાં છાશ હતી. થાળીને દૂર હડસેલીને એ ગુસ્સાભરી નજરે મંદારને ખોળામાં સુવડાવીને એનું માથું દાબતી, સામે બેઠેલી નયના સામે જોઈ રહ્યો. નયનાએ રસોડાના કબાટમાં મૂકેલો એની ખાનગી બચતનો ગલ્લો કાઢીને, ખોલીને, મનીષની સામે મૂકી દીધો. એ સાથે જાણે રાહ જોઈને બેઠું હોય એમ પાંપણને કિનારેથી આંસુનું એક ટીપું એની આંખમાંથી સર્યું અને આંખ નીચે પડી ગયેલા કાળા ખાડામાં જઈને અટકી ગયું. કૈંક બોલવા ખૂલેલા મનીષના હોઠ પાછા બંધ થઈ ગયા. નયનાના આંસુના એ ટીપાએ એને બધા પ્રશ્નોના જવાબ આપી દીધા હતા – ચાર દિવસથી થાળીમાં શાક કેમ ન હતું પીરસાતું, નૂપુરની સ્કૂલમાંથી ફી ભરી જવા માટે ફોન કેમ આવતા હતા, કરિયાણાવાળો ઉધાર આપવાની ના કેમ પાડતો હતો અને મંદારનો તાવ ઊતરતો કેમ ન હતો. એણે થાળી નજીક ખેંચી, ઠંડી થઈ ગયેલી ખીચડીને લુસલુસ ખાઈ લીધી અને હાથ ધોઈને ખીંટી પર લટકતું શર્ટ પહેરીને ઘરની બહાર નીકળી ગયો.

બહાર નીકળીને એણે બેત્રણ ઊંડા શ્વાસ લીધા. એ કેમ બહાર નીકળી ગયો હતો? ઘરમાં નયનાની નજરનો સામનો નહોતો થઈ શકતો એટલે ? પોતાનો ધંધો કરવા માટે એણે ગુજરાતી શાળાની શિક્ષકની નોકરી છોડી દીધી ત્યારે એક વાર એણે ના પાડી હતી – ‘હું જેટલું આવે છે એમાં ચલાવી શકું છું. મને વધારે નથી જોઈતું.’ પણ પોતે માન્યો ન હતો. અને પરિણામે –

વિમાનની ઘરઘરાટી સાંભળીને મનીષે ઊંચું જોયું અને વિમાન નજરથી અદૃશ્ય થયું ત્યાં સુધી નજરથી એની ચમકતી લાઇટોનો પીછો કરતો રહ્યો. પછી ઘણા દિવસથી મનમાં રમતા વિચારને અમલમાં મૂક્યો. સામેના થાંભલા ઉપર લટકાવેલા ‘પરદેશ જવું છે?’ લખેલા બોર્ડની નજીક જઈને એ ધ્યાનથી વાંચવા માંડ્યો.

‘કેમ મનીસ, તુંય જવાનું વિચારે છે કે શું ?’

હિતેનનો અવાજ સાંભળીને મનીષે પાછળ જોયું. હિતેને નજીક આવીને એના ખભા ઉપર હાથ મૂક્યો.

'તેં જવાબ ના આપ્યો લ્યા. આપણું અડધું ગામ તો અમેરિકા ભેગું થઈ ગયું છે. તારે નથ જવું ?'

'અરે યાર, આખા ગામમાં લાગેલાં આવાં બોર્ડ જોઉં ને ત્યારે મનેય થાય છે કે હુંય પહોંચી જઉં એ સોનાના દેશમાં. બાકી અહીં તો દા'ડે દા'ડે વધતી જતી મોંઘવારીમાં બધું વધારે બગડતું જાય છે. વરસ પછી તો મંદારનેય સ્કૂલમાં મૂકવો પડશે. ક્યાંથી ભરીશું બે છોકરાંની ફી?'

'ત્યાં હાળું કૈંક તો છે હોં યાર. આપણો હરિયો જ જોઈ લે ને! ત્યાંથી કેટલા પૈસા મોકલે છે! એના બાપાએ ત્રણ માળનું મકાન ચણાવી લીધું. દીકરીના લગનમાંય પાણીની જેમ પૈસા વાપર્યા. આખું કુટુંબ લહેર કરે છે.'

'હા યાર. મારો ખાસ ભઈબંધ નરેન તને યાદ છે ? થોડા દા'ડા પે'લાં એણે વીડિયોકૉલ કરેલો. આખો બદલાઈ જ ગયો છે! એનાં લગન થયાં ત્યારે જે કાળી, સોટા જેવી હતી એ મીના તો મોટી મડમ થઈ ગઈ છે!'

મનીષની આંખો સામે એ હમણાં જ જેને રોવડાવીને આવ્યો હતો એ નયના આવી ગઈ. બિચારી રાયણમાંથી કોકડી થઈ ગઈ હતી. ચીમળાઈ ગયેલું મોં, બેસી ગયેલા ગાલ, ફાટેલી સાડી. પટ્ટીમાં સેફ્ટીપિન ભરાવીને સ્લીપર પહેરતી હતી.

'શું વિચાર કરે છે ? તારો ભઈબંધ આટલી દોસ્તી રાખે છે તો એને જ પૂછ ને કે એ કઈ રીતે ગયો'તો?'

ઘેર ગયા પછી ક્યાંય સુધી મનીષને ઊંઘ ન આવી. હિતેનના શબ્દોએ એની આગમાં ઈંધણ ઉમેર્યું હતું. એની નજર સામે નરેને વીડિયોમાં બતાવેલું એનું મોટું ઘર, ઘરની પાછળનો બગીચો, આગળ પડેલી બે મોટી ગાડી અને પટ પટ અંગ્રેજી બોલતાં એનાં બે છોકરાં તરવરતાં હતાં. ગામમાંથી જેટલા અમેરિકા ગયા હતા, બધા સુખી થઈ ગયા હતા. એક વાર ગયા પછી કોઈ પાછું આવતું ન હતું. રમણીકકાકા તો પોતે નાનો હતો ત્યારે અમેરિકા ગયેલા તે એમની દીકરીના લગન કરવા વખતે આવેલા. એમની જાડી, બુચી છોકરીને કેવો સરસ વર મળ્યો! અમેરિકાનો જ પ્રતાપ! એ તો જમાઈનેય ત્યાં લઈ ગયા. હું અમેરિકા હોઉં તો મારી નૂપુરનેય સારો છોકરો મળી જાય ને! ભલે હજી બાર વરસની જ હતી, પણ છોકરીને મોટી થતાં ક્યાં વાર લાગે? મંદાર તો ત્યાં જ ભણે એટલે પહેલેથી જ મોટો સાહેબ થઈ જાય. બીજું શું જોઈએ ?

થોડા દિવસ પછી છોકરાં સૂઈ ગયાં પછી એણે નયનાને વાત કરી,

'મેં નરેનને ફોન કર્યો'તો. એણે એના એજન્ટનું નામ અને નંબર આપેલાં.

નયના પથારીમાં અડધી બેઠી થઈ ગઈ, 'તમે શેની વાત કરો છો?'

'અમેરિકા જવાની.'

નયના એની પહોળી થઈ ગયેલી આંખોથી સાંભળતી રહી– 'એજન્ટે કીધું છે કે

હમણાં કોઈને ખબર ના પડવી જોઈએ. પૈસા લેશે પણ કામ થઈ જશે એની ખાતરી આપી છે. પહેલાં કૅનેડા લઈ જાય અને પછી ત્યાંથી અમેરિકા. કેટલાયને એણે ત્યાં પહોંચાડ્યા છે. ત્યાં જઈને પહેલાં કોઈ નાના ગામમાં રહી જવાનું. આપણા નાતવાળાની મોટલોમાં નોકરી મળી જાય. ત્યાં અહીંના જેવું ના હોય. બધાં નવા જનારને મદદ કરે. નોકરીએ રાખી લે. પાછા ત્યાં તો કલાક પ્રમાણે પૈસા મળે. જેટલા વધારે કલાક કામ કરો એટલા વધારે પૈસા. પગાર અઠવાડિયે થઈ જાય, એય પાછો ડૉલરમાં. તુંય કામ કરજે.'

મેઘધનુષી સપનાની પાંખો વિસ્તરતી જતી હતી.

'ના ભૈસાબ, મને અંગ્રેજી ના આવડે.'

'અરે મોટલમાં તો મશીનમાં કપડાં ધોવાનું, ચાદરો પાથરવાનું, એવું બધું કામ હોય. બેય જણા કામ કરીએ તો જોતજોતામાં લખપતિ થઈ જવાય. એક ડૉલરનો ભાવ ખબર છે? ઓછામાં ઓછા ૮૦ રૂપિયા તો મળે જ. કલાકના છ ડૉલર મળે.'

બોલતી વખતે મનીષની દૃષ્ટિ રૂમની છત ઉપર ડૉલરનાં વાવેતર કરતી હતી. 'આપણે બે થઈને રોજ ૧૫-૧૬ કલાક કામ કરીએ તો રોજના પંદર ગુણ્યા છ-એટલે ૯૦ ડૉલર થયા. એને પાછું ૮૦એ ગુણ. રોજના એટલા રૂપિયા. તો મહિનાના અને પછી વરસના--'

'હા, પણ આપણે જવાના કેટલા પૈસા થશે?'

ડૉલરની થોકડી હાથમાં આવે એ પહેલાં મનીષને રૂપિયાની નોટો ઊડી જતી દેખાઈ. પણ એ આંકડો કહીને નયનાને ગભરાવવા નહોતો માંગતો. 'એ તો થશે, ખાસા. પણ એ તો આપણે ખેતર વેચી નાખશું ને ?'

'હાય હાય! ખેતર વેચી નાખવાનું ?'

'આપણે પાછા આવવું જ નથી પછી રાખીને શું કરવાનું? આમેય એક વરસ દુકાળ ને એક વરસ પાક ધોવાઈ જાય એવો વરસાદ. ક્યારેક જીવાત પડી જાય. ભાગિયો આમેય કંઈ બતાવતો નથી. એક વાર કૅનેડાના ફરવા જવાના વિઝા થઈ જાય, બસ.'

પણ આપણે રમણીકકાકાના જમાઈની જેમ સીધા અમેરિકા કેમ નથી જતા ? પહેલાં કૅનેડા કેમ જવાનું ?'

'આમ થોડું ફરીને જવાનું.' મનીષે નયનાની કમરમાં પાછળથી હાથ નાખ્યો અને એને નજીક ખેંચી. 'તું પૂછ પૂછ બહુ કરે છે. જોજે ત્યાં જઈને આવું પૂછવામાં ટાઇમ ના બગાડતી. આપણા ફળિયામાં આ ઝાડ છે ને, એવું ત્યાં ડૉલરનું ઝાડ ઊગવાનું છે, જોજે.'

મનીષ બારીમાંથી દેખાતા ઝાડ ઉપરથી ખરી રહેલાં પાંદડાંનો મીઠો લાગતો ખરખરાટ સાંભળતો રહ્યો. નયના બારીના ખૂણામાં કરોળિયાએ બાંધેલા જાળા તરફ તાકતી રહી. આજે એ જાળાના તાર સોનેરી અને ચમકતા લાગતા હતા.

* * *

એ અગિયાર જણ મુંબઈ ઍરપૉર્ટ ઉપર ભેગાં થયાં હતાં. એમનો એજન્ટ ત્યાં આવ્યો હતો અને એણે બધું સમજાવી દીધું હતું. – 'એનો માણસ ટોરન્ટો ઍરપૉર્ટની બહાર હાજર હશે. એની પાસે એમના ફોટા પહોંચી ગયા છે એટલે એ જ એમને શોધી લેશે. બીજા કોઈને કંઈ પૂછવાનું નહીં. એ એજન્ટ અમેરિકાની બૉર્ડર સુધી બસમાં લઈ જશે અને આગળનું સમજાવી દેશે. એણે એમની સાથેના અનિલભાઈને બધું સમજાવી દીધું છે. એ કહે એમ જ બધાએ કરવાનું. કોઈએ કંઈ પૂછવું છે?'

કોઈના હોઠ ખૂલે એ પહેલાં તો એ જેમ પ્રગટ થયો હતો એવી જ રીતે અંતર્ધાન થઈ ગયો.

ટોરન્ટો પહોંચતાં સુધીમાં તો થોડા ડર અને આશંકા મિશ્રિત ઉત્સાહની સાંકળોએ બધાને એકબીજા સાથે બાંધી દીધા. પહેલી વાર પ્લેનમાં મુસાફરી કરી રહેલાં એ બધાં પ્લેનની બહાર દેખાતાં વાદળો સાથે ઊડ્યાં અને મેઘધનુષની ધારે લટક્યાં. જાણે એક જનમ પૂરો થયો હોય એમ ઊંઘ્યાં અને સપનામાં બીજા જન્મે અમેરિકા પહોંચી ગયાં.

ટોરન્ટો ઊતરવાની જાહેરાત થઈ એટલે અનિલભાઈએ સૂચના આપી એ પ્રમાણે બધાંએ હૅન્ડબૅગમાં રાખેલાં પોતાનાં હતાં એટલાં ગરમ કપડાં ઠઠાવી દીધાં. પણ "બહુ ઠંડી"ની એમની વ્યાખ્યા નીચે ઊતરતાંની સાથે જ બદલાઈ ગઈ. શરીર ધ્રૂજતું હતું, દાઢી કડકડતી હતી અને બોલતી વખતે મોંમાંથી શબ્દો કરતાં ધુમાડો વધારે બહાર નીકળતો હતો. જોકે થોડી વારમાં ત્યાંના ગોરિયા એજન્ટે એમને શોધી લીધાં અને એક હૂંફાળી નાની બસમાં ગોઠવાયા પછી એમના શ્વાસે શ્વાસ લીધો.

અનિલભાઈ બસના ડ્રાઇવર સાથે આગળ ગોઠવાયા. એનું બોલેલું જેટલું સમજાય એટલું એ મોટેથી બોલીને પાછળ પહોંચાડતા હતા.

'બધાં સાંભળો, આ આપણને અમેરિકાની બૉર્ડરથી બને એટલું નજીક ઉતારી દેશે. પછી આપણે થોડું બરફમાં ચાલવું પડશે. એ પૂછે છે – બધાંને ફાવશે ને ?'

'તમે એને કહી દો કે એટલું તો અમે ખેતરોમાં રોજ ચાલતા. થોડું વધારે હસે તોય વાંધો નહીં. માથું ફાડી નાખે એવી ગરમીમાં કામ કરીએ ને કંઈ ના થાય તો બરફમાં હું થવાનું ? ઠંડી સહન કરી લઈસું, પણ સાલી ભૂખને થોડી તડકામાં સૂકવાય છે ? એને કયો કે એક વાર તું અમેરિકા ભેગા કર ને લ્યા. પછી અમે બધુંય જોઈ લઈસું. હેં ને મનીસભાઈ?'

મનીષે એમના લંબાયેલા હાથમાં તાલી આપી. જોકે એ પછી નયનાના બોલવામાં થોડી હતાશા ટપકતી દેખાઈ.

'આ નાનકો હવે કંટાળ્યો છે. અનિલભાઈ, એને પૂછો ને કે બસમાં કેટલે દૂર જવાનું છે?'

ડ્રાઈવરને બદલે એમની નવી બનેલી બહેનપણીએ જવાબ આપ્યો,

'નયનાબેન, તમે નાનકાને હાચવજો. એની રમકડાં ને કપડાંની બૅગ તો અમે વારાફરતી ખભે લઈ લઈશું. જે સ્રી કૃસ્ન, જે સ્રી કૃસ્ન બોલતાં બોલતાં બધાં ચાલી નાખીસું.'

જોકે છ દિવસની મુસાફરી પછી એ લોકો ઊતર્યા ત્યારે કોઈનામાં 'જે સ્રી કૃસ્ન' બોલવાના હોશ ન હતા. ઊતરતાં પહેલાં અનિલભાઈના શબ્દો પણ થોડા ધ્રૂજતા અને થોડો થાક ખાતાં ખાતાં નીકળતા હતા.

'જુઓ, અહીં બરફમાં જ ચાલવાનું છે. પવન પણ ભયંકર ઠંડો હશે. અગિયારે જણ સાથે રહેજો. આણે ખાસ કીધું છે કે છૂટા ના પડી જતાં. નહીં તો ખોવાઈ જશો. સામે આપણને લેવા ત્યાંનો એજન્ટ ઊભો હશે.'

* * *

વહેલી સવારે પોલીસકાર લઈને રાઉન્ડમાં નીકળેલા જ્યોર્જને રસ્તાની એક બાજુ ઊભેલી વેન જોઈને નવાઈ લાગી. આ સમયે, આટલી ઠંડીમાં, આ જગ્યાએ, કોણે આ વેન ઊભી રાખી હશે? કંઈ પ્રૉબ્લેમ થયો હશે ? ડ્રાઇવરને મદદની જરૂર હોય તો પૂછવા માટે એણે પોતાની કાર વેનની નજીક લીધી. આફ્રિકન અમેરિકન ડ્રાઇવરની સાથે પાછળ અડધી લાશ જેવા બે એશિયંસ બેઠા હતા. એણે એમના પાસપૉર્ટ અને પેપર્સ માંગ્યા. થોડી જ મિનિટોમાં ચિત્ર સ્પષ્ટ થઈ ગયું. ત્યાં તો બીજા પાંચ જણા સામેથી આવતા દેખાયા. એમનો સામાન તપાસતાં એકની બૅકપૅકમાંથી નાના બાળકનાં કપડાં, રમકડાં વગેરે નીકળ્યું. એણે દૂર નજર નાખી. ના, બીજું પાછળ કોઈ આવતું ન હતું. અનિલભાઈએ જણાવવામાં વાર ન કરી કે એ લોકો કુલ અગિયાર જણ હતાં. ચાર જણાનું એક કુટુંબ છૂટું પડી ગયું હતું. ડાકોટા પોલીસ આવી શોધ કરવાથી ટેવાયેલી હતી. થોડી જ વારમાં હેલિકૉપ્ટરનો પંખો સુસવાટા મારતા પવનની હરીફાઈ કરવા આકાશમાં ઊડવા માંડ્યો. પાઇલટના મોઢામાંથી વારંવાર નીકળી જતું હતું, "GOD KNOWS WHAT CONDITION THEY WOULD BE."

* * *

મનીષે નંખાય ત્યાં સુધી દૂર નજર નાખવાનો પ્રયત્ન કર્યો. ચારે બાજુ બરફ સિવાય બીજું કંઈ દેખાતું ન હતું. નરેને એને ચેતવ્યો હતો કે 'અત્યારે આવો છો તો તુન્દ્રાના હાડ થીજવી નાખતો પવન તમને બહુ હેરાન કરશે. ઠંડી –૩૫ ડિગ્રી જેટલી હોય. ખૂબ સાચવજો.' સાચવ્યું તો હતું. આવાં ગોદડા જેવાં વજનદાર કપડાં પહેર્યાં હતાં. આંખો સિવાય બધું ઢાંકી દીધું હતું. પણ બરફની કણીઓ ભરેલો ધુમાડા જેવો પવન આંખોમાં ઘૂસીને એવી બળતરા આપતો હતો કે આંખો ખુલ્લી રહી જ ના શકે. એમાં ને એમાં પેલા સાત જણથી ક્યારે છૂટાં પડી ગયાં ખબર જ ના પડી. સારું છે કે એ ચાર તો સાથે હતાં ! આ બરફના મહાસાગરમાં દિશાની કેમ ખબર પડે? પેલાએ કીધું હતું કે સીધા સીધા ચાલજો. પણ સીધું કઈ બાજુ હતું એ તો ખબર પડવી જોઈએ ને? થોડા વખત સુધી તો એણે નયનાના 'ત્યાં શું ખોટું હતું ? નકામા નીકળ્યા. નાનકાને કંઈ થઈ જશે તો' – ના બડબડાટના જવાબમાં પોતે 'હમણાં પોંચી જઈશું' એમ કીધા કર્યું. પણ પછી તો કોઈનાથી બોલાતું જ ક્યાં હતું ? આંગળી પકડીને ચાલતી નૂપુરે તો ક્યારનું ખનકવાનું બંધ કરી દીધું હતું. 'પહોંચીશું કે પછી—એવો પોતાના મનમાં ઊઠતો પ્રશ્ન એને નયનાની

હાંફમાંથી પણ સંભળાતો હતો. પણ એ કશું કરી શકે એમ ન હતો. પરપોટા વીણવા નીકળ્યા હતા તો હવે બસ, ચાલતા રહેવાનું હતું.

અચાનક એના હાથ ઉપરથી વજન ઓછું થઈ ગયું હોય એવું લાગ્યું. અકડાઈ ગયેલી ડોક પાછળ ફેરવીને મનીષે જોયું, નૂપુર પડી ગઈ હતી. પગ ઉપર એક એક ટનનું વજન બાંધ્યું હોય એવા પગે મનીષ એની પાસે ગયો. એ એને ઊભી કરવા માંગતો હતો. પણ હાથ બરફની સાંકળથી બંધાઈ ગયા હોય એમ એનું કહ્યું માનતા જ ન હતા. એણે આજુબાજુ કોઈ હોય તો બૂમ પાડવા માટે મોં ખોલવાનો પ્રયત્ન કર્યો. પણ એમ કરવા જતાં હોઠના ખૂણા ચિરાઈને ત્યાંથી કંઈ પ્રવાહીનાં ટીપાં નીકળીને ત્યાં જ ઠરી ગયાં. લાગતું હતું કે શરીરની અંદરનું લોહી જ નહીં, હાડકાં સુધી બધું ઠરીને બરફ જ થઈ ગયું હતું. ઠંડીની ધીમે ધીમે વધતી જતી તરસ એના શરીરમાંથી ઉષ્માના એક એક કણને ચૂસીચૂસીને પી રહી હતી. શરીરના એક એક ઝીણા ઝીણા છિદ્રમાંથી અંદર ઘૂસી જતો પવન શરીરમાં જઈને બરફની અણીદાર કટાર જેવો બનીને વીંધવા માંડતો હતો. પહેલાં બટકાં ભરતો લાગતો પવન હવે તો બંદૂકની ગોળીઓની જેમ વાગતો હતો. ઉપરથી સતત વરસી રહેલા બરફની ક્રૂર છરીઓ અંગેઅંગને ચીરી રહી હતી અને શરીરની અંદર પેસીને નસોના ટુકડા કરી નાખતી હતી. અમેરિકાના સ્વર્ગમાં જતાં પહેલાં આવું નરકમાંથી પણ પસાર થવાનું ફરજિયાત હશે ?

હવે તો મનીષને એ કેમ ત્યાં આવ્યો હતો એ પણ યાદ નહોતું આવતું. રડતા હૃદયનાં આંસુ આંખોમાંથી બહાર નીકળે એ પહેલાં તો અંદર જ ઠરી જઈને નજરને વધારે ધૂંધળી બનાવી દેતાં હતાં. કીકીઓમાં પણ જાણે તિરાડો પડી ગઈ હતી. એ તિરાડોની વચ્ચેથી આ લીલું લીલું શું દેખાતું હતું ? મારા નવા ઘરની પાછળ ઊગેલું લીલું ઘાસ હતું કે ગ્રીનકાર્ડના ઢગલા? એના ઉપર ચાલીને આ સામેથી કોઈ આવતું હતું કે શું? 'પપ્પા' એવું કોણ બોલ્યું ? આ તો મારી નૂપુર, સોનાનાં ઘરેણાંથી લદાયેલી એ લાલ પાનેતરમાં કેવી સુંદર લાગતી હતી! એની પાછળ મંદાર છે! હા, કેટલો ઊંચો થઈ ગયો છે! સૂટ બૂટમાં તો વાહ! નયનીને કહીશ કે ભલે મોટો થયો, કાનની પાછળ કાળું ટપકું કરજે, નહીં તો આપણી જ નજર લાગશે.

તરડાઈ ગયેલા હોઠને થોડું વધારે ચીરીને આવેલા સ્મિત સાથે મનીષે નૂપુર અને મંદારને ભેટવા માટે હાથ લાંબા કરવાનો પ્રયત્ન કર્યો.

વધુ એક માનવ આકારની બરફની શિલા નીચે પથરાયેલી બરફની જાજમ તરફ ઝૂકી.

અનંત અવકાશમાં કંઈક શોધવા મથતી મનીષની આંખો ખુલ્લી રહી શકતી ન હતી. ચોમેર વેરાયેલી નિઃશબ્દતામાંથી પ્રગટ થતી હોય એવી હેલિકૉપ્ટરની ઘરઘરાટી એને સંભળાતી રહી.

■

# ભૂખ

રેના સુથાર

ઘરનું તાળું ખોલતાં જ રોજનું અંધારું એને બાથ ભીડતું વળગી પડ્યું. એમાંથી છૂટવા તેણે સ્વિચ પર હાથ મૂક્યો, પણ અંધારું વધુ કસીને બાથ ભીડી તીવ્રતાથી એની ચોપાસ ફરતું વીંટળાઈ ગયું. મોબાઇલની લાઇટ ચાલુ કરી, શૂ રેકમાં બૂટ વ્યવસ્થિત ગોઠવીને મૂક્યા. કારની ચાવી કી હોલ્ડરમાં ભરાવી. લૅપટૉપબૅગ સોફાના સાઇડ ટેબલ પર મૂકી, સેન્ટર ટેબલ પરના બાઉલમાં વોલેટ અને ચશ્માં મૂક્યાં. આ પડી ગયેલી સુવ્યવસ્થિત આદતો માટે પોતાના પર જ એને માન થયું. પણ તે સાથે આદતો પાડનાર વ્યક્તિ માટે વિશેષ માન સહ લાગણીઓ આંખમાં આવી છલકાઈ ગઈ. તે મનોમન બોલ્યો,

"તને ખબર હતી કે મારે એકલાને જ જીવવાનું છે ? અને એટલે જ તું એક લઘર- વઘર માણસમાં આમ ઠાવકાઈ ભરતી ગઈ? બહુ અંચઈ કરી તેં. હું તને ક્યારેય માફ નહિ કરું."

"ખરેખર? માત્ર એટલે માફ નહિ કરો?" ક્યાંકથી અવાજ પડઘાઈને ગળે ફરતો વીંટળાઈ ગયો. તેના ગળામાં શોષ પડવા લાગ્યો. પેટમાં ધીમી ધીમી બળતરા થતી હતી. આ ધીમી ધીમી બળતરા છેલ્લાં ચાર વર્ષથી થતી હતી. પણ તે સામાન્ય ઍસિડિટી ગણીને અવગણતો. છેલ્લા છ મહિનાથી આ ધીમી બળતરા છાતી સુધી પહોંચી ગઈ હતી. જે એને આખી રાત ઊંઘવા નહોતી દેતી. તે ઠંડું દૂધ પીને મારવા પ્રયત્ન કરતો. પણ ઘડીક વાર માટે ઠંડક રહેતી, થોડી વારમાં ફરી એ જ. જોકે બહુ મોડેથી સમજાયું હતું કે હકીકતમાં તે ભૂખની બળતરા થતી હતી.

રોજના રૂટિન મુજબ તેણે ટિફિનબૅગમાંથી ખાલી ટિફિન અને પાણીની બૉટલ કાઢી. સવારની વજનવાળી ટિફિનબૅગ અત્યારે સાવ હલકી થઈ ગયેલી. ટિફિન ખાલી હતું, બૉટલ ખાલી હતી ને સાથે એનું પેટ પણ એકદમ ખાલી હતું. અંધારાને ફંફોસતો તે ફ્રીજ તરફ ગયો. જતાં જતાં સેન્ટર ટેબલનો ખૂણો પગમાં વાગ્યો.

"આહ....." તેની પીડાનો અવાજ દીવાલોને અથડાઈ પાછો ફર્યો. મોબાઇલની ટૉર્ચ ઑન કરી તે ફ્રીજ તરફ ગયો.

ફ્રીજમાંથી એકદમ ચિલ્ડ પાણીની બૉટલ બહાર કાઢી પાણી પીધું. પેટની બળતરામાં આંશિક રાહત અનુભવી. મોબાઇલની બૅટરી બત્રીસ બતાવતી હતી. મોબાઇલ બંધ કરી

તેણે બેડરૂમમાં જઈને પલંગ પર લંબાવ્યું. સૂવાનો પ્રયત્ન કર્યો પણ ભૂખના લીધે ઊંઘ આવે તેમ નહોતી. ઝોમેટો પર ઑર્ડર કરવા ફરી મોબાઇલ ઑન કર્યો. બાલ્કનીમાંથી પૂનમના ચંદ્રનો અજવાશ એની સાથે પલંગ પર પથરાઈને પડ્યો હતો. તે પૂર્ણ ગોળ આકારના સુવ્યવસ્થિત ચંદ્ર પર મોહી પડ્યો. વધુ નજીકથી જોવા તે બાલ્કનીમાં ગયો. ઝૂમ કરી તેને પૂનમના ચંદ્રને મોબાઇલમાં સમાવ્યો. કદી હાથમાં ન આવવાની વસ્તુ ઉપર મોહી જવું એને મૂર્ખામી લાગી અને પોતાની જ મૂર્ખામી ઉપર તે હસ્યો. ત્યાં વૉટ્સઅપનું નોટિફિકેશન દેખતાં તેની આંગળીઓ ડાઇવર્ટ થઈ ગઈ. તેણે વૉટ્સઅપ ખોલ્યું. મોનાલીનો મૅસેજ હતો, "હાઈ, ગુડ ઇવનિંગ. તારી પૉલિસી પૂરી થવામાં છે. રિન્યૂ કરવાની છે ને? તારા ઘર તરફના રસ્તા પર છું. જો તું કહે તો પેપર પર સહી કરાવતી જાઉં. લેટ મી નો "

"થૅન્ક્સ, બટ આજે પોસિબલ નથી. કાલ પર રાખને."

મૅસેજ છોડી, વૉટ્સઅપ વિન્ડો બંધ કરતાં તેની આંગળીઓ મોનાલીના ડીપી પર સ્થિર થઈ. ફોટો ઝૂમ કરીને ચાળીસ વર્ષની મોનાલીની આકર્ષક દેહસૃષ્ટિને જોઈ રહ્યો. તેની ધમનીઓમાં લોહીનો સંચાર તેજ બન્યો. તે પરસેવે રેબઝેબ થઈ ગયો. તેને હાંફ ચઢી. ફટાફટ શર્ટનાં બટન ખોલી નાંખ્યાં ત્યાં અચાનક લાઇટ આવી. ઘરમાં થયેલા અજવાળે ચોરી પકડાઈ ગયાની લાગણીએ તે ક્ષોભિત થયો. આંગળીઓ મોબાઇલ પરથી આપોઆપ દૂર થઈ ગઈ. અંદર જઈને પંખાની ફૂલ સ્પીડ કરી તે બારીને ટેકે બેઠો. બાજુના બિલ્ડિંગમાં નીચેના ફ્લૅટની બારીમાંથી અંદર સુધી એની નજર ખેંચાઈ. એણે ગુસ્સાથી નજર ફેરવી લીધી. "હાલાઓને બારી બંધ કરવાનીય ખબર નથી પડતી.." તે મનોમન બબડ્યો. તેની ભૂખે હવે માઝા મૂકી હતી.

"ઝોમેટો કરી દીધું હોત તો અત્યાર સુધી આવી ગયું હોત. હવે ડબ્બા ફાંફોસો, બીજું શું." જાત સાથે જ સંવાદ કરતો તે ઊભો થઈ રસોડામાં ગયો. તેના પગમાં નીચે કૈંક કચડાવાનો અવાજ આવ્યો, તેણે રસોડાની લાઇટ ચાલુ કરી.

"ઓહ ..નો.. શિટ. નોટ અગેન.." ઑફિસ જતાં પહેલાં ખુલ્લી રહી ગયેલી બારીમાંથી પ્રવેશેલી બિલાડીએ મચાવેલો આતંક જોઈ એણે રસોડાના દરવાજા પર જોરથી હાથ પછાડ્યો, તે સાથે સવારે ગરમ તેલનો છાંટો પડવાથી થયેલો ફોલ્લો ફૂટ્યો, બળતરા થઈ. તેણે ઠંડા પાણીની ધાર કરી. થોડી રાહત અનુભવાઈ. પણ ચામડી ઊખડી ગઈ હતી.

સોફ્રામાયસીન શોધવા દવાનું આખું બૉક્સ ઊંધું વાળ્યું, મળી તો ખરી પણ એક્સપાયર થઈ ગયેલી. એણે જમીન પર ટ્યૂબનો ઘા કર્યો. ગુસ્સા અને કંટાળા સાથે થાકેલા શરીરને ફરી એણે પલંગ પર ફેંક્યું.

ઑફિસમાં નિખિલથી છૂટા પડતી વખતે થયેલી ચર્ચાએ એના મનને ફરી ચગડોળે ચઢાવ્યું. તે પથારીમાં પડ્યો હતો અને તેનું મન થયેલા સંવાંદો મમળાવતું હતું.

"ચાલ, બાય નિખિલ, મળીયે કાલે સવારે, સાઇક્લિંગ માટે."

"અમમ..કાલે નહિ અવાય, અર્પિતાને બે દિવસની રજા છે. કાલે પોળો જવાની ઇચ્છા છે."

"ઓકે, ઍન્જૉય, ફરી ક્યારેક."

"તું પણ ચાલને?"

"તમે હુતોહુતી ફરો, ઍન્જૉય કરો, મારું શું કામ છે?"

"તું કોઈ હુતી શોધી કેમ નથી નાખતો. હજુ તારી ઉંમર જ શું છે?"

"ઓછી તો નથી જ."

"કમ ઑન. બી પ્રૅક્ટિકલ. બૉસ, જિંદગી આમ ના જાય. હજુ તારે ઘણું જીવવાનું છે. જનારું તો જતું રહ્યું..."

"જતું નથી રહ્યું. હજી..."

"જો સીધી બાત, નો બકવાસ, બીજું બધું મૅનેજ થઈ જાય પણ અમુક અંગત જરૂરિયાતો હોય છે અને એ માટે..... સમજે છે ને? હું શું કહેવા માંગું છું?"

"તારી સોય હંમેશાં આ વાત પર જ કેમ અટકે છે? દરેક વાતનો છેડો તું અહીં લાવી વર્તુળ પૂરું કરે છે અને મારો હંમેશાં એક જ જવાબ હોય છે, તને ખબર છે કે એ શક્ય નથી."

"કેમ? મારે કારણ જાણવું છે."

"નિખિલ, એઝ યૂ નો આઇ એમ સો ટાયર્ડ ટુડે. આઇ વિલ લાઇક ટુ મૂવ ફોર હોમ.બાય, ઍન્જૉય યોર હોલિડે."

"આજે જવા દઉં છું, પણ આ વાત માટે હું તારો પીછો નહિ છોડું."

મહિને એકાદ વાર તો નિખિલ આ વાત વહેતી મૂકી જ દેતો અને દર વખતે તે નિખિલને દાવ આપી છટકી જતો.

મમ્મી-પપ્પાએ હવે કંટાળીને આ મુદ્દે વાત કરવાનું મૂકી દીધું હતું.

હૉસ્ટેલમાં રહેતા દીકરાએ આગળ એબ્રોડ સ્ટડી માટે જવાની ના પાડી દીધી કેમ કે તે તેના ડેડીને એકલા મૂકીને જવા નહોતો માંગતો.

આખરે સૌ કોઈ એનું હિત જ તો ઇચ્છતા હતા ને? પણ તેનું મૌન સૌને અકળાવતું હતું.

ડબલબેડની બાજુમાં સુખડના હાર પાછળના પત્નીના ચહેરાને ક્યાંય સુધી તાકી રહ્યો. ચહેરો ખુશ દેખાતો હતો અને આ ખુશ ચહેરા સામે તે આમ રોજ ઉદાસ થઈ બેસી રહેતો હતો. આજે તેનું મન થોડું વધુ વ્યાકુળ હતું. પત્ની આજે વધુ યાદ આવતી હતી. બન્નેનાં પ્રેમલગ્ન હતાં. ઘરમાં પણ સૌ કોઈ આ લગ્નથી ખુશ હતાં. ત્રીજે વર્ષે તો ત્રીજા સદસ્યનું પરિવારમાં આગમન થઈ ચૂક્યું હતું. પણ અચાનક એક હસતારમતા પરિવારને જાણે નજર લાગી ગઈ અને એક દિવસ પત્નીને કૅન્સર ભરખી ગયો. આજે બાર વર્ષ થઈ ગયાં પણ મનમાં એ વાતનો સંતોષ હતો કે આ ઘરમાં, આ બેડરૂમમાં આટલાં વર્ષ બાદ પણ તેની

પ્રિય પત્નીનું સ્થાન અન્ય કોઈએ લીધું નહોતું. પોતે પત્નીને આપેલ વચન નિભાવી રહ્યાનો સંતોષ હતો. પણ ખરેખર તે મનનો સંતોષ હતો કે માંગેલ વચનની મજબૂરી? આજે પણ એ વચન આપ્યાની ક્ષણ તાજી કલમની સહી જેવી મગજમાં, હૃદયમાં કોતરાયેલી હતી,

તે વારંવાર સવાલ કરતી, જવાબ માંગતી,

“તું મને કેટલો પ્રેમ કરે ? બહુ બધોને? તો મને વચન આપ, તું બીજાં લગ્ન નહિ કરે. મારું સ્થાન તું કોઈને નહિ આપે, વચન આપ મને.”

“શું ગાંડા જેવું બોલે છે?”

“જો હું પણ તને છોડીને જવા નથી માંગતી. મારે નથી મરવું. મને બચાવી લે ને પ્લીઝ. હજુ તો આપણે ખૂબ પ્રેમ કરવાનો બાકી છે. તારી સાથેનાં કેટલાં સ્વપ્નાં જોયાં છે? મારે પૂરાં કરવાં છે. બધું અધૂરું રહી જશે! તને આવી લાગણી નથી થતી?”

“થાય છે ને, પણ તારી જેમ બોલતાં નથી આવડતું અને તને કંઈ જ નથી થવાનું.”

“ખોટા દિલાસા ના આપ, વચન આપ. આપીશ ને? આપતો કેમ નથી? આપ નહીં તો હું..”

“નહીં તો..?”

“ભૂત બનીને ઘરમાં ફરીશ, હા.”

ત્યારે તેને આ વાત હસવામાં કાઢી નાખેલી પણ છેલ્લા શ્વાસ લેતાં તેણે ફરી વચન માંગ્યું હતું. તેનો આર્દ્ર સ્વર હજુ તેના માનસપટલ પર છવાયેલો હતો. છેલ્લો શ્વાસ છૂટ્યો તે ઘડીએ તેના બન્ને હાથની હથેળીઓએ સજ્જડ રીતે પોતાની હથેળીઓને પકડી રાખી હતી.

અચાનક એને લાગ્યું કે કોઈએ એનો હાથ જોરથી પકડ્યો છે. એણે બન્ને હાથ છટકોર્યા. તે પત્નીના ચહેરાની આંખોમાં આંખો નાખી બોલ્યો,

“ખુશ છે ને? જો હજુ હું એકલો જ છું. સાવ એકલો...જો મને કેટલી ભૂખ લાગી છે, તું હોત તો હું ભૂખ્યો સૂઈ જતો? તું ક્યારેય મને ભૂખ્યો નહોતી રાખતી. તને મારી જરાય દયા ના આવી? પ્રેમ હોય તે સારું પણ તું તો કેટલી બધી પઝેસિવ બની ગઈ હતી! આપણાં લગ્નજીવનનાં વર્ષો મેં માત્ર એ જ સાબિત કરવામાં કાઢ્યાં કે હું માત્ર તને અને તને જ પ્રેમ કરું છું અને એમાં ને એમાં આપણે બન્ને ખરેખર પ્રેમ કરવાનું જ ભૂલી ગયાં. પ્રેમલગ્ન તો કર્યાં પણ પ્રેમ અને લગ્ન બન્નેએ પોતપોતાના રસ્તા પકડી લીધા હતા તે તારા ગયા પછી ભાન થયું. આટલી હદે કોઈ પઝેસીવ થાય કે મર્યા પછી પણ..?”

એની આંખોમાં પાણી ભરાઈ આવ્યું. બહારના રૂમમાં કૈંક સળવળાટ થયો હોય તેવું લાગ્યું, તેને યાદ આવ્યું કે મેઇન દરવાજો તો એણે અંદરથી લૉક જ નહોતો કર્યો. તે ઊભો થવા ગયો ત્યાં સુખડવાળી ફ્રેમ પર બીજા ચહેરાનું પ્રતિબિંબ ઝિલાયું.

“મોનાલી? તું અત્યારે ? મેં તને કાલે આવવાનું કહ્યું હતું ને? તારે ના આવવું જોઈએ, રાત પડી ગઈ છે, તને એટલી પણ ખબર નથી પડતી કે આમ કોઈ એકલા પુરુષના ત્યાં..?”

"કમ ઓન, એમાં આટલો ગુસ્સે શું થાય છે. ફ્લૅટ આગળથી પસાર થતી હતી ને મારી સિક્સ સેન્સ મને કહેતી હતી કે તું જમ્યો નથી. રાઇટ? એટલે ટિફિન પૅક કરીને લાવી હતી તારા માટે. જતી રહું છું, બસ."

ટિફિન જોતાં જ પેટ સહિત આખા શરીરમાં બળતરા ફરી વળી. તેણે મોનાલીના હાથમાંથી ટિફિન ઝૂંટવ્યું. ટિફિન સાથે મોનાલી પણ ખેંચાઈ ગઈ. તેણે ધીરેથી અંધકારને આવકાર્યો. તે સાથે ફોટા પરનું પ્રતિબિંબ પણ વિલીન થયું... ઘરની દીવાલો તૃપ્ત ઓડકારને ઝીલી રહી હતી.

સવારે બારીમાંથી આવતું અજવાળું ફોટા પર પરિવર્તિત થઈ તેની બંધ આંખોને ખોલવા મથી રહ્યું હતું. તે બંધ આંખે જ પડદો ખેંચી ફરી અંધારું માણવા તત્પર બન્યો. બાજુની પથારીમાંથી આવતી માદક સુગંધ આખા રૂમમાં ફેલાયેલી હતી. ઓરડાની સુગંધને ઊંડા શ્વાસ ભરી તે માણી રહ્યો હતો. ત્યાં રસોડામાંથી કોઈ મોટી ભારે વસ્તુ તૂટવાનો અવાજ આવ્યો. તે ઊભો થઈ રસોડા તરફ દોડ્યો ..રસોડામાં ઘવાયેલી બિલાડી કણસી રહી હતી. એણે ઝડપથી બિલાડીને બન્ને હાથમાં નાના બાળકની જેમ ઉઠાવી ખોળામાં સુવાડી. રસોડાના નૅપ્કિનથી બિલાડીના ઘા પર પાટો બાંધ્યો. બિલાડીની બન્ને આંખો તેને તાકી રહી હતી. તેણે પોતાની આંખો બંધ કરી દીધી. બંધ આંખે ક્યાંય સુધી તે બિલાડીની પીઠ પર હાથ ફેરવતો રહ્યો, પંપાળતો રહ્યો. થોડી વાર પછી એણે અનુભવ્યું, શ્વાસ ધીમા પડી રહ્યા હતા. તે ગભરાઈ ગયો. તેના પોતાના શ્વાસની ગતિ વધી ગઈ. તેણે બિલાડીને કસીને બાથમાં લીધી. પોતાની હૂંફ આપવા પ્રયત્ન કર્યો. ઓરડાની સુગંધ બહાર સુધી આવતી હતી. બિલાડી આકુળવ્યાકુળ થઈ અને પછી અચાનક શાંત થઈ ગઈ. તે ડરી ગયો. તેણે ખોળામાં સૂતેલી બિલાડીને હચમચાવી. સામે કોઈ પ્રતિભાવ નહોતો. એણે ધીરેથી તેના ઠંડાગાર પંજામાંથી આંગળી છોડાવી, ઊંડા ભરેલા શ્વાસને હળવેથી છોડ્યો.

■

**ચૈતરના તાપ**

*કાગડાએ કૂંજામાં કાંકરા નાખ્યા પછી પાણી ડૂબ્યું ને તર્યા કાંકરા*
*એવા ચૈતરના તાપ હજી આકરા*
*નકરા ધુમાડાના ઊડતા પોપટને પિંજરમાં પૂરી દઈ તાકતા*
*કેટલાંય વરસોથી લાકડાનાં સીતાફળ ખડમાં રાખ્યાં તે નથી પાકતાં*
*ચાડિયાની આંખ સાવ ઊંઘી ગઈ ને હવે કુંભકર્ણ કરતો ઉજાગરા!*
*એવા ચૈતરના તાપ હજી આકરા*
*વાચાનો ચોકડીવાળો ગણવેશ પહેરી વાયરાની જેલના કેદી*
*પોતાના ભાગમાં આવેલી તૈડમાંથી નીરખતા આભની સફેદી*
*પથ્થરથી અહલ્યાને છૂટી કરવાના હવે ટાંકણાને રહ્યા નથી મ્હાવરા*
*એવા ચૈતરના તાપ હજી આકરા*

**–અનિલ જોશી**

# ન્યૂયૉર્ક શહેરનું નવ્યોચ્ચ શિખર

પ્રીતિ શાહ-સેનગુપ્તા

અખિલ બ્રહ્માંડમાં આ એક મહાતિમહાનગર ન્યૂયૉર્કના વ્યસ્ત-ત્રસ્ત રસ્તાઓની પહોળી ફૂટપાથ પર એક કીડી વિહરતી હોય, અને વિસ્મિત થઈને વિચારતી હોય, કે “ભઈ, આ શે’ર છે તો ગજબનું. અહીં તો બસ, આકાશ જ આકાશ છે.” ઊંચે જોઈને ચાલતાં ચાલતાં કોઈ સાથે અથડાઈ જાય તો જરા હસીને ‘સૉરી’ કહી દે, ને પછી દૈવી તત્ત્વોનો આભાર માનતાં વિચારે, “ભલું થજો અતીવ સર્જનશક્તિવાળા માનવીઓનું કે જેમણે આવી ગગનસ્પર્શી ઇમારતો બનાવી. એમના ટેકે તો આ આખું આકાશ ટકી રહ્યું છે, નહીં તો ક્યારનું ભાંગી, તૂટીને ટુકડેટુકડા થઈને ના પડ્યું હોત?”

ઊંચે જોઈને તો ચાલવું જ પડે ને, નહીં તો કેટલીયે ઇમારતોની ટોચ સુધીની શોભા જોઈ જ કેવી રીતે શકાય? એમાંનું દુનિયાનું સૌથી જાણીતું તે, ન્યૂયૉર્ક રાજ્યના પ્રશંસાત્મક નામ પરથી પોતાનું નામ પામેલું, એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ. એનું બાંધકામ ખૂબ ઝડપથી થયું હતું. બે એકર જેટલા નગર-વિસ્તારમાં સમાયેલું એ સ્થાપત્ય ૧૯૩૦માં શરૂ થયું, ને એક જ વર્ષમાં તો પૂરું. ને તે પણ, ત્યારે તો એ દુનિયાનું સૌથી ઊંચું મકાન ગણાતું હતું. ઊંચાઈની ગણતરી મકાનની ટોચ પરની ઍન્ટેનાની સાથે થતી હોય છે, ને એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગની ઊંચાઈ ૧૨૫૪ ફીટ છે. આજે એ ભલેને દુનિયાની ઊંચી ઇમારતોમાં તેતાળીસમું સ્થાન ધરાવતું હોય, એની નામના તો સૌથી વધારે જ છે. ન્યૂયૉર્ક શહેરનું તો એ સૌથી વહાલું ઉચ્ચ-સ્થાન છે.

એના એકસો બે માળ પગપાળા ચઢવા હોય તો કુલ ૧૮૬૦ પગથિયાં ચઢવાં પડે. સાથે એની હજારો બારીઓ પણ ગણતાં જવાય. જોકે એમાં ભૂલ થવાનો ઘણો સંભવ છે, કારણ કે એની બારીઓની સંખ્યા તો ૬,૫૧૪ છે. એની અંદર ૨૭ લાખ ચોરસ ફૂટ જેટલી જગ્યા નાની-મોટી અનેક કંપનીના વપરાશ માટે છે. શહેરની અંદર બીજું એક શહેર વસેલું છે જાણે.

જાહેર જનતાને રસ હોય છે ૧૦૩મા માળ પર આવેલા ‘નિરીક્ષણ-કેન્દ્ર’માં. એ પહેલેથી જ એમાંનાં પ્રદર્શનો અને નગરના વિહંગાવલોકનનાં અસાધારણ દશ્યોને કારણે આશ્ચર્યજનક અને પ્રશંસાપ્રેરક હતું. પણ એમાં ફેરફાર કરવામાં આવતા જ હોય છે, નવી રજૂઆતો થતી જ રહેતી હોય છે, તેથી દર થોડાં વર્ષો પછી ફરીથી એના ‘ઑબ્ઝર્વેશન

સેન્ટર' પર જાઓ તો કાંઈ નવું ને જુદું જ જોવા મળે, અને ફરીથી આશ્ચર્ય ને આનંદનો અનુભવ થાય. હા, એની ટિકિટ પણ પહેલેથી ખાસ્સી મોંઘી હતી, ને હજીયે છે, ને તોયે વર્ષે પચીસેક લાખ લોકો એ અનુભવ માણવા ઉત્સુક હોય છે. કહે છે, કે એ પહેલે વર્ષે તો ચાળીસેક લાખ લોકો લાઇનો લગાવતા રહેલા. એમ કહો, કે છેક આકાશમાં વિહરવાની તક સર્વેને ઉપલબ્ધ થઈ હતી, કીડી ડહાપણપૂર્વક વિચારે છે.

સહેજ આગળ જતાં જ ક્રાઇસ્લર બિલ્ડિંગનો નમણો કહી શકાય તેવો ઉચ્ચાકાર દેખાયો. એની સુરેખ ટોચ મૂળ ફ્રાન્સમાં ૧૯૨૫માં શરૂ થયેલી "આર્ટ ડેકો" નામની ભૌમિતિક ડિઝાઇન-સ્ટાઇલનું ઉત્તમ પ્રતીક ગણાય છે. એ ટોચ પર ઉજ્જ્વળ પ્રકાશિત તીર જેવા આકાર શોભે છે, ને ગમે તેટલાં વાદળ હોય કે વરસાદ, એ ક્યારેય અછતું રહે જ નહીં. એમાં પણ નિરીક્ષણ-કેન્દ્ર છે. વળી, ન્યૂયૉર્ક શહેરમાં તો કેટલીયે બીજી ઊંચી ને આગવી ઈમારતોની અંદર આવાં કેન્દ્રો છે. અમુક તો જોયેલાં જ છે, કદાચ એકાદ બાકી હોય, પણ આજે તો કીડીને ઘણું નવું જ બનેલું એક મકાન જોવું હતું.

શહેરની વચમાં 'ગ્રાન્ડ સેન્ટ્રલ' કહેવાતું ખૂબ મોટું ટ્રેન-સ્ટેશન છે. જેવું બહારથી સુંદર, તેવું જ અંદરથી. અરે, અંદર તો એની વિશાળ ગુંબજ જેવી છત પર તારા અને ગ્રહો કંડારેલા છે. જેવું બહાર દિવસનું આકાશ તેવું જ અંદર જાણે રાતનું આકાશ. રોજની અસંખ્ય ટ્રેનો દૂર સુધી જવા નીકળે, ને રોજના લાખો લોકોની અવરજવર અવિરત રહે. આ સુપર-સ્ટેશનની બહાર પણ હજારો નાગરિકો અને વાહનોનો પ્રવાહ સતત ચાલુ જ હોય. આવી ભીડની વચ્ચે, સાવ બાજુમાં જ, કઈ રીતે એક નવી ઈમારત, ખૂબ સાવચેતીપૂર્વક, કોઈ નાનો પણ અકસ્માત ના થાય તે રીતે બનાવી હશે?

એક શ્રેષ્ઠી કુટુંબનું નામ ધારણ કરેલી આ ઈમારત 'વૉન્ડરબિલ્ટ બિલ્ડિંગ. એનું બાંધકામ, ઘણાં લાંબાં લાગે તેવાં સાત વર્ષે, છેક ૨૦૨૦માં પૂરું થયેલું. એનું પાછું એક વિશેષ નામ છે, ને તે છે "ધ સમિટ". કોઈ પર્વતીય હારમાળામાં જેમ અનેક શિખરો હોય, તેમ ન્યૂયૉર્ક શહેરના મુખ્ય એવા મૅનહૅતન વિસ્તારમાં પણ છે. એ બધાં શૃંગોમાં પણ સૌથી મોભાદાર છે આ નવ્યોચ્ચ શિખર "ધ સમિટ". આમ તો, ઍન્ટેનાની સાથે એ ૧,૪૦૧ ફીટ ઊંચું છે, પણ એની અંદર તૈયાર કરાયેલું નિરીક્ષણ-કેન્દ્ર ૧,૦૨૦ ફીટ પર છે.

કુલ ૯૩ માળના સૌથી ઉપરના ત્રણ માળ પર આ નવ્યાતિનવ્ય કેન્દ્ર વ્યાપેલું છે. એમાં "ઍર" (હવા) નામકરણ પામેલું, કળાને કોઈ જુદી જ રીતે "જીવંત" સ્વરૂપે રજૂ કરતું આ પ્રદર્શન અનુભવવા - કેવળ જોવા જ નહીં - મળે છે. આર્ટિસ્ટ કેન્ઝોનું માનવું છે કે આ અનુભવમાં દરેક જોનારને પરિવર્તિત કરવાનું, તેમ જ (જોનારની) પોતાની અંદર રહેલું કંઈક નવીન ખોલવાનું સામર્થ્ય છે. જાણે દર્શનીય કળાની સાથે સાથે મનન અને ફિલસૂફીનાં સંવેદનોને પણ અહીં સ્થાન મળેલું છે.

એવું અદ્યતન-મૌલિક વિરચન છે આ આકાશગામી નિરીક્ષણ-કેન્દ્રમાં કે વર્ણન કરવું પણ કઠિન છે. આખું યે 'ફ્યૂચરિસ્ટિક' કહેવાય તેવા સ્તર પર બનેલું છે. જેમ કે,

૨૫,૦૦૦ ચોરસ ફૂટ જેટલી જગ્યામાં કાચ જડેલા છે, જેથી બહારનું શહેર અંદર આવી ગયેલું લાગે છે, ને અંદરનું પોતાની જાતમાં ઓગળી જતું લાગે છે. બીજો એક ખંડ રૂપેરી ફુગ્ગા જેવાં અસંખ્ય વર્તુળાકારોથી ભરેલો છે – જાણે બહારનાં વાદળ રૂપેરી બનીને અંદર આવી ગયાં છે, ને સાથે જ ગોળાકારના વળાંકે વળાંકે પોતાની જાત અંશ-અંશ બનીને દેખાતી રહે છે. જાણે 'જળ અને સ્થળ' બાબત જેવો ભ્રમ થતો અનુભવાય.

આગળ ક્યાંક પારદર્શક ફર્શ બનાવાઈ છે. પગ મૂકતાં પણ ડર લાગે. ત્યાં જ બહાર એવી બાલ્કની થયેલી છે જે ઉપરથી ને નીચેથી ખુલ્લી લાગે – એટલે કે, તદ્દન પારદર્શક છે. ઉપર શહેરનું અસીમ આકાશ, નીચે શહેરનાં અગણ્ય શૃંગો, ને એ બંને વચ્ચે આપણે જાણે તરતાં ના હોઈએ! ખરેખર જ, જાતની છેક અંદરથી હચમચી જવાય. અંદરનાં તેમજ બહારનાં ઊંડાણ અને ઊંચાઈનો, તરત ના સમજાય તેવી સભાનતા સાથેનો, ભય મનને આવરી લેતો લાગે.

સલામતીના ખ્યાલથી ઓરડાની અંદર જતાં રહીએ તો ત્યાં "પ્રકાશ અને ધ્વનિ"ના ભવિષ્યસૂચક સંયોજનનો સામનો કરવાનો આવે. થાય, કે ઓહો, અજવાળા અને અવાજમાં વળી શું? પણ કીડીને ખબર છે, કે આ 'બત્તીઓ અને ઘોંઘાટ' એવાં વિશિષ્ટ અને નવીન-તીવ્ર છે કે ઘણા મુલાકાતીઓ સહન નથી કરી શકતા. એમને કાન પર પહેરવા પ્લગ આપવામાં આવે છે, પણ અનેક જણ તો એ ખંડ છોડીને જલદી જતાં રહે છે.

છતાં, પંદર લાખથી વધારે લોકો, ઘણી મોંઘી ટિકિટ ખરીદીને, "ધ સમિટ" ને માણવા અને પ્રમાણવા જઈ રહ્યા છે. ઈમારતની બહારથી છેક ટોચે જવા માટે એક પારદર્શક લિફ્ટ પણ બની છે. એના, વળી, વધારે પૈસા આપવા પડે. જીવનના પર્યાય જેવા મહાનગરના વિસ્તૃત પ્રસ્તારનું સૂર્યાસ્તના સમયે દર્શન કરવા માટે બહુ આગળથી રિઝર્વેશન કરી લેવું પડે, નહીં તો નિરાશ થઈને પાછાં જવું પડે.

દર્શન છે પણ અદ્ભુત-સુભગ. એકસાથે ચારે દિશાઓ ને ઉપરનું આકાશ નિર્બંધ રીતે ક્યારે દૃષ્ટિગોચર થાય? અહીં દૂરનાં ને પાસેનાં સ્થાન – આટલાન્ટિક મહાસાગર અને હડસન નદી, લિબર્ટી-પ્રતિમા અને સેન્ટ્રલ પાર્ક વગેરે દૃશ્યમાન થઈને મનને વિસ્મિત-સ્તંભિત કરી દે છે. કીડી તો આને દૈવી કૃપા જ સમજે છે અને પરમ તત્ત્વને નમન કરે છે.

સાવ નીચે આવ્યા પછી, ધરતી પર પગ પડે છે ત્યારે જાણે શ્વાસ હેઠો બેસતો લાગે છે. બરફ પડશે, એમ જણાય છે. હવે ઘેર જવું જોઈએ, એ વિચારે છે. ને ત્યાં જ સામે એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ દેખાય છે. દરરોજ એની ટોચ પર, દેશના અને નગરના ખાસ પ્રસંગોને ઉપયુક્ત વૈદ્યુતિક રંગો પ્રદર્શિત કરવામાં આવે છે. ફરીથી ઊંચે જોઈને, ઉત્સાહથી ફોનમાં એનો ફોટો લઈને કીડી, તરત જ, ખાસ બહેનપણીને મોકલી આપે છે. બરફ પડવાનો હોઈ આજે એના પર રજત-ધવલ રંગ શોભી રહ્યા છે.

■

# દેરિદા અને વિઘટનશીલ ફિલસૂફી-૧

સુમન શાહ

સામાન્ય ગુજરાતી અધ્યયનકારને પ્રશ્ન થવાનો કે શી ઉપયોગીતા છે, દેરિદાની ફિલસૂફીની? લાભ શો? કોઈ પ્રગતિશીલ સુજ્ઞ જનને લાગે કે દેરિદા તો ગઈ કાલ કહેવાય, આજે શી જરૂર? આગે બઢો!

પરન્તુ સામ્પ્રતને નિર્મમ થઈને ધ્યાનથી નીરખવાની જરૂરત છેઃ

આપણે એવા સમયમાં જીવીએ છીએ જેમાં જોઈ શકાય છે કે ધર્મસત્તા અને ધનસત્તા રાજસત્તાનું સ્વઅર્થે નિયન્ત્રણ કરી રહી છે. પૂછી શકે એવા સાત્ત્વિક વિદ્રોહી ચિન્તકો નથી રહ્યા. વિચારક લેખકો પણ populist -લોકપ્રિયતાવાદી- થવા લાગ્યા છે, વાચકોની સૉડમાં ભરાઈ રહે છે, વાતે વાતે સસ્તા વિચારો સાથે રમી લે છે. કેટલાક પ્રતિક્રિયાવાદીઓ પૂર્વ શ્રેષ્ઠ પશ્ચિમ નહીં કરતા નાનીમોટી અનુત્પાદક ચળવળો ચલાવે છે. ભારત શ્રેષ્ઠ છે હતો અને હશે શૈલીના પોકારો વડે શાસકોનું પડખું સેવે છે. 'સા વિદ્યા યા વિમુક્તયે' સાચું પણ રાજસત્તા વિદ્યાને જ અંકુશમાં લઈને પોતાના માપે વેતરી રહી છે. અધ્યાપક અને વિદ્યાર્થી કાં તો કર્તવ્યમૂઢ અને હતાશ છે અથવા પરિસ્થિતિથી દમિત-પ્રાણ છે. શક્ય નથી કે એ આગે બઢી શકે બલકે પીછેહઠનો શિકાર છે. આત્મરતિગ્રસ્ત સુ-શાન્ત વૃદ્ધ સાહિત્યકારોને ભાષા અને સાહિત્યનાં ધૉરણો અને મૂલ્યોનું ધોવાણ પરખાતું નથી. વિવેચન વળી પાછું નિદ્રાધીન છે. સમીક્ષા કોઈ પરગ્રહવાસી ચિડિયાનું નામ છે.

હું તો ૧૯૯૭-થી સમજતો આવ્યો છું કે દેરિદાની વિચારસૃષ્ટિ બધા સમયોમાં કામ આવે છે. એની જ્ઞાનવિષયક પ્રશ્નકારકતા અને મનુષ્ય-સરજિત સંઘટ્ટન માત્રને વિઘટિત કરનારી સમીક્ષાબુદ્ધિ કદી કાલગ્રસ્ત નથી થવાની. લાભ તો એ કે વિઘટન સ્વાસ્થ્યપ્રદ છે. સંસ્કૃતિનો આજે કયો સંવિભાગ સ્વસ્થ છે કે જેના વિઘટનની આપણને જરૂરત નથી?

આપણે એવા સમયમાં જીવીએ છીએ જે અતિ વેગીલો પણ છે. વિચાર કે લાગણી ઝાઝો સમય ટકતાં નથી, કેમકે ટકે એ માટે કાળજી લેનારાં મનુષ્યો નાસભાગમાં હોય છે. સમ્બન્ધો વ્યવહારો કે લૅણદેણ એકેયના સદ્ સ્વરૂપને પામીએ એ પહેલાં તો એ બદલાઈ જાય છે. માણસમાં સંસ્થાઓમાં તન્ત્રોમાં કે રાષ્ટ્રમાં ભરોસો રાખીએ પણ થોડા જ વખતમાં એ દરેકનું અવિશ્વસનીય રૂપ સામે આવે છે. તેમછતાં માણસ જીવનપુરુષાર્થ

પરત્વે નિષ્ઠાવાન હોય છે. સંસાર એક જૂઠાણું હોય તો પણ એને સાચો ગણવાની કેટલી તો તત્પરતા બતાવતો હોય છે! જીવન અર્થશૂન્ય છે એમ જાણવા છતાં અર્થ માટે ઘડીએ ને પલકે કેટલું તો મથતો હોય છે!

• • •

પણ એ નિષ્ઠા તત્પરતા કે મથામણને વ્યક્ત કરવાનું સાધન તો માણસ પાસે ભાષા છે. એટલે ક્રમે ક્રમે આપણે માણસો ભાષામાં અને તેથી સંભવેલી ભાષિક-પેદાશોમાં વિશ્વાસ કરતા થઈ જઈએ છીએ. ભાષા વિનાનું જગત કેવું હશે એની કલ્પના કરી શકાય છે પણ તરત ભાન થાય છે કે હવે તો જગત પોતે જ ભાષામય છે. વ્યક્તિને થતો અસ્તિત્વબોધ પણ ભાષામય છે. જુઓ ને, નાનપણમાં 'ક' 'ખ' 'ગ' અને 'પગ', 'વડ' કે 'ઢબુ'-નો 'ઢ' કે 'ફેણ'-નો 'ણ' આવડી ગયા પછી એ પર દૃષ્ટિ પડતાં, એ બધા અક્ષરો જરાય ક્ષર્યા વિના જીવન્ત થઈ ઊઠતા'તા! એટલે સ્તો મોટપણે 'પ્રેમ' 'લાગણી' 'શોક' 'વેદના' 'આતુરતા' જેવા શબ્દો માણસને ખરા અને રણકતા લાગતા હોય છે. કોઈ કહે કે 'હું તને પ્રેમ કરું છું' તો એ શબ્દાવલિ મધુર પંક્તિ રૂપે ચિત્તમાં ગુંજ્યા કરે છે, માણસને થાય છે, આથી તો સાચું શું હોય વળી!

એમાં ય જો પ્રેમપત્રમાં લખીને જણાવાયું હોય કે 'હું તને પ્રેમ કરું છું' તો એ વાક્યને માણસ હૃદયસ્થ કરી લેતો હોય છે. એણે 'મા ફલેષુ કદાચન્' વચન સાંભળ્યું હોય અને "ગીતા"-માં લિખિતરૂપમાં જુએ, એટલે સાંભળેલું એને સાચું લાગે, પ્રસન્ન થઈ જાય. મૂલ્યવાન ભાષિક-પેદાશ સાહિત્યકલા છે. પ્લેટોને ભલે એ સત્યની નકલનીય નકલ લાગી, રસિયાઓને સાહિત્યથી વધારે સાચું કશું લાગતું નથી, સાહિત્યને સવાઈ સત્ય કહીને જ જંપે છે! હકીકત એમ ઠરે છે કે લિખિત ભાષા માણસને ખાતરીથી જીવન-સંતોષ આપે છે.

જોકે જીવનમાં બનાવો એવા બને કે પેલો લિખિત પ્રેમપત્ર કે કોઈ દસ્તાવેજ ગૂમ થઈ જાય ચોરાઈ જાય ફાટી જાય બળી જાય; અને એવું અવારનવાર બને એટલે લિખિત પરનો ભરોસો ડગી જાય, આપણે એકબીજાના બોલ પર વિશ્વાસ કરતા થઈ જઈએ. લેખનની શોધ ન્હૉતી થઈ ત્યારે તો એમ જ હતું, માણસો 'પ્રાણ જાય પણ વચન ન જાય' એવી ઉક્તિ પ્રયોજતા હતા. બોલનારો આપણી સામે હોય, આપણે એની સામે હોઈએ, એથી મોટી તે કઈ ખાતરી વળી! જીવન-સંતોષ ત્યારે પણ લાધે છે.

આમ સૌ પહેલાં ભાષામાં અને ક્રમે ક્રમે લિખિત અને વાણીસ્વરૂપ ભાષિક-પેદાશોમાં આપણે વિશ્વાસ કરતા થઈ જઈએ છીએ.

પરન્તુ કદી આપણે વિચાર્યું છે ખરું કે ભાષા પણ અવિશ્વસનીય ચીજ છે? પેલો સંતોષ બરાબર પણ વિચાર્યું છે કે એ ખાતરી શું છે? 'પ્રેમ' 'લાગણી' 'શોક' 'વેદના' કે 'આતુરતા' શબ્દો ખરા લાગેલા પણ એ શબ્દોના ખરાપણા વિશે કદી આપણને પ્રશ્ન થયો છે? લિખિત પ્રેમપત્ર સાચો પણ 'હું તને પ્રેમ કરું છું' એ ચારે ચાર શબ્દોના અર્થની સચ્ચાઈ વિશે કે 'પ્રાણ જાય...' વગેરે બોલના મતલબ વિશે એને શંકા પડેલી ખરી? સાહિત્ય સવાયું સત્ય રજૂ કરે પણ એ જેનું બન્યું છે એ ભાષા કયા સત્ય પર ઊભી છે

એ સવાલ સાહિત્યકારોને થયો છે? ભાષાનો લિખિત કે ઉચ્ચરિત શબ્દમાત્ર રસળતો છે, શબ્દ પોતાનો આપે છે તે અર્થ પૂરો નથી અધૂરોપધૂરો છે એમ લાગ્યું છે ક્યારેય? ભાષા આપણને હમેશાં પોતામાં જોતરી રાખે છે એવું સમજાયું છે કદી? શબ્દ પછી શબ્દ આપણે લવ્યા કે લખ્યા જ કરીએ છીએ પણ એ સાતત્ય અન્તહીન છે એવો વિચાર પણ આવ્યો છે?

• • •

રીઢા ચોર જેવા આપણે ભાષા-રીઢા છીએ એટલે એવા પ્રશ્નો શી રીતે થાય? ન જ થાય. એ રીઢાપણાને કોઈ પછાડે તો આપણે ખળભળી ઊઠીએ. એવો ખળભળાટ મચાવનાર હતો ૨૦-મી સદીનો મહાન ફ્રેન્ચ ફિલસૂફ Jacques Derrida (૧૯૩૦-૨૦૦૪). મારે 'ઝા'ક ડે'રીડાહ્' લખવું જોઈએ, પણ હું 'ઝાક દેરિદા' લખતો આવ્યો છું. દેરિદાએ પરમ્પરાઓને તળેઉપર કરી નાખી હતી; ભાષાતત્ત્વ વિશે પ્રચણ્ડ પ્રશ્નો કરીને જ્ઞાનપરક સમૂળી ક્રાન્તિ સરજી હતી. પરિણામે, સુજ્ઞજનોને સંસ્થાઓને તન્ત્રોને કે વિદ્યાશાખાઓને પુનર્વિચારની ફરજ પડી હતી. વાતાવરણમાં નવેસરનો પ્રાણસંચાર થયો હતો.

**દેરિદાનાં બે જ્વલન્ત મન્તવ્યોઃ**

**૧**

દેરિદાએ પહેલું મન્તવ્ય ફરિયાદ રૂપે રજૂ કર્યું. એમ કે પશ્ચિમની ફિલસૂફીવિષયક સમગ્ર પરમ્પરા logocentric છે. એમ કહીને એમણે લોગોસૅન્ટ્રિક પરમ્પરાનો છેદ ઉડાવ્યો એ ૨૦-મી સદીની મહત્તમ બૌદ્ધિક ઘટના છે. એમાં કૃતિથી સંસ્કૃતિ સુધી વિસ્તરેલા જ્ઞાન-પુરુષાર્થને તેમજ પરિવારથી રાષ્ટ્ર લગી વિકસેલા વ્યવસ્થા-તન્ત્રને ચકાસવાનો પ્રચ્છન્ન આદેશ છે. એમાં આત્મનિરીક્ષણ અને પરીક્ષણ આધારિત પુનર્વાચન અને પુનર્મૂલ્યાંકનની તકો છે.

'લોગોસ' એટલે, સામાન્યપણે, શબ્દો. જેના કેન્દ્રમાં શબ્દ, વિચાર, તર્ક, સિદ્ધાન્ત અને વાણીની સ્થાપના થઈ હોય, આધિપત્ય ઊભું થયું હોય, એ ફિલસૂફી લોગોસૅન્ટ્રિક છે. સમજાય છે એવું કે એથી જ જાણે વાસ્તવિકતાનો બોધ થવાનો હોય. બાકી, અર્થ કે સત્યને વ્યક્ત કરવા શબ્દો કે તર્કને અગ્રિમતા આપવાની જરૂરત નથી. અન્તઃસ્ફુરણા કલ્પનો પ્રતીકો લાગણીઓ ભાવભાવનાઓ કે સૂઝબૂઝથી પણ એ કામ થઈ શકે છે. રંગો ઇશારાઓ ચેષ્ટાઓ રીતરિવાજો સાંસ્કૃતિક આવિષ્કારો કે જીવનમાં પ્રવેશતી રહેતી ફૅશનો પણ એ કામ કરી શકે છે.

એક અધ્યેતા તરીકે હું જોઈ શકું છું અને અનેક અધ્યેતાઓ જોઈ શક્યા છે, કે દેરિદા શબ્દથી સંજ્ઞા ભણી, ભાષાવિજ્ઞાનથી સૉસ્યૂરના સંકેતવિજ્ઞાન ભણી, નૉમિનોલૉજીથી હ્યુસેર્લની ફીનૉમિનૉલૉજિ ભણી, ખાસ્સું વળ્યા છે. એટલું જ નહીં, સંરચનાવાદી વિચાર પછીના અનુ-સંરચનાવાદી વિચારને વિકસાવી રહ્યા છે. મારે અહીં જ ઉમેરવું ઘટે કે સંરચનાવાદ માનવીય અનુભવના ઘડતરમાં ભાષા સંસ્કૃતિ સમાજ જેવી અન્તર્ગત સંરચનાઓને સ્થિર અને સાર્વત્રિક ગણે છે. જ્યારે, અનુ-સંરચનાવાદ સંરચનાઓ અને અર્થોને power dynemics-થી, સત્તાકીય ગતિવિધિથી, નિયન્ત્રિત તેમજ અસ્થિર અને

પ્રવાહી ગણે છે. બન્ને વચ્ચેનો એ ઓછામાં ઓછો પણ પાયાનો તફાવત છે.

આ સ્થિત્યન્તરને હું બીજા શબ્દોમાં મૂકું: જગપ્રસિદ્ધ ગ્રન્થ “Critic of Pure Reason”-ના રચયિતા જર્મન ફિલસૂફ Immanuel Kant (૧૭૨૪-૧૮૦૪) અનુભવોના જગતને phenomena અને ઇન્દ્રિયબોધોથી સ્વતન્ત્રપણે અસ્તિત્વ ધરાવતી વસ્તુઓના જગતને noumena કહે છે. કાન્ટ અનુસાર, જ્ઞાન અનુભવોથી સીમિત છે અને માણસનો વસ્તુઓમાં સીધો પ્રવેશ નથી. એટલે સમજદારીના વિષયમાં તર્કની ભૂમિકા અનિવાર્ય છે. એ વાત ખરી પણ એ દૃષ્ટિમતિ લોગોસૅન્ટ્રિક છે. એથી વિરુદ્ધ, ફીનૉમિનોલૉજિ અનુભવોનું અધ્યયન છે, જિવાયેલા અનુભવો અને ચેતના પર ભાર મૂકે છે, અને ભાષાથી અતિરિક્ત વસ્તુઓના સત્ત્વનો વિચાર કરે છે. એ અભિગમ નૉન-લોગોસૅન્ટ્રિક છે.

ભાષાવિજ્ઞાન ભાષિક નિયમો અને સંરચનાઓનું અધ્યયન છે. એમાં વ્યાકરણ વાક્યાન્વય કે ધ્વનિતન્ત્રનો વિચાર કરવામાં આવે છે. જ્યારે સંકેતવિજ્ઞાન શબ્દો સંજ્ઞાઓ શબ્દેતર પ્રતીકો રંગો ઇશારાઓ ચેષ્ટાઓ રીતરિવાજો કે ફૅશનોનું અધ્યયન છે. આગળ વધીને સંકેતવિજ્ઞાન વિચારે છે કે અમુકતમુક સાંસ્કૃતિક સંદર્ભોમાં સંજ્ઞાઓ અને પ્રતીકો કઈ રીતે અર્થો સરજે છે. આ નૉન-લોગોસૅન્ટ્રિક અભિગમ છે કેમકે એમાં દૃઢ મન્તવ્ય પ્રવર્તે છે કે અર્થો માત્ર ભાષાસાધિત નથી પણ સંકેતીકરણના વિવિધ જીવનવ્યવહારોનું પરિણામ છે.

Ferdinand de Saussure (૧૮૫૭-૧૯૧૩) સ્વિસ ભાષાવિજ્ઞાની હતા. એમણે શબ્દ અથવા સંજ્ઞા અને અભિવ્યક્તિ માટે ‘સંકેતક’ અને એથી જે સૂચવાય તેને માટે ‘સંકેતિત’ વિભાવો રજૂ કર્યા. એ કારણે એ વિજ્ઞાન સંકેતવિજ્ઞાન કહેવાયું. Edmund Husserl (૧૮૫૯-૧૯૩૮) જર્મન ફિલસૂફ હતા. ફિનોમિનૉલોજિના પિતા મનાય છે. એમણે ચેતનાને સમજવા માટે આત્મલક્ષી અનુભવ અને વ્યક્તિના આશય ભાર મૂક્યો હતો. બન્ને વિદ્વાનોએ પોતપોતાના દૃષ્ટિકોણથી વાત તો એ જ કરી કે અર્થ કેવી રીતે ‘કન્સ્ટ્રક્ટ’ થાય છે, પણ દેરિદાએ દર્શાવ્યું કે ‘ડીકન્સ્ટ્રક્ટ’ કરીએ તો જ સમજાય કે કેવી રીતે થાય છે. ‘કન્સ્ટ્રક્શન’-ને હું ‘સંઘટ્ટન’ કહું છું, ‘ડીકન્સ્ટ્રક્શન’-ને ‘વિઘટન’.

દેરિદા સ્વયંની વ્યક્તિતા મને વિઘટનશીલ વરતાય છે. સૉસ્યૂર અને હ્યુસેર્લના વિશ્વમાં ઊંડે ઊતરીને પણ દેરિદાએ બન્નેના અભિગમોની ટીકાટિપ્પણી કરી અને બન્નેના પાયા હચમચાવ્યા. દેરિદાનું કહેવું એમ છે કે આપણે બધું વિઘટિત કરીએ, ભાષા અર્થો અને અનુભવોની સીમાઓને ઉથલાવીએ, તો જ સત્યો હાથ આવે.

સૉસ્યૂરના સંકેતક-સંકેતિત ખયાલને દેરિદાએ સંરચનાવાદી કહીને પડકાર્યો. સૉસ્યૂરની સંરચનાવાદી દૃષ્ટિનો વિકાસ સંકેતવિજ્ઞાન રૂપે થયો એ બરાબર પણ દેરિદા એને પશ્ચિમની ફિલસૂફીની છેલ્લી હાંફ -final gaspe- ગણે છે એટલે કે, નાભિશ્વાસ! મૅટાફિઝિકલ સિસ્ટમ્સનો નાભિશ્વાસ! પ્લેટો-ઍરિસ્ટોટલથી પ્રારમ્ભાયેલી અને હાઇડેગર લગી પાંગરેલી યુરોપીય વિચારપ્રણાલિનો નાભિશ્વાસ! એ પૂર્વકાલીન સઘળાને દેરિદાએ લોગોસૅન્ટ્રિક કહીને પડકાર્યું અને દર્શાવ્યું કે સંકેતક-સંકેતિત વચ્ચેનો સમ્બન્ધ સૉસ્યૂર કહે છે તેવો સ્થિર નથી.

પોતાનું મન્તવ્ય દર્શાવવા દેરિદાએ ફ્રેન્ચ શબ્દ différance-ની વિભાવના રજૂ કરી અને જણાવ્યું કે અર્થો હમેશાં તફાવતને વરેલા અને વિલમ્બિત હોય છે, પ્રવહમાણ અને રમતા રહેતા લીલામય હોય છે, સ્થિર નહીં.

Presence of meaning અને intentionality વિશેના હ્યુસેર્લના વિચારો સાથે દેરિદા જરૂર જોડાયા છે. માનવચેતના ખુરશીને બેસવાના આશયથી જુએ-અનુભવે, એ છે ખુરશીનો ઉપસ્થિત, હાજરાહજૂર અર્થ, અપરોક્ષ અનુભવ. પણ પ્રેઝન્સનો એવો જે મહિમા હ્યુસેર્લે કર્યો એ બાબતને દેરિદાએ પડકારી છે. પોતાનું મન્તવ્ય દર્શાવવા દેરિદાએ trace અને absence વિભાવો રજૂ કરીને જણાવ્યું છે કે અર્થ એમ અનુભવાય નહીં કેમકે એ બદલાતો રહેતો પદાર્થ છે, વળી, જે હાજર નથી એ અનુપસ્થિતનાં ‘નિશાન’ લઈને આવ્યો હોય છે; કદી પૂરા સ્વરૂપે હોતો નથી.

2

દેરિદાએ બીજું મહા મન્તવ્ય એ ઉચ્ચાર્યું કે - there is nothing outside the text. (ફ્રેન્ચ - Il n'y a pas de hors-texte). ટૅક્સ્ટ બહાર કશું નથી. તાત્પર્ય, આખું વિશ્વ એક ટૅક્સ્ટ છે. એ infinite અને boarderless ટૅક્સ્ટ છે, એને નથી સીમા કે નથી અન્ત. જોકે એથી જ આપણે વિશ્વને સમજી શકીએ છીએ કેમકે માનવીય અનુભવની સમગ્રતાને આવરીને બેઠી છે એ ટૅક્સ્ટ. (‘ટૅક્સ્ટ’ શબ્દનો ગુજરાતી પર્યાય ‘પાઠ’ ‘વાચના’ કે ‘કૃતિ’ હું નહીં પ્રયોજું કેમકે અહીં નભી શકે એમ નથી, કોઈક સ્થાને નભશે ત્યારે પ્રયોજીશ.)

માણસને પોતાની ભાષામય પરિસ્થિતિ અસ્તિત્વબોધ સંદર્ભે યોગ્ય લાગતી હોય તો એને સમજાઈ જવું જોઈશે કે એ પરિસ્થિતિ એક ટૅક્સ્ટ છે અને ‘વાંચી’ શકાય એવી છે, એને ‘વાંચવી’ એ એનું માનવીય કર્તવ્ય છે. એના કોઈપણ અંશને ‘વાંચી’ શકાય છે, વિશ્લેષણ કરી શકાય છે. એ માટેના ઉપકરણને દેરિદા deconstruction કહે છે. તદનુસારનું વિશ્લેષણ કોઈપણ સમયમાં કોઈપણ બાબતની ઉચિત સમજ માટે ચાવીરૂપ તેમજ ઉપકારક નીવડી શકે છે. વિઘટન-વિચારની એ સાર્વત્રિક સર્વકાલીન લાક્ષણિકતાને કોઈપણ ભાવિ ફિલસૂફી નામશેષ નહીં કરી શકે.

(ક્રમશઃ)

■

# કવયિત્રી દક્ષા વ્યાસનું કાવ્યવિશ્વ

પન્ના ત્રિવેદી

દક્ષિણ ગુજરાતના એક ખૂણે બેસીને જેમણે સાહિત્ય અને સેવાના ક્ષેત્રે વિશેષ યોગદાન આપ્યું છે તેવાં દક્ષા વ્યાસનું નામ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે વિશેષ રૂપે સંશોધક-વિવેચક તથા અનુવાદક રૂપે પોંખાયું છે. કળાનાં ક્ષેત્રોમાં બને છે તેમ એક નામ કોઈ એક ક્ષેત્રે વિશેષ રૂપે ગણનાપાત્ર થવા માંડે પછી અન્ય ક્ષેત્રમાં કરેલ યોગદાન તરફ જોનારનું ધ્યાન ઓછું જ જાય છે. કવયિત્રી દક્ષા વ્યાસના સંદર્ભે પણ આમ થવા પામ્યું છે. પચાસથી વધારે વર્ષની તેમની લેખનયાત્રા રહી છે, દક્ષિણ ગુજરાતના એક ખૂણે રહીને અપેક્ષા-ઉપેક્ષાથી પર રહીને તેઓ નિરંતર સાહિત્યિક યોગદાન આપતાં રહ્યાં છે. કિન્તુ સાહિત્યિક પટ તરફ દૃષ્ટિ કરતાં જે રીતે આ યોગદાનની નોંધ લેવાવી જોઈએ તે રીતે નોંધ લેવાઈ નથી. તેમની પાસેથી આપણને ત્રણ કવિતાસંગ્રહ પ્રાપ્ત થયા છે. વર્ષ ૧૯૯૯માં 'અલ્પના', વર્ષ ૨૦૧૩માં 'પગલાં જળનાં' વર્ષ ૨૦૧૭માં 'તરસ ટકોટક'. ત્રણેય પુસ્તકોમાં થઈને કુલ કાવ્ય ૧૭૪ છે. તે સિવાયની અગ્રંથસ્થ કવિતાઓ તો અલગ. કુલ લગભગ ત્રણસો જેટલી કવિતાઓ તેમની પાસેથી પ્રાપ્ત થાય છે. પચાસ વર્ષનાં આટલાં વર્ષોમાં પ્રથમ સંગ્રહ આટલો મોડો મળે છે તે પણ આશ્ચર્ય જ. તેમના ધૈર્ય માટે તેમને વધામણી જ આપવી ઘટે. ભગવતીકુમાર શર્માએ તેમનાં માટે કહ્યું હતું : 'જો તેમણે જરાક અવાજ ઊંચો રાખ્યો હોત તો આજે તેઓ ગુજરાતી ભાષાનાં પ્રકાંડ વિદુષી અને અગ્રણી કવયિત્રી તરીકે અવશ્ય પોંખાયાં હોત; પણ સાચી સર્જકતા આવા તેવા કશાની ખેવના કરે જ શાની?' વાત ખૂબ સાચી છે.

દક્ષાબહેનનું નામ આમ તો તેમનાં અદ્વિતીય સંશોધનકાર્ય 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતા'થી જાણીતું બન્યું. એમની કવિતાઓનો સાદ્યંત અભ્યાસ કરતાં કેટલાંક મહત્ત્વપૂર્ણ નિરીક્ષણો પ્રાપ્ત થાય છે. પ્રથમ વિસ્મય તો એ કે તેમની કવિતામાં આધુનિક અને અનુઆધુનિક એમ બંનેનો સૂર પમાય છે. આરંભે જાત અને જગત માટેના અગણિત પ્રશ્નો છે, અસ્તિત્વ વિશેની મથામણ છે પણ તેય મુકાય તો છે અનુઆધુનિક રીતિમાં. તેમની કવિતાઓ દુર્બોધતાથી જોજનો દૂર છે પણ નવ્ય કલ્પનોથી સમૃદ્ધ રહી છે. એ ખરું કે પહેલા સંગ્રહની કવિતાઓ કંઈક ગદ્યની વધુ નિકટ અનુભવાય છે પણ ત્રીજા સુધી આવતાં આવતાં પદ્યલય બરાબર અંકાય છે. દક્ષાબહેનની કલમે અછાંદસ, ગીત, સૉનેટ,

હાઈકુ, બાળકાવ્યો, સંવાદકાવ્યો સાંપડે. જેમ કે ‘આ અષાઢે’ કે ‘ખોળે જનનીને’ જેવાં શેક્સપિયરશાઈ સૉનેટ છે તો ક્યાંક હાઈકુ છે, ક્યાંક ‘રાત પડે ને’ જેવાં સંવાદકાવ્ય છે તો ક્યાંક ‘માડી મારે’ જેવાં બાળકાવ્ય પણ છે, પણ અછાંદસ કવિતાઓ અધિક માત્રામાં મળે છે. ક્યાંક ક્યાંક છંદપ્રયોગ પર કલમ અજમાવી છે. જેમાં શિખરિણી, મંદાક્રાન્તા, સવૈયા અને વનવેલી મનનીય બની રહે છે. ક્યારેક શિખરિણી તથા મંદાક્રાન્તાના મિશ્ર છંદના કાવ્યપ્રયોગ પણ ‘હવે ના સ્હેવાતું’ રૂપે મળે છે, પણ વિશેષ તો અછાંદસ કાવ્યો જ પ્રાપ્ત થયાં છે. અછાંદસ કાવ્ય તરફના ઝોકનું કારણ એ પણ હોય કે તેઓ ‘સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતા’ પર મહાશોધનિબંધ કરી ચૂક્યાં છે એટલે એ તરફ ખાસ ઝોક હોય એ સહજ છે. સંભવ છે કદાચ એટલે જ પ્રારંભિક સમયે અનુભૂતિ સંવેદન મહદ્અંશે આધુનિક યુગનું રહ્યું હશે પણ અભિવ્યક્તિનું માધ્યમ અનુઆધુનિક શૈલીનું રુચ્યું હશે - સહજ, સરળ અને પ્રવાહી રીતિનું.

‘કવિતા કોળે છે, સુખની વેદનામાં’ કહેતાં દક્ષાબહેન સુપેરે જાણે છે કે કાવ્યતત્ત્વનું સુખ પણ આખરે તો વેદનાના ભોગે જ મળે છે. તેમની કવિતાનો પ્રધાન સૂર વિષાદ અને વેદના રહ્યો છે. એક રીતે એમની કવિતા અંગત સ્તરે વધુ વિસ્તરી છે પણ ક્યાંક કયાંક તત્કાલીન સમયનો દસ્તાવેજ પણ મળી રહે છે. એવાં કેટલાંક કાવ્યોનાં વિષયોની નોંધ લેવી રહી. આપણે ત્યાં સુરતમાં અથવા કહો કે દક્ષિણ ગુજરાતમાંથી કેટકેટલા કવિઓ કવિતા સાથે કામ પાર પાડે છે પણ ભાગ્યે જ ટેક્ષટાઇલ માર્કેટમાં સાડી પ્રિન્ટિંગ કે ભરત ભરવાનું કામ કરનારા ગુજરાત બહારના બાળમજૂર – કામદારવર્ગની પીડા તરફ કોઈનું ધ્યાન ગયું હશે. સુરત ગુજરાતીઓ જેટલું જ ‘નૉનગુજ્જુ’નું શહેર પણ બની ગયું છે. રાજસ્થાની, મારવાડી કે યુપી-બિહારનું લોક સાડીવર્કમાં કે અન્ય વ્યવસાયમાં લાગ્યું છે. ‘મહેનતની રોટી’માં સાડી કટાઈના કામે આવેલ બાળમજૂર વર્ગની પીડા નિરૂપિત થઈ છેઃ

**એમણે / ખાખી વર્દીવાળાઓએ / પકડી લીધો હતો / બંધ કર્યો હતો કોઈ કમરામાં / કાકા ભાઈ સાથે આવ્યો’તો દેશથી / લાવ્યા’તા સાડી કટાઈના કામમાં...**

દક્ષાબહેને બાળકો તથા સ્ત્રીઓની ઉન્નતિ માટે ખાસ્સું કામ કર્યું છે. સ્વાનુભૂતિનો રણકો અહીં ન પમાય તો જ નવાઈ. અલબત્ત આ કવિતા કાવ્યશિલ્પની રીતે એક વિચાર માત્રમાં અટકી ગઈ છે પણ વિષયની દૃષ્ટિએ આ કવિતા ચોક્કસ ધ્યાન ખેંચે છે. સંસારના સંબંધોના રંગો ઊડતા જાય ત્યાં એક કવિ હૃદય શું અનુભવે? ‘રમત’ કવિતામાં સામાન્ય બોલચાલનું વાક્ય લઈને આરંભાતી કવિતા વેધક કટાક્ષ કરે છે :

**આ તો કશું નથી’ની રમત / કોઈ કોઈ દિ’ તો રમાય / - રમવી ગમે / પણ એ પળે પળે રમાય?**

‘આ કશું નથી’ની રમતનાં ભયસ્થાનો કેવાં છે તેની વાત કરે છે. સંબંધોના રંગ ઊડવાના જ એવી ભ્રમણા કોઠે પાડવા જેવી ખરી? જ્વાળામુખી ફાટી નીકળે, ધસમસતાં પૂર આવે, રેલગાડી ઊથલી પડે, ફાટક ખૂલતાં માણસ કપાઈ જાય.... જાણે કશું જ બન્યું ન હોય.. જાણે લોકો આથી મોટી વિપદાની પ્રતીક્ષા કરતા થઈ ગયા હોય એમ સાવ

સહજમાં બોલતા હોય – આ તો કશું જ નથી! પણ કવયિત્રીનો સવાલ છેઃ ‘ત્યાં આવડું અમથું કાળજું કપાય તેની શી વિસાત?’

દક્ષિણ ગુજરાત જેવી બારેમાસ રસાળ ભૂમિમાં કોઈ માણસ કવિ હોય અને પ્રકૃતિ કાવ્યો ન મળે એમ તે કેમ બને? વૃક્ષપ્રીતિના ‘સંબંધ’, ‘વૃક્ષ થવું છે મારે’, ‘વૃક્ષને વાચા’ તથા ‘વૃક્ષોપનિષદ’ જેવાં કાવ્યોમાં અનન્ય પ્રકૃતિ રાગ મળી આવે. કાવ્યસર્જન – સિસૃક્ષાનાં પણ કેટલાંક કાવ્યો માણવા યોગ્ય બન્યાં છે. દક્ષા વ્યાસની કવિતાઓમાં એક વિશેષ રૂપ તે આધુનિક સંવેદનનું. આ રૂપ જે રીતે ઘૂંટાઈ આવ્યું છે તે માણવા જેવું છે. સુખ અને દુઃખ, આનંદ અને વેદના, આગ અને દ્વેષભરી દ્વંદ્વની આ દુનિયામાં ક્યારે, શું અને કઈ રીતે અદલબદલ થઈ જાય છે તેની ખબર ન પડવાની મૂંઝવણ ‘દ્વંદ્વ’ કાવ્યમાં છે. ‘બને ખરું?’ કાવ્યનો પ્રશ્નાર્થ મહત્ત્વનો છે - મારાથી મારી વેદનાને જુદી તો કેમ લહું? આપણને સિસિફસની સ્મૃતિ જરૂર થાય. આપણી વેદના જ આપણું ‘હોવું’ છે અને મનુષ્યનું ‘હોવું’ જ તેની પીડાનું કારણ છે. તો ‘જન્મની ક્ષણ’ કવિતામાં પોતે પોતાને સાક્ષી ભાવે જોઈ રહે છે અને પ્રશ્ન પૂછે છે ‘હું પોતે જ ક્યાંક જન્મી રહી તો નથી ને?’ તેનો એક બીજો અર્થ એ જ કે વર્તમાનમાં તો જીવન નથી જ... ‘જંગલી’ કવિતામાં મનુષ્યની આદિમવૃત્તિ પર પણ કદાચ કટાક્ષ છે :

**લો, / જંગલમાંથી નીકળી ગયો છું હું બહાર પણ / જંગલિયત / કેડો ક્યાં મૂકે છે ધરાર? / ખરેખર નીકળી શકાય કે જંગલ બહાર?**

આ જંગલ કદાચ સિતાંશુ યશશ્ચંદ્રના ‘જટાયુ’ના જંગલથી જુદું છે છતાં અહીં પણ લીલા અંધકાર વચ્ચે આપણી ભીતરની આદિમ પશુતા આપણો કેડો મૂકતી નથી, એવો એક સંકેત ચોક્કસ જોઈ શકાય.

એક રીતે કહી શકાય કે માણસના જીવનનું બીજું નામ જ શોધ છે. અહીં કવયિત્રી કવિતાની શોધ આદરે છે. પણ શું હાથ લાધે છે? ‘કવિતાની ખોજ’માં વર્તમાન જગતની આ શૂન્યતાનો નિર્દેશ થયો છેઃ

**દર દર ભટકું છું / કવિતાની ખોજમાં / ‘ક્યાં છે કવિતા?’ / ખૂંદી વળું છું / આખો ને આખો હેમાળો / ડહોળી દઉં છું આખો ને આખો દરિયો / પંખીઓને પૂછું છું / ને વનરાજીમાં ઢૂંઢું છું / ક્યાં છે કવિતા? / – ઈશ્વરની અસીમ કૃપા?**

‘ક્યાં છે?’ આ ‘ક્યાં?’, ‘ક્યાં?’, ‘ક્યાં?’નો પડઘો નિરંતર સંભળાય છે. આધુનિક સમયમાં ઈશ્વર ક્યાં? આવો પ્રશ્ન આ કવયિત્રી જરાક જુદી રીતે પૂછે છે. દ્રુપદપુત્રી દ્રૌપદીને વરવા અર્જુને મત્સ્યનો લક્ષ્યવેધ તો કર્યો પણ કુંતીના એક આદેશથી દ્રૌપદી પાંચ ભાઈઓમાં વહેંચાઈ. તો આ લક્ષ્યવેધ હકીકતમાં તો અર્જુન માટે સ્વત્વવેધ જ બની રહ્યો! આધુનિક અર્જુન ક્ષણે ક્ષણે વહેંચાયેલો છે, ખૂણે ખૂણે વહેંચાયેલ છે. આજનો અર્જુન પણ ક્ષણે ક્ષણે સહી રહ્યો છે સ્વત્વવેધ પણ કૃષ્ણ ક્યાં? દ્રૌપદીના રક્ષણ કાજ પણ કોઈ સખા આવવાનો નથી એ ન્યાયે દ્રૌપદીના ભાગ્યમાં પણ સ્વત્વવેધની વેદના જ લખાયેલ છે. ‘અલ્પના’ કાવ્યસંગ્રહથી શરૂ થયેલ આ પ્રશ્ન ‘પગલાં જળમાં’ પણ સાદ્યંત બની રહે છે.

'તારું – અમારું' કવિતાનું ભાવ સંવેદન જ ફરી ફરીને ઘૂંટાય છે, પણ આ વખતે તીવ્ર સ્વરે પ્રશ્ન પુછાય છે એ 'એ કોણ?' કવિતામાં.

**અથ ને ઇતિમાં / ઇતિ ને અથમાં / થાપે છે ઉથાપે છે / ઉથાપે છે થાપે છે / એ કોણ?**

'કેવું લાગે?' કવિતામાં ભર્યા એકાંતથી માણસ સંતૃપ્ત હોય અને એકલતા અંધારી ઘેરી વળે, ઝળહળ પ્રકાશ વચ્ચે હો અને અચાનક વીજત્રાટકા વચ્ચે અંધારું છવાઈ જાય. એકાંત અને એકલતા વચ્ચેના મૂળભૂત ભેદને કવયિત્રી બરાબર તાગે છે. 'એમ કેમ?' કવિતામાં ક્યાંય ન પહોંચી શક્યાની વેદના અભિવ્યંજિત થઈ છે.

**સાંજે સાંજે બહાર નીકળું છું / કિન્તુ ક્યાંય જવાતું નથી / ડગ ભરું છું / ને ગળે વળગી જાય છે / આડિયું...**

ખરેખર તો આ 'આડિયું' લીલું ઘાસ ચરવા નીકળેલી ગાય સાથેના સંદર્ભમાં છે. પણ આ 'આડિયું' અટવાતું રહે છે. ક્યારેક બધું જ હેમખેમ હોય અને તોય ક્યાંય જવાતું ન હોય... એમ કેમ? આ પ્રશ્ન સ્થગિતપણાનો ભાવ ઉદાસીન બનાવે છે. 'આડિયું'નો કેવો બહોળો અર્થ અહીં પમાય છે! 'અહીં આ' કવિતામાં પણ ઉદાસીન, એકલતા અને અભાવનો ભાવ ઘૂંટાતો જોઈ શકાય છે. કૅલેન્ડરના પાને ભયાવહ સ્થગિતતા છે, હવા સ્થગિત છે, જળ સ્થગિત છે... આખી પૃથ્વી જાણે 'ઇથર ઇથર ઇથર... દરિયો દરિયો દરિયો' અને અસ્તિત્વ? સરતું, તરતું, ડૂબતું જાણે કે ફુગાયેલું શબ...!

દક્ષાબહેનની કાવ્યસૃષ્ટિનો આરંભ તો મહદ્‌અંશે પ્રશ્નોથી થાય છે, અનેક કાવ્યોનાં શીર્ષકોમાં પણ આ પ્રશ્નાર્થ યથાવત્ રહે છે પણ કાલાંતરે ત્રીજા કાવ્યસંગ્રહ સુધી પહોંચતાં પહોંચતાં આ પ્રશ્નો, આ સંશય, આ રોષ, આ ફરિયાદ, આ આધુનિક ચેતના – બધું જ જાણે કે આધ્યાત્મિક ચેતનાના અસીમ સમુદ્રમાં ભળી જઈ વિરમી જાય છે. અધ્યાત્મનો આ મધુરો સૂર અછાંદસથી લઈને ગીતમાં, સૉનેટમાં વિરમે છે. જીવન જાણે એક પોતીકું ગીત શોધી લે છે; 'દરશનની લહે મુને લાગી મારા 'વા'લા, કરું દિનરાત કાલાવાલા...', 'પરિત્રાણ'માં કહે 'ના રહ્યું કશું શેષ', 'ભલે, ના આવે' કાવ્યમાં ઈશ્વરને કહી દે છે 'તમે ન આવો તો હું જ તમ કને આવું હમણાં...' 'તરસ ટકોટક લાગી રે' કે 'ઝીણા ઝીણા નાદે ઝાલર વાગે ધોળી ધજાયું એ' આ કવયિત્રીએ ધોળી ધજા જોઈને જાણે એક અણધારી યાત્રા આરંભી છે અને ચાલી નીકળી છે એક 'અજાણ્યે મારગ' એટલે આ કવયિત્રીને હવે નથી જોઈતો પડાવ કે નથી જોઈતું કોઈ ઘર.

અલબત્ત દક્ષાબહેનની કવિતાઓનું મૂળ કુળ તો પ્રેમ અને વેદના. ત્રણેય સંગ્રહમાં પ્રણયના વિધવિધ ભાવો, પ્રણયઉન્માદ, પ્રણયની રહસ્યમયતા, પ્રણયવૈફલ્ય તથા વિષાદના ભાવો અનેક રૂપે અનેક કાવ્યોમાં અંકે થાય છે. 'સાગર સખાને' કાવ્યમાં મત્સ્યગંધથી યોજનગંધ બન્યા સુધીના ભાવાવેગ છે. આ સાગરમાં ઊંડું ઊતરવું છે છતાં ઓગળવું નથી. 'વિદાય વેળાએ' જેવી કવિતામાં કવયિત્રી પ્રશ્ન પૂછે છે : 'ક્ષણના એ સ્તંભ પર કેટલાં યુગો ઊભા રહી શકાય?' ન મળ્યું એનો કોઈ રંજ નથી. ભીતર એક

અલાયદી યાત્રા છે. 'ગાડી' કવિતામાં આ વેદનાની જે પરાકાષ્ઠા પમાય છે તેની વ્યંજના માણવા સમાન બની છે. કવયિત્રી કહે છે કે તે દિવસે એટલે કે કોઈ એક દિવસે આમ તો કશુંય બન્યું નહોતું... ગાડી ઊપડી ગઈ હતી એટલું જ... ગાડી ઊપડી જવાની ઘટના આમ તો કોઈ ઘટના નથી. ગાડી આવે એટલે ઊપડે જ એમાં કશું નવું પણ નથી પણ આ પંક્તિમાં 'એટલું જ'નું મહત્ત્વ છે. એમાં જે થડકો છે તે શૂળ સમો છે. ગાડી અહીં સમયનું, ક્ષણનું કહો કે પ્રેમનું પ્રતીક બને છે. આ ઉપરાંત 'ભાર', 'ચાહવું', 'ડાઘ', 'મળવું', 'પ્રેમ નામનો પદારથ', 'નિયતિ?' 'પુનરપિ' જેવાં અનેક કાવ્યોમાં પ્રણયનું ભિન્ન ભિન્ન સંવેદન અનુભવાય છે.

મહદ્અંશે જ્યારે કવિ સ્ત્રી હોય ત્યારે નારીકેન્દ્રીની અપેક્ષા સહેજે હોય, એવી ધારણા સહજે બાંધી લઈ શકાય. અહીં આશ્ચર્ય એ વાતનું થાય કે અહીં તેમની કલમે સ્ત્રીકેન્દ્રી કાવ્યો ઓછાં જ મળ્યાં છે અને જે મળ્યાં છે તેમાં 'ફેમિનિઝ્મ'નો મુખર સ્વર નથી. 'તું સાગર છે'માં પુરુષને સાગર રૂપે સંબોધ્યો છે. તેના પ્રચંડ આવેગમાં ખેંચાવું એ મિલનનું એક પરિણામ એય વિયોગ જ ને?' 'અલ્પના' સંગ્રહનો આ જ ભાવ 'પગલાં જળનાં'માં જરાક જુદી રીતે આવ્યો છે. અનુઆધુનિકતાની સીધી અસર નથી, પણ અંગત અનુભૂતિનો તારતમ્ય પમાય છે. 'ક્યાં છે કવિતા'માં એક સ્ત્રીની કવિતાઓ ખોવાઈ ચૂકી છે. – ક્યાં? અનાજ-વસાણાના ભંડકિયામાં, ચા-નાસ્તાના ટેબલ નીચે, બજારની લાંબી લચક યાદીમાં, ખબરઅંતરની જટાજાળમાં, પતિ પરમેશ્વરની આસનાવાસનામાં, સાસ-શ્વશુરની સેવાચાકરીમાં, વ્હાલાંદવલાંની આંટીઘૂંટીમાં, દેવના દીધેલના રુદન-હાસ્યમાં... આ સંતાયેલી કવિતા ભટકાયા કરે છે કવયિત્રીને કયા રૂપે? – 'મારા પડછાયાનો બુરખો ઓઢી..' પણ દક્ષા વ્યાસ ખરેખર રસોઈ કાવ્યમાં મ્હોર્યાં છે. આ કવિતા રસોઈની પ્રક્રિયા સાથે 'એ'ની પ્રતિક્રિયાનું કરેલ સંનિધીકરણ નોંધપાત્ર છે. ગુંદી ગુંદીને લોટની કણક બંધાઈ ચૂકી હોય, માખણ સમ પિંડ થઈ ચૂક્યો હોય, ચીપિયાને કારણે ફુલાવવા મૂકેલ રોટલી પર ડાઘ અંકાઈ ગયો હોય ને તોય રોજ બેચાર ખરીખોટી સાંભળવાની હોય એય રાબેતા મુજબ.. ને સ્ત્રી નક્કી કરે કે આજે એક પણ ખામી ન નીકળે એવી ટેકે કામ કર્યું હોય ત્યાં જ 'એ' એટલે કે પુરુષ તેને કહેવાનો – 'આજે હું જમવાનો નથી' કે 'આજે આવતાં મોડું થશે..'

પ્રણયની જેમ જ મૃત્યુવિષયક કાવ્યો પણ અહીં અનેક મળ્યાં છે. મૃત્યુ એક ગહન કોયડો છે. કોઈકે પોતાની રીતે મૂલવ્યો છે, કોઈકે ઉવેખ્યો છે પણ કોઈએ ઉખેળ્યો તો નથી જ. પણ કવિઓ કે કલાકારોના મૃત્યુ અંગે ચિંતન ભિન્ન ભિન્ન રૂપે પ્રગટ થતું રહે છે. 'નિર્માણ' કવિતામાં 'પ્રિય! કાલ ભગવાનનાં જડબાંમાં જકડાઈ ગયા પછી અક્ષત રહેવું જ અશક્ય' કહી નિયતિકર્તાનો વિજય અને મનુષ્યની વિવશતા પ્રગટ થઈ છે. આ મૃત્યુના આગમનનું એક રૂપ કેવું હોઈ શકે? તે તો 'ગંજીપો' કવિતામાં સરસ રીતે મૂકી આપે છે. આપણે ઘરના એક ખૂણે સહીસલામત રહીને ગંજીપો ચીપીએ, પત્તા પર પત્તું ગોઠવાતા જઈએ. રસોડું દીવાનખાનું, શયનખંડ વરંડો, મેડી, ઝરૂખો - બધું જ અકબંધ લાગે ને સાવ એકાએક કોઈ તોફાની બાળ આવીને આખો મહેલ કડડભૂસ કરી નાંખે એમ મૃત્યુ અર્થાત્ કાળ રૂપી બાળ આવીને એક ક્ષણમાં વેરવિખેર કરી નાંખે છે. 'અમૃતફળ'

કાવ્યમાં મનુષ્યની સીમા રેખાંકિત કરી છે. આજનો મનુષ્ય પોતાને ગમે તેટલો પ્રબુદ્ધ કહેવડાવતો હોય પણ મૃત્યુને ઓળખવામાં સદાય તેનો પનો ટૂંકો જ રહ્યો છે. જીવન જાણે કે અમૃતફળ જેમ ફાવે તેમ આસ્વાદ્યા જ જાય છે, પણ કાળનો કીડો ક્યારે આવી જશે – આપણે સહુ એ પરીક્ષિત છીએ જેને પરીક્ષા કરતાં આવડતું નથી.

વ્યક્તિવિષયક કાવ્યોમાં મા, આદરણીય ગુરુ જયંત પાઠક કે હીરાબહેન પાઠક વિશેનાં કાવ્યો નોંધપાત્ર છે. મા માટેનો વિશેષ લગાવ, સ્નેહ 'મા', 'નિરાંત', 'આપણો સંબંધ', 'માને', 'માવડી', 'એ લોકોએ', 'કબંધ' જેવી એમની અનેક રચનાઓમાં સાંપડે. 'મા' કવિતામાં માના ત્યાગ અને સમર્પણને નર્યા કાવ્યત્વથી મઢે છે. ઘર માટે જાત ઘસી નાંખતી માના સમર્પણને બુલંદ અવાજે નહીં પણ કુટુંબરાગ માટે ઇચ્છાત્યાગ કરતી મા કોઈ વાદ જોતી નથી. 'પ્રભુને ગમ્યું તે ખરું'માં અહીં પ્રભુ માના અર્થે પણ પામી શકાય. જયંત પાઠક માટેનો આદર એમની કવિતાઓમાં વિશેષ જોઈ શકાય. 'દેવપુરુષ'માં ગુરુ સામાન્ય પુરુષ નહીં પણ દેવપુરુષ રૂપે અનુભવાય છે. હીરાબહેન પાઠક માટે લખેલું કાવ્ય 'પરલોકવાસી હીરાબહેનને' કાવ્ય મનનીય બન્યું છે. કવિ જયંત પાઠકનું હુલામણું નામ બચુ હતું અને તેમણે એક કાવ્ય લખેલું 'બચુભાઈનો પત્ર – સ્વર્ગના આંખ દેખ્યા હાલ' જેના ઉત્તરમાં કવયિત્રીએ 'સરગપરીમાં બચુભાઈને સ્મૃતિપત્ર' કવિતા આપી છે. એ જ રીતે એમની કલમે લખાયેલ પ્રથમ કવિતા પ્રિયકાન્ત મણિયાર વિશે લખાયેલ તે અંજલિકાવ્ય. તે પણ જોવા જેવું છે. કવયિત્રીએ 'જીવતરની જાગીર' કાવ્યની જેમ અહીં પણ પ્રિયકાંત મણિયારની કવિતાઓના સંદર્ભો કાવ્યમાં ગૂંથી લઈ નવો જ અર્થ પ્રગટાવ્યો છે :

**પ્રિયકાન્ત! ઓ પ્રિયકાન્ત! / પહોંચી ગયો ને અતલાંત? / અરે મણિયારા!**
**હજી તો પે'રવા બાકી હતા / કેટકેટલી કવિતાના ચૂડલા તારા!**

આ કવયિત્રી નવી કલ્પનસૃષ્ટિ લઈને આવે છે, તે અનેરું મૂલ્ય છે. જેમ કે સમયની સાળ, કોકરવાયાં કિરણોની કોર, તણખલાંનો બોજ, બ્રહ્મતસની ગેરુરંગી હેલી, સૂર્યપાંખથી ખરખર ખરતી રેતી, શબ્દોની સાણશી, નેત્રની નીલગાય / સુંવાળા સહચાર તણા ચાસ, પીઠી ચોળ્યા પ્રેમપત્રનાં ડૂંડેડૂંડાં, અંધકારનું રીંછ... જેવાં અનેક દૃષ્ટાંતોમાં તાજગી અનુભવાય છે. અલબત્ત એવું પણ નથી કે તેમનાં બધાં કાવ્ય 'કાવ્યકલા'ની દૃષ્ટિએ કાવ્ય બની રહે છે. કેટલીક રચનાઓનું કાવ્યશિલ્પ શિથિલ જણાશે. કેટલીક રચનાઓમાં ગુજરાતી લય – પ્રાસનો કૃતક વિનિયોગ પણ દેખાશે કે કેટલીક રચનાઓમાં કાવ્ય માત્ર વિચાર રૂપે અનુભવાશે પણ ખરી ઉપલબ્ધિ એ જ કે જેને ખરેખર 'કાવ્ય' કહી શકાય એની સંખ્યા માતબર છે. સાથે એ પણ નોંધવું રહ્યું કે દક્ષાબહેને અનુવાદક્ષેત્રે વ્યાપક ફલક પર કાર્ય કર્યું છે. એટલે ભારતીય કવિતા સાથે તેમનો સીધો સંપર્ક રહ્યો છે. પણ ઘણી રચનાઓમાં બિનજરૂરી રીતે પ્રવેશી ગયેલ હિન્દી-ઉર્દૂ શબ્દો કાવ્યત્વને, ગુજરાતી લય – પ્રાસને હાનિ પણ પહોંચાડે છે. દા.ત. દસ્તક, તડપન, દર દર, હલકીફૂલકી હવા, અંજામ, અપાહિજ, આંધી, ચકાચૌંધ, વાબસ્તા, ઇશ્ક, મદહોશીમાં, શમા, પપીહા, અમાનત, અહેસાસ, અનાડી, ખ્વાબ ઇત્યાદિ.. તો સામે ક્યારેક વિશિષ્ટ ગુજરાતી શબ્દો

માણવાનો આનંદ જ અનેરો નીવડે છે. પંડ-વરમંડ, અદ્‌બદ, તુલનાવું, તીર – તિમિંગલ તાતાં, લીલવાઈ જવું, અંઘોળવું , અતલાંત ઇત્યાદિ. યાદી લંબાવી શકાય.

કવયિત્રી દક્ષા વ્યાસની કવિતા એક વિશેષ ભાવસૃષ્ટિ ધરાવે છે. તેઓ કહે છે તેમ એમની કવિતા તેમને મન જાત સાથેની વાતચીત છે. એમના હોવાપણાનો એક આગવો અર્થ છે. એટલે જ દંભના આવરણ વિના સચ્ચાઈનો રણકો સ્વાભાવિક જ પમાય છે. જાત સાથે કોણ દંભ કરી શક્યું છે? કદાચ એટલે જ આ કાવ્યોએ અંગતથી બિનંગત પથની યાત્રા આટલી સાહજિકતાથી કરી જાણી છે. જેની સાહેદી ‘એ તો’ કાવ્ય દ્વારા મળી રહેશેઃ

**મારી કવિતા / આમ તો છે / જાત સાથેની વાતચીત / તમને / એ / તમારી પોતાની લાગે / એ તો / પરમાત્માએ / એક કાળે / ઉચ્છ્વાસમાં / પૃથ્વી પર છોડેલા / પ્રાણવાયુને / શ્વાસમાં ઝીલવા જેવી / થઈ વાત !**

■

### પાણીમાં ગાંઠ પડી

*સૈ, મેં તો પાણીમાં ગાંઠ પડી જોઈ.*
*ડેલી ઉઘાડ, મારું બેડું ઉતાર, કાળ ચોઘડિયે મેં સૂધબૂધ ખોઈ*
*સૈ, મેં તો પાણીમાં ગાંઠ પડી જોઈ.*
*પહેલાં તો એકધારી વહેતી’તી ગંગા ને પાણીનો રજવાડી ઠાઠ!*
*ઓણસાલ નદીયું નજરાઈ ગઈ એવી કે પાણીમાં પડી મડાગાંઠ*

*મરચાં ને લીંબુ કોઈ નદીએ જઈ બાંધો*
*પાણીમાં હોય નહીં બળિયા કે સાંધો*
*ડાકલા બેસાડીને ભૂવા ધૂણાવો કે પાણીને સીવી ગયું કોઈ*
*સૈ, મેં તો પાણીમાં ગાંઠ પડી જોઈ.*

*જાણતલ જોશીડા ઘાટે પધાર્યા ટીપણું ખોલીને વદ્યા વાણી*
*જળને જન્મોતરીમાં બરફ નડે છે ને બરફને કુંડળીમાં પાણી!*
*હવે જળની મુસાફરીમાં નડતર બરફ*
*હવે પાણી પણ કાઢતું નથી એક હરફ*
*ફળિયામાં સાદડી બેસાડીને પૂછો કે આંખ્યું મેં ક્યાં જઈ ધોઈ?*
*સૈ, મેં તો પાણીમાં ગાંઠ પડી જોઈ.*

*–અનિલ જોશી*

# ધીરુબહેન પટેલનું ભાષાકર્મઃ

પિંકી પંડ્યા

“બા તો કહે કે ભણવાનું છોડી દે તો છોડી દઈશ? ડૉક્ટર નથી થવું? અમેરિકા નથી જવું? બૈરાંઓનું કહ્યું કરવા માંડીશ તો ત્રણ ટકાનો થઈ જઈશ - કંઈ અક્કલ છે કે નહીં? ચાલ, ઊઠ! ને થઈ જા હૉસ્ટેલ ભેગો.”

‘પણ બા-’

“વારુ, તો બાને વળગી રહે. કાલથી ફી કે ચોપડા કે કપડાં કે એકે વાતના ખરચ માટે મારી પાસે આવતો નહીં. સમજ્યો? તને બા જ ભણાવશે-બા જ અમેરિકા મોકલશે. બાની પાસે પટારા ભર્યા છે - જજે બા પાસે - નાલાયક!” (‘કાદંબરીની મા’ પૃ. ૫૪)

આ એક સંવાદ વાંચતાં જ બોલનાર પાત્રના વ્યક્તિત્વના કેટકેટલા અંશ ભાવકના ચિત્તમાં સ્થાપિત થઈ જાય છે! – સ્ત્રીઓ માટે તિરસ્કાર, બા – માતા માટે અવહેલના, પૈસાનો – પોતાના વર્ચસ્વનો અહમ્, તુમાખી... !

એક પાત્રના વ્યક્તિત્વને એક સંવાદમાં આલેખી શકનાર ધીરુબહેન પટેલે અનેક સાહિત્યસ્વરૂપો ખેડ્યાં છે. તેમનાં બાળકાવ્યો અને બાળનાટકોની ભાષા અલગ છે, તો રેડિયોનાટક અને ભવાઈનું ભાષાસ્વરૂપ અલગ છે. લઘુનવલ સંદર્ભે તો કહેવાય છે કે તેનું તો મુખ્ય પ્રયોજન જ અસાધારણ કે વિલક્ષણ પરિસ્થિતિમાં મુકાયેલ વ્યક્તિની પ્રતિક્રિયાઓનું આલેખન કરી તેના મનોગતનું મર્મદર્શન કરાવવાનું હોય છે. તેથી તેની ભાષા પણ પાત્રના મનોભાવોને ઉપસાવી શકે તેવી હોવી જોઈએ, પરિસ્થિતિની વિલક્ષણતા ખોલી આપનારી હોવી જોઈએ.

‘રોશનીથી ઝળહળતા ખંડમાં જામેલી મહેફિલમાં બહારના અંધકારમાંથી ઊડીને આવેલું પક્ષી એક બારીએથી પ્રવેશી બીજી બારીએથી નીકળી જાય એટલા સમયની આ વાત’ (આગન્તુક) - કૃતિનું શીર્ષક વાંચીને કૃતિમાં પ્રવેશતાં પહેલાં જ આ નોંધ નજરે ચડે અને ‘આગન્તુક’ની વિલક્ષણતાની એક ઝાંખી મળી જાય. ખંડની મહેફિલ માટે પક્ષી આગન્તુક છે, તો આ કૃતિનું મુખ્ય પાત્ર પણ કોઈક મહેફિલ માટે આગન્તુક-માત્ર હશે.

અન્ય એક લઘુનવલ ‘કાદંબરીની મા’નો આરંભ જોઈએ તો – માત્ર પ્રથમ વાક્ય જોઈએ તો - ‘શેતરંજના ખેલાડીની જેમ બન્ને એકબીજીને નજરથી માપતી હતી...’ પહેલા

જ વાક્યમાં – કોઈ ખેલ ખેલાઈ રહ્યો છે, બે સ્ત્રીઓ સામસામે છે... જેવી પામી શકાતી વિગતોથી ભાવક કૃતિમાં પ્રવેશવા પ્રેરાય છે.

તેમની લઘુનવલનાં શીર્ષકો જ તેમની ભાષાસૂઝનો પરિચય કરાવી દે છે. 'વાંસનો અંકુર' એ અન્ય અંકુર કરતાં અલગ રીતે ફૂટે છે. ભેજભર્યા વાતાવરણમાં બીજ દબાયેલું રહે પછી કેટલાક સમયે તેનો અંકુર ફૂટે છે. અન્ય બીજના અંકુર પ્રમાણમાં ઓછા સમયમાં ફૂટે છે અને ધીમે ધીમે વિકસે છે. જ્યારે વાંસનો અંકુર ફૂટતાં ઘણો લાંબો સમય લાગે છે. તેનું મૂળ માટીમાં લાંબા સમય સુધી દબાયેલું રહે છે, કહો કે, ગૂંગળાતું રહે છે. પણ જ્યારે તેનો અંકુર ફૂટે છે ત્યારે એમ કહેવાય છે કે જમીન ફાડીને સીધો સોટા જેવો, બહાર આવે છે. તેમણે લઘુનવલના આરંભ પહેલાં નોંધ લખી છે કે 'વાંસવનની ધારે એકાએક / રાતની રાતમાં ઊગેલો વાંસ! / લીલોછમ, સીધો / ધરતી વીંધીને આવેલો / આભ વીંધવા નીકળેલો / વાંસ!' લઘુનવલના મુખ્ય પાત્ર કેશવ સાથે આ સંદર્ભ પૂરેપૂરો જળવાય છે. નાનાની સાહ્યબીમાં ઊછરતા કેશવને પિતાની ગરીબીનો, નાનાનો પૈસો ન લેવાના સ્વાભિમાનનો અણસાર આવે છે અને પિતા માટે કાંઈ ન કરી શકવાની ગૂંગળામણ એનો ભરડો લે છે અને જમીન ફાડીને વાંસનો અંકુર બહાર આવે તેમ કેશવ નાનાની વૈભવી દુનિયા ત્યજીને બહારની દુનિયામાં પ્રવેશે છે – પોતાના પરિવારની જવાબદારી સમજવાની પરિપક્વતા સાથે.

તેમની અન્ય લઘુનવલ 'આગન્તુક'નું શીર્ષક પણ એટલું જ સચોટ છે. સામાન્ય રીતે 'આગન્તુક' એટલે 'અતિથિ, મહેમાન' એવો પર્યાય યોજી શકાય. પરંતુ કોશમાં જોઈએ તો 'પોતાની મેળે આવેલું. (૨) અચાનક આવેલું. (૩) નવું આવેલું' કે '૨ [सं.] વિ૦ આવી ચડેલું; હમેશનું નહિ એવું (૨) વગર નોતરે આવેલું (૩) પું૦ અતિથિ (૪) મુસાફર' – અર્થ મળે છે. લઘુનવલનો નાયક ઈશાન અચાનક, પોતાની મેળે, ભાઈઓના નોતરા વગર આવી પહોંચ્યો છે. અને એ હંમેશને માટે આવ્યો છે, તેવું પણ નથી. પણ બસ, આમંત્રણ વગર આવી પહોંચેલા નાના ભાઈને મોટા ભાઈઓ કેવો 'આગન્તુક' જ બનાવીને રાખે છે – તે, કહેવાતી વ્યવહારુ દુનિયાની કથા છે.

શીર્ષકમાં જ કથાના મર્મને સચોટ રીતે વણી લેનાર ધીરુબહેન પાત્રોને, તેમની માનસિકતાને પણ બાખૂબી ઉપસાવી આપે છે અને તેનું સચોટ સાધન છે – તેમની ભાષા.

જેમ ગોવર્ધનરામ ત્રિપાઠીએ 'સરસ્વતીચંદ્ર'માં પાત્રના ગુણલક્ષણ અનુસાર પાત્રનું નામકરણ કર્યું છે, તેમ ધીરુબહેનની 'આગન્તુક'માં કેટલાંક પાત્રોના નામમાં અનુભવાય છે. 'ઈશાન' – મહાદેવનું એક નામ છે તો એક ખૂણાનું પણ નામ છે. ઈશાન ખૂણો આધ્યાત્મિકતાનો ગણાય છે. વાસ્તુશાસ્ત્રની દૃષ્ટિએ ઈશાન ખૂણામાં વાસ્તુપુરુષનું મસ્તક આવે છે, જ્યાંથી બ્રહ્માંડનાં સકારાત્મક કિરણોનો પ્રવેશ થાય છે. 'આગન્તુક' લઘુનવલનું મુખ્ય પાત્ર ઈશાન આધ્યાત્મિકતા તરફ વળેલો છે. કોઈ પણ પરિસ્થિતિમાં તે સકારાત્મક વલણ દાખવતો દેખાય છે.

ઈશાનનો બીજો ભાઈ 'અર્ણવ' – મહાસાગર. પાણીથી છલકાય પરંતુ તરસ ન છિપાવી શકે. તે જ રીતે તે ઈશાનનો ભાઈ ખરો. પણ ભાઈ તરીકેના સ્નેહ, હૂંફ ક્યાંય વર્તાતાં નથી. નરાતાળ કૃત્રિમ વ્યવહાર.

સર્જક પાત્રને સીધું વર્ણવી દે તેને બદલે અન્ય કોઈ રીતે ઉપસાવે, તો એ વધુ આસ્વાદ્ય બને છે. ધીરુબહેન પાત્રને વર્ણવે છે, પરંતુ માત્ર લેખકની કલમે નહીં, અન્ય પાત્રના મનોભાવ રૂપે પણ. જેમ કે, 'કાદંબરીની મા'માં કાદંબરીના વિચારો રૂપે અનિલના સ્વભાવને પરોક્ષ રૂપે વર્ણવે છેઃ 'બીજું કરવાનુંયે શું હતું ત્યાં – રતનમેનોરમાં? એ શરીરનો માલિક ક્યારેક એ બધી સજાવટને વશ થતો, ક્યારેક સામુંયે ન જોતો...' તો અભેચંદ જ્યારે પતિ-પત્નીના ઝઘડાને સામાન્ય ગણાવી પોતાની પત્ની પણ ઘર છોડીને ચાલી ગઈ હતી, એમ જણાવે છે ત્યારે ધીરુબહેન વિજયા દ્વારા પરોક્ષ રીતે અનિલના દુર્વ્યવહારનું આ રીતે વર્ણન કરે છેઃ 'ભાઈના ઘરમાં બહારથી આવેલી સ્ત્રીઓએ વાસ નહોતો કર્યો. ભાઈ રાતે બબ્બે - ત્રણ ત્રણ વાગ્યે છાકટો થઈને ઘરમાં નહોતો આવ્યો. ભાઈએ લાકડીથી ને જોડાથી ને જે હાથમાં આવ્યું તેનાથી ભાભી પર પ્રહાર નહોતો કર્યો. ભાઈએ નોટોના થોકડાથી ભાભીને ગૂંગળાવી નહોતી રાખી.' (પૃ.૩૦, 'કાદંબરીની મા)'

'બે બૈરાં અને એક પક્ષાઘાતથી અપંગ વ્યક્તિવાળા આ ઓરડામાં એનો શ્વાસ ગૂંગળાતો હતો.' (પૃ. ૫૧, 'કાદંબરીની મા') – મા અને ભાભી -નો ઉલ્લેખ 'બે બૈરાં' અને અપાહિજ પિતા માટે 'અપંગ વ્યક્તિ' તરીકેનો – તદ્દન ત્રાહિત તરીકેનો ઉલ્લેખ કરીને સુનીલ માનસિક રીતે પરિવારથી કેટલો દૂર ચાલ્યો ગયો છે, પરિવાર તરફની લાગણીથી પર થઈ ચૂક્યો છે, તેનો નિર્દેશ -એક જ વાક્ય દ્વારા- કેટલો સચોટ રીતે થયો છે!

'કાદંબરીની મા'માં કાદંબરીના વિકાસને આવા જ વર્ણન – સંવાદ દ્વારા જોઈ શકાય છે. તેનાં કેટલાંક ઉદાહરણ જોઈએ તો-

મેક-અપ વિનાનો ચહેરો લઈને આર-ઇસ્ત્રી વગરનાં કપડાં સાથે આમ કોઈને ત્યાં જવું, આટઆટલી આંખો સામે આમ ઊભા રહેવું કાદંબરીને જરાય ઠીક ન લાગ્યું. હાથ પકડીને અહીં લઈ આવનાર સાસુ સામે જરાક અણગમો જાગ્યો. (નાદાનિયત)

એકદમ આ ગાંઠિયા ... છેક જ દેશી, વરસોના વરસોથી ભુલાઈ ગયેલા ગાંઠિયા સામે આવતાં તેના મનને બહુ હળવાશ લાગી. (મૂળ કાદંબરી)

એની પ્રગાઢ વેદના નિરંતર ફેલાતાં રહેતાં મોજાંની જેમ આવીને પોતાની ચેતનાના કિનારા સાથે અફળાઈ ત્યારે એ હાંફળી-ફાંફળી બોલી ઊઠી, 'બા!' (પૃ. ૧૭) (કાદંબરીની મૂઢતા. - ડરનું માર્યું, અવહેલના અને ઉપેક્ષાનું માર્યું બહેરું બની રહેલું સંવેદનતંત્ર)

અફાટ સાગરમાં તરીનેયે શો ફાયદો? એના કરતાં વહ્યે જવું. મોજાં ક્યારેક ક્યાંક તો પહોંચાડશે! બીજે કશે નહીં તો છેવટે તળિયે. (પૃ. ૮૦) (અન્ના એને પરાણે અનિલ સાથે મોકલી રહી છે ત્યારની અસહાયતા)

જેની વાત થતી હતી એ મજામાં નહોતી. ઘેનમાં હતી - માના શબ્દોના ઘેનમાં, પતિની સમૃદ્ધિના ઘેનમાં, પોતાની નિષ્ક્રિયતાના ઘેનમાં. (પૃ. ૮૩) (કાદંબરી...વ્યક્તિત્વને અસર કરનારી ત્રણ બાબત)

ના અન્ના! એમ તો નહીં અવાય. (પૃ.૧૧૧) (આંતરિક પરિવર્તનની પહેલી ઝલક)

'આગન્તુક' લઘુનવલના નાયક ઈશાનના વ્યક્તિત્વમાં રહેલા સાધુત્વને લેખિકાએ સહજ વર્તનમાં જ આલેખ્યું છેઃ

'મિહિકા કેમ વહાલી લાગી? નેન્સી પ્રત્યે કેમ અણગમો આવ્યો? ગુરુ! ગુરુ! હજી તમે કાચા છો.' (પૃ. ૪૧) (સતત અંતઃનિરીક્ષણ)

હવે એ સાધુ નહોતો. હવે એ કશું જ નહોતો... હળવુંફૂલ, હવામાં તરતું એક પીંછું! કે એક સૂકું પાન...! જે ગમે ત્યાં ઊડી શકે, ગમે ત્યાં જઈને બેસી શકે! (પ. ૬૪) (વ્યક્તિત્વની હળવાશ, અહમ્ – સ્વઓળખથી પર)

જોનાર પાત્રને કેવી રીતે જુએ છે, તે દૃષ્ટિએ પણ પાત્ર વર્ણવાયું છે. જેમ કે, 'આંધળી ગલી'માં પરેશ જ્યારે પહેલી વાર કુંદનને મળે છે ત્યારે - 'તીણું, મોટું આગળ ધસી આવતું નાક, શંકાશીલ નજર અને ભાવહીન ચહેરો ગમે તેને અસ્વસ્થ કરી મૂકે.' ( પૃ. ૭, 'આંધળી ગલી') તો શુભાંગીને જ્યારે કુંદન માટે લગાવ જન્મ્યો છે ત્યારે '... એટલું જ લાંબું પણ આગળ તરી આવતું ઘાટીલું નાક, ઘડીએ ઘડીએ જાગી ઊઠતી મોટી, નિસ્તેજ પીળી આંખો.' (પૃ. ૬૫, 'આંધળી ગલી')

ધીરુબહેનની કલમને પાત્ર વર્ણવાય તે કરતાં સંવાદ દ્વારા ઉપસાવવાનું વધુ અનુકૂળ આવે છે. જેમ કે, 'કાદંબરીની મા' લઘુનવલનું એક અત્યંત ગૌણ પાત્ર – માણેકમામી – અભેચંદનાં પત્ની. આ પરિવાર લઘુનવલમાં એક પ્રકરણ પૂરતો જ પ્રવેશ્યો છે. પણ એના દ્વારા ધીરુબહેને 'રતનમેનોર' કરતાં સામા છેડે જીવતા 'કુટુંબ'ની વાત કરી છે. પોતાની મરજી વિરુદ્ધ પોતાની પત્નીને લઈને પોતાની મા અભેચંદભાઈ જેવા ગરીબ સગાને ત્યાં રાત રોકાવાની છે, એ વાત પર ખિજાયેલો અનિલ ગરીબ મામાને કોર્ટની ધમકીથી દબાવવાની કોશિશ કરે છે, ત્યારે માણેકમામીને સાંભળીએ તો –

(અનિલને) 'અરે અરે, હોય ભાણાભાઈ? મામા-ભાણેજ વચ્ચે વળી કાયદો કેવો ને વાત કેવી, હેં? તમે તદ્દન સાચું કહ્યું. અત્યાર લગી આ ભાઈબહેને જ વાતો કર્યા કરી છે - મારી સાથે તો બહેન બેઠાં જ નથી જરીયે તે! ...' (પે. ૨૭)

'જાણીએ છીએ, બાપા, જાણીએ છીએ! તમારો હક પહેલો! પણ આ આટલાં વરસે પહેલવહેલો મારો ઉંબરો વળોટ્યો છે તે જમાડ્યા વિના હું જવા નહીં દઉં ભાણેજવહુને, હા! તમારું મન હોય તો મામીને કાયદો શું, કોરટ દરબાર બધુંયે બતાવજો. હું તમારા વકીલને ને જજને પૂછીશ કે મારી ભાણેજવહુને મારે ગરમાગરમ વેઢમી જમાડ્યા વિના ઘરની બહાર જવા ન દેવી હોય તો તમારો કાયદો મને શું કરી નાંખશે, હેં?' માણેકે પૂછ્યું. (પે. ૨૭)

માત્ર બે-ત્રણ સંવાદોમાં જ એમની નિર્ભીકતા, વ્યવહારકુશળતા, સ્વસ્થતા આદિને સચોટ રીતે ઉપસાવી આપ્યાં છે. અત્યંત ગૌણ પાત્ર હોવા છતાં ભાવકના ચિત્તમાં અમીટ છાપ છોડી દે તેવું ગરવું વ્યક્તિત્વ સર્જક આલેખી શક્યાં છે.

ધીરુબહેન પટેલની સંવાદલેખન પર અદ્‌ભુત પકડ છે. તેઓ સંવાદો દ્વારા પાત્ર ઉપસાવી શકે છે તેમ સંબંધો પણ ઉપસાવી શકે છે. જેમ કે, અરુણા – કાદંબરીના સંવાદમાં ઘણુંખરું કાદંબરીના પ્રત્યુત્તર હોતા નથી અથવા હોય તો અરુણાને એ ઉત્તર સાંભળવાની તમા હોતી નથી, એના માટે એ પ્રત્યુત્તરનું કોઈ મહત્ત્વ હોતું નથી. અરુણા – કાદંબરીનો સંબંધ અરુણા દ્વારા દોરવાયેલો, નટ અને કઠપૂતળીનો સંબંધ હોય તેમ સંવાદો દ્વારા ઉપસાવી શકાયું છે. એ જ રીતે ‘આગન્તુક’માં રીમા-શાલ્મલિ વચ્ચેનો સંવાદ જોઈએ તો –

‘તમને શું લાગે છે ? મારે ત્યાં આવવું જોઈએ ?’

‘તું જાણે.’

‘આઈ મીન... ઈશાનભાઈને ખરાબ નહીં લાગે ?’

‘હું શું જાણું ?’

‘તો પછી આવું ?’

‘તારી મરજી.’

સંવાદ દ્વારા તેમની વચ્ચે ‘સંવાદિતા’ જ નથી, એમની વચ્ચેના સંબંધમાં કોઈ ‘સંબંધતત્ત્વ’ જ નથી, તે જોઈ શકાય છે.

સામાન્ય રીતે સંવાદ લખાય ત્યારે એક પછી એક વક્તાનુસાર ઉક્તિ લખાતી જાય. ધીરુબહેન પણ સામાન્ય રીતે સંવાદો એ જ રીતે લખે છે. પરંતુ ક્યારેક ધીરુબહેનની સર્જકતા એમને કાંઈક જુદી રીતે લખવા પ્રેરે છે. જેમ કે,

છોકરીઓએ પતંગિયાની જેમ ઊડાઊડ કરી મૂકી... ‘ફોઈબા આપણે ઘરે રહેવાનાં છે?’ ‘ભાભીય તે?’ ‘ફોઈબાને ખાટલા પર સુવાડશું.’ ‘નવી ચાદર કાઢજે, બા!’ ‘નવી તો ખૂંચે! પેલી ધોયેલી કાઢો ફઈબા માટે.’ ‘ફોઈબાને મારું ઓશીકું આપજે, સરિતા!’ ‘પેલી શ્રીનાથજીથી લાવ્યા હતા તે રજાઈ ક્યાં ગઈ?’

‘કાદંબરીની મા’માં જ્યારે પુત્રવધૂને લઈને વિજયા પોતાના ભાઈને ત્યાં વર્ષો પછી રાત રોકાવાનું નક્કી કરે છે, ત્યારે અભેચંદભાઈની દીકરીઓને ફોઈબા અને ભાભી રાત રોકાવાનાં છે, એ વાત જાણીને મજા પડી જાય છે. આ સંવાદ લેખિકાએ પરિચ્છેદની જેમ લખ્યો છે. જાણે દીકરીઓ વચ્ચે વાત થાય છે એમ નહીં, પણ કાબરોએ એકસાથે કલબલાટ કરી મૂક્યો છે. અને આ કલબલાટ દ્વારા દીકરીઓનો આનંદ અને ઉત્સાહ આસ્વાદ્ય બન્યાં છે.

ધીરુબહેનના સંવાદો કૃતિને જાણે રંગમંચક્ષમ બનાવે છે. તેમની આ વિશેષતાને કારણે જ ભાવક સામે દશ્યો સર્જાય છે અથવા તેમની કૃતિઓનું ફિલ્માંકન શક્ય બને છે.

નીચેનો સંવાદ જુઓઃ

'કદંબ, તું જાગે છે?'

'બા! મને બીક લાગે છે.'

'કોની? અનિલની?'

'એમની ... અને - અને - અન્નાની!'

વાંચતી વખતે ભાવકની નજર સમક્ષ જાણે એ દશ્ય ભજવાય છે. એમાંયે વિરામચિહ્નો દ્વારા જાણે વાચિક અભિનયની સૂચના અપાઈ છે.

કેટલાક સંવાદો એકપાત્રી અભિનયની ક્ષમતા ધરાવતા હોય એવા, એકોક્તિ રૂપે છેઃ જેમ કે, 'કાદંબરીની મા'માં જ્યારે શકુંતલાદેવી કાદંબરી અને અનિલના છૂટાછેડા થઈ ગયા છે, તેવી વાત કરે છે ત્યારે અન્ના અને અનિલથી ડરેલી કાદંબરીનો પ્રલાપઃ

'એ કહે છે તો પછી લીધા જ હશે!' ... 'મને નથી ખબર, મને શું થાય છે, બા! તમે અન્નાને બોલાવો. ના, ના, અનિલ ગુસ્સે થશે. અન્ના પણ ગુસ્સે થશે. મારે કોઈનું કામ નથી. મારે તમારી સાથે બોલવું નથી. હું – હું નહીં બોલું. તમે મને અહીં કેમ બોલાવી? અનિલ જાણશે તો? મને પાછો માર પડશે તો? હવે હું... ઓ મા!' (પૃ. ૯૨)

પાત્રની ઉક્તિઓ પણ કૃતિને એટલી જ આસ્વાદ્ય બનાવે છે. જેમ કે 'આગન્તુક'માં જ્યારે આશુતોષ ઈશાનને અર્ણવને ત્યાં મૂકવા જાય છે, ત્યારે અચાનક ઈશાનને જોઈને ડઘાઈ ગયેલો અને સ્વસ્થતા મેળવવા મથતો અર્ણવ તેને કહે છેઃ

'ઓહો! આવ, ઈશાન! અમે તને આજકાલમાં ડિનર પર બોલાવવાનાં જ હતાં.'

વ્યાજસ્તુતિપણું ધરાવતી આ ઉક્તિમાં દેખીતી રીતે અર્ણવ દ્વારા ઈશાનને આમંત્રણ છે. પણ ખરેખર એને ઈશાનને પોતાને ત્યાં 'રહેવા દેવાની' કોઈ વૃત્તિ – ઇચ્છા નથી, તેનું સૂચન છે. 'આજકાલમાં' – અર્થાત્ ક્યારે તે નક્કી નહીં, અને 'ડિનર પર' અર્થાત્ એથી વધુની અપેક્ષા ન રાખવી, 'બોલાવવાના' અર્થાત્ સંભાવનાનો નિર્દેશ..

સામાન્ય રીતે કૃતિમાં વ્યક્તિ, સ્થાન, ક્રિયા, પ્રસંગ, ઘટના આદિનાં વર્ણનો આલેખાયાં હોય છે. ધીરુબહેનની કલમે પણ આવાં વર્ણન તો મળે જ છે.

વાચક તેની ઇન્દ્રિયોથી અનુભવી શકે તેવાં પણ વર્ણન છે. જેમ કે, 'ખુલ્લી બારીમાંથી ચીકણી ખારી વાસ અંદર ધસી આવી.' (પૃ. ૫, 'આગન્તુક')

વાચક નાયકની સાથે જ હોય તેવું અનુભવાય : 'લિફ્ટમાં ઉપર જઈને બારણાની ઘંટડીનું બટન દબાવ્યું. સંગીતનો એક લાંબો લટકો સંભળાયો અને એના ઘોષ શમે એ

પહેલાં બારણાની નાનકડી બારી ખૂલી. કોઈએ એની સામે સાવધાનીભરી નજર નાખી, પછી સાંકળ ખસવાનો, સ્ટૉપર ખૂલવાનો અને ભારી કડી ઊંચકાવાનો અવાજ આવ્યો. બારણું છ-એક ઇંચ ખૂલ્યું અને પાછું વસાઈ ગયું.' (પૃ.૬, 'આગન્તુક')

મનના ખેલને પણ ભાવક અનુભવી શકે, માણી શકે તેમ વર્ણવે છે. જેમ કે, '...ને એને સાંભળતાં પણ આવડતું હતું. એની મોટી મોટી પાંપણોના પલકારા એ રીતે થતા... જાણે કે એ સધિયારો આપે છે. કહે છે; હું સાંભળું છું, મને રસ પડે છે, હું સંમત થાઉં છું, આગળ કહો. ને માણસ કહ્યા કરે...' (પૃ. ૫૪, 'વાંસનો અંકુર')

લઘુનવલમાં પાત્રની અનુભૂતિ, તેના મનોજગતનું આલેખન મહત્ત્વનું હોય છે. તો ધીરુબહેનની કલમે આ માનસિકતા – અમૂર્ત માનસિકતાનું આલેખન અનુભવગમ્ય બન્યું છે. જેમ કે, 'કાદંબરીની મા'માં જ્યારે મન પર ભાર લાગતો હોય, કોઈ અકથ્ય ડર ઘેરી વળતો હોય તેવી ભીંસ અનુભવાતી હોય એવી પળ ધીરુબહેનની કલમે આ રીતે આલેખાઈ છેઃ 'ગિરિશિખરના પ્રફુલ્લ ચેતનવંત ધુમ્મસ જેવું નહીં પણ મોટા શહેરના ધૂળ-ધુમાડાને લીધે જન્મેલું, મોટા એદી વાદળ જેવું ઝાંખું અને ભારે ધુમ્મસ - મૌનનું ધુમ્મસ એ ઓરડામાં છવાઈ ગયું. છાતી પર એનો ભાર લાગે છે. એ કોઈ હિંસક પ્રાણીની જેમ તરાપ મારવા લપાઈને ઊભું છે. એનામાં કશીક દુષ્ટતા છે. દેખાય નહીં, સમજાય નહીં છતાં રુવાંટાં ઊભાં થઈ જાય એવી.' (પૃ. ૧૩૫, 'કાદંબરીની મા')

મન ખુશ હોય એવી પળોનું આલેખન પણ છેઃ 'વરલીની ચાલનો એ દાદર ચડતાં ચડતાં કેશવના સ્વરનો રણકાર સાથે આવે છે. એમાં એક આછી સૌરભ છે. બાગનાં બધાં ફૂલો રમ્ય છે, પણ જ્યારે ચંપો ખીલે છે ત્યારે જરાયે કહેવા શોધવા જવું નથી પડતું, એવી જ ઉદ્દંડ સૌરભનો આ એક પહેલો હળવો ઝપાટો છે.' (પૃ. ૪, 'વાંસનો અંકુર')

ભાવકની સંવેદનાને સ્પર્શે એ રીતે થયેલું વર્ણન કૃતિને વધુ આસ્વાદ્ય બનાવે છે. જેમ કે, 'વાંસનો અંકુર'માં જે નજરોએ કેશવના મનને સ્પર્શ્યું છે તે - 'નજર સામે બે નયન તરે છે, થાકેલાં ઘરડાં... એ આંખોની નજર જરીક ઘસાઈ ગયેલી છે, ભીની છે. તીખી ને ધારદાર નથી. એનો જર્જર સંદેશ સાંભળીને કેશવ ચાલ્યો જાય છે.' (પૃ. ૩૦, 'વાંસનો અંકુર') – જાણે પિતાની એ જર્જરિત આંખોના સંદેશાની સમજણે આજે કેશવ એ દિશામાં આગળ વધી રહ્યો છે.

ભાવકને કૃતિ સાથે જોડીને વહેતો રાખવામાં આવાં વર્ણનો ઉપકારક નીવડે. પાત્ર, પરિસ્થિતિ આદિ આવાં વર્ણનો દ્વારા વધુ ઊપસી આવે.

કલ્પન દ્વારા વાતને સચોટ રીતે મૂકવામાં ધીરુબહેનની હથોટી કેળવાયેલી છે. તેમનાં કલ્પનો દ્વારા તેઓ ભાવકને પાત્રની અનુભૂતિ સુધી લઈ જાય છે. કેટલાંક કલ્પનો જોઈએ–

- તૂટેલા તરાપા પર મધદરિયે તણાતા જતા બે નાવિક વચ્ચે થાય એવી આ વાત હતી. (પૃ.૬૦, 'કાદંબરીની મા') (પાછા રતનમેનોર આવેલા, હવે શું થશે-ની ચિંતામાં ડૂબેલાં વિજયા અને કાદંબરી)

• સૂકાં ડાળાં – પાંદડાંના ઢગલામાંથી એકાદ ડાળખી સળવળવા માંડે અને ચાલતી થઈ જાય ત્યારે માણસ કેવું હેબતાઈ જાય! કાદંબરી એવી જ રીતે અરુણા સામે જોઈ રહી. (પૃ.૭૬, ‘કાદંબરીની મા’) (હવે હંમેશાં પિયરમાં જ રહેવાનું – અનિલથી દૂર – તેવો હાશકારો અનુભવતી કાદંબરીને અરુણા દ્વારા ‘અનિલ સાથે નિસબત’ બતાવાતાં કાદંબરીની અનુભૂતિ)

• એ બન્ને જણની વાતોનાં બાવાંજાળાં ચોમેર લટકતાં હતાં. વાતો કરતાં વાતોના પડછાયા વધારે ભયંકર હતા. (પૃ. ૨૧, ‘આગન્તુક’) (સંબંધોનું અવાવરાપણું)

ધીરુબહેનની કૃતિઓમાંથી પસાર થતાં તેમના કલ્પનમાં પણ જાણે એક ભાત દેખાય છે. નીચેનાં કલ્પન જુઓઃ

આગન્તુકઃ ભાઈના મનમાં લાગણીના કરોળિયાએ જાળું વણવા માંડ્યું છે. (પૃ. ૨૮)

• એ બન્ને જણની વાતોનાં બાવાંજાળાં ચોમેર લટકતાં હતાં.

આંધળી ગલીઃ કરોળિયાના રેશમી તાંતણા જેવી નાજુક, ઝોલાં ખાતી આ ક્ષણ, તેને સ્પર્શ કરાય જ નહીં... બેસી રહેવાનું, જોયા કરવાનું. (પૃ. ૭૬)

વાંસનો અંકુર – આ વખતના મૌનમાં એક આછોપાતળો કરોળિયાએ વણેલા રેશમ જેવો સૂક્ષ્મ તંતુ ઝોલાં ખાતો હતો.

કરોળિયાનાં જાળાં, તાંતણાને જુદી જુદી રીતે પ્રયોજેલાં જોઈ શકાય છે. આવી જ રીતે નાવ-નાવિક, અંધારી ગુફા જેવા વિષયો પણ એમનાં કલ્પનો રૂપે ગૂંથાય છે.

ધીરુબહેન ઉપમા, રૂપક, અતિશયોક્તિ, દૃષ્ટાંત વગેરે જેવા અલંકારો પાસેથી પણ ધાર્યું કામ કઢાવે છે. જેમ કે,

જ્યાં ઈપ્સિતા દેખાય ત્યાં આસપાસની બધી સ્ત્રીઓ માત્ર પડછાયા જેવી બની જતી. (પૃ. ૧૭, ‘આગન્તુક’) આમ તો અહીં ઉપમા અલંકાર છે. પણ એવુંય લાગે કે જાણે કૅમેરાની ટૅક્નિકથી એક પાત્ર પર ફોકસ થતાં પૃષ્ઠભૂમિ બ્લર — ઝાંખી થઈ જાય છે.

રજતના હોઠ ધ્રૂજ્યા અને પાનખરનું પહેલું પાંદડું ખરીને સૂકા ઘાસની પથારી પર પડતાં કરે એવો અત્યંત આછો અવાજ આવ્યો. ‘બા...બા!’ (પૃ. ૧૦૨, ‘આગન્તુક’)

એ નજરનો ભાર નહોતો, એમાં તો સોયની અણી જેવી એક તીક્ષ્ણતા હતી. (પૃ. ૧૧, ‘વાંસનો અંકુર’)

(ખીંટી પર) ડગલો શું, દરિદ્રતા જ લટકતી હતી. (પૃ. ૭૬, ‘વાંસનો અંકુર’)

દરિયાકાંઠે ફસડાઈ પડેલા વહાણ જેવા નિર્જીવ ને દિશાશૂન્ય થઈ જઈને તેણે જવાબ દીધો. (પૃ. ૭૭, ‘વાંસનો અંકુર’)

બરફની પૂતળીને વિજયાએ વધારે જોરથી છાતી સાથે ભીડી દીધી. (પૃ. ૭૫, ‘કાદંબરીની મા’)

ચાટમાંથી નિશ્ચિંત જીવે ભાત ખાતું કૂતરું અણધાર્યો પથરો વાગતાં દુઃખ અને વિસ્મયથી જોઈ રહે તેવી નજર નાંખી કાદંબરી બોલી ઊઠી, (પૃ. ૯૭, 'કાદંબરીની મા')

ધીરુબહેનની કલમને વધુ આસ્વાદ્ય બનાવે છે, તેમનું વિશિષ્ટ ભાષાકર્મ. તેમની શબ્દપસંદગી, તેમણે પ્રયોજેલાં સર્વનામ, વિશેષણ, ક્રિયાવિશેષણ, આખ્યાત, વિરામચિહ્નો આદિ.

ક્યારેક તેઓ તદ્દન તળશબ્દો પ્રયોજે છેઃ જેમ કે,

- ... પણ કંઈ નહીં - એવું તો કોઈ વાર અડીઓપટીએ નયે થાય. (પૃ. ૨૧, 'કાદંબરીની મા' )
- મારા વિના નહોતું સોરવતું ને તમને? (પૃ. ૪૫, 'કાદંબરીની મા')
- 'એ જ આપણને થાળી વાડકા ને લોટા કરતાં બેદ ગણે છે કે નહીં?' (પૃ. ૭૯, 'આંધળી ગલી')
- 'લે, હવે ધમકારે ચા બનાવી નાખું છું, હોં કે ભાઈ!' (પૃ.૭૮, 'વાંસનો અંકુર')

તો ક્યારેક એકાદ શબ્દમાત્રથી જ માનસિકતા, પરિસ્થિતિ આદિના લસરકા ખેંચાઈ જાય છે. જેમ કે,

- રતનમેનોરમાં અપાર શાંતિ હતી. તે ક્યારેક ચિરાતી અનિલના અણિયાળા અપશબ્દોથી જડેલી ક્રોધિત વાણીથી તો ક્યારેક ચૂંથાઈ જતી એના અતિશય સ્થૂળ પ્રેમાલાપથી. (પૃ.૧૩, 'કાદંબરીની મા') (શાંતિનો ભંગ થવો-ને બદલે શાંતિ ચિરાવી, ચૂંથાવી!...)
- સામે આશુતોષ બેઠો હતો. એકલો આશુતોષ. (પૃ. ૨૮, 'આગન્તુક') (રીમા કે અર્ણવને સાંભળતો – અનુસરતો આશુતોષ નહીં...)
- એ મકાનનું નામ કોઈએ મજાકમાં 'ધ નેસ્ટ' રાખ્યું હતું. (પૃ. ૬૫, 'આગન્તુક')

ક્યારેક શબ્દોના પુનરાવર્તન દ્વારા ભાવનિર્દેશ થાય છે. જેમ કે,

- એને (વિજયાને) એટલી ખબર હતી કે થોડા દિવસ, બસ થોડા દિવસ કાઢી નાખવાના છે. (પૃ.૪૫. 'કાદંબરીની મા') અહીં પુનરાવર્તન દ્વારા વિજયા મન મક્કમ કરવા પોતાની જાતને સાંત્વના આપી રહી છે. તો -
- ગયે વખતે લઈ ગઈ હતી તોયે રાખી નહોતી. પાછી મોકલી દીધી હતી. હવે પણ નહીં રાખે... નહીં જ રાખે. (પૃ.૧૦૭, 'કાદંબરીની મા') કાદંબરીને સ્પષ્ટ થતું જાય છે કે અન્ના પિયરમાં નહીં રાખે. આ ખાતરી પુનરાવર્તન દ્વારા વ્યક્ત થઈ છે.

કેટલીક વાર ચોક્કસ શબ્દો દ્વારા લેખિકાનો પાત્ર, વલણ, પરિસ્થિતિ પરત્વેનો અભિગમ પણ સૂચવાઈ જાય છે. જેમ કે,

- નીલમ અડધું ઇંગ્લિશમાં ને અડધું ગુજરાતીમાં ઠોકાઠોક કરવા લાગી. (પૃ.૬૩)

• (પન્નાએ) સાફસાફ કહી નાંખ્યું : 'અનિલભાઈ બધું અગડંબગડં સમજાવતા હતા ત્યારથી જ મને તમારી ચિંતા હતી....'

નીલમ અને પન્ના બન્ને વિજયા સાથે વાત કરે છે. પણ બન્નેનાં ક્રિયાવિશેષણ અલગ છે. નીલમની 'ઠોકાઠોક' અને પન્નાનું 'સાફસાફ'...

• ઘણા જ ઘેરા રંગની લિપસ્ટિક લગાડેલા હોઠ વચ્ચેથી એનું (શાલ્મલિનું) ખોટા દાંતનું ચોકઠું કંઈક જુગુપ્સા પ્રેરતું હતું. (પૃ. ૩૭, 'આગન્તુક')

• અર્ણવનું પોકળ હાસ્ય ચારે બાજુ રેલાયું. (પૃ. ૨૧, 'આગન્તુક')

'આગન્તુક' લઘુનવલનાં ખલપાત્રો સમ શાલ્મલિ અને અર્ણવ સંદર્ભે જુગુપ્સા, પોકળ જેવા શબ્દો દ્વારા નકારાત્મક રંગ ઉમેર્યો છે.

વિશેષણનું કાર્ય અર્થમાં ઉમેરો કરવાનું છે. પણ ધીરુબહેને પ્રયોજેલાં વિશેષણ અનેક અર્થો ઉમેરી આપે છે. જેમ કે, નીચેનું ઉદાહરણ વિશેષણ વગર અને વિશેષણ સાથે વાંચીએ તો–

૧. શશાંકની મામી મટી જઈને છોકરી બની ગઈ.

૨. શશાંકની મામી મટી જઈને સાત – આઠ વર્ષની છોકરી બની ગઈ.

૩. શશાંકની સમજદાર મામી મટી જઈને સાત – આઠ વર્ષની ગુનેગાર છોકરી બની ગઈ. (પૃ. ૧૦૬)

વાક્ય ૧. કે ૨.ને જ વાંચીએ તો કોઈક કારણસર કોઈ યુવતી – સ્ત્રી તેની વય કૂદી જઈને બાળપણમાં પહોંચી ગઈ, તેવું લાગે. પણ વાક્ય ૩.... અહીં જે કૃતિતત્ત્વ પામી શકાય છે, તેનું કારણ પ્રયોજાયેલાં વિશેષણ 'સમજદાર' અને 'ગુનેગાર' છે.

વિશેષણના પ્રયોગથી તેઓ વાતાવરણ પણ ઉપસાવી આપી શકે છે. જેમ કે,

• અંદર ધૂળ-બાવાંની એ હવડ વાસ આવતી હતી. ઘસાઈ ગયેલા મખમલથી મઢેલા એક ઊભી પીઠવાળા બાંકડા પરથી વાસી છાપાંની થપ્પી જરાક હઠાવીને બાઈ બોલી. (પૃ. ૬)

વિશેષણ હટાવતાં મૂળ વાક્યો જોઈએ તો–

• અંદર વાસ આવતી હતી. બાંકડા પરથી છાપાની થપ્પી જરાક હઠાવીને બાઈ બોલી.

અહીં વિશેષણનું કાર્ય સ્વયંસ્પષ્ટ છે. અન્ય ઉદાહરણો જોઈએ.

• એની ગોળાકાર પીઠને ઢાંકતો ડગલો મેલો હતો. (પૃ. ૩૩, 'વાંસનો અંકુર') (ગરીબીના બોજથી વળી ગયેલી પીઠ)

• એ ઓચિંતી હસી પડી. એનું હાસ્ય પણ ધાતુના રણકાર જેવું ધારદાર અને કર્કશ લાગતું હતું. (પૃ. ૭, 'આંધળી ગલી')

• ... છતાં લાગણીહીન કંઠે (પરેશ) બોલ્યો. પૃ. ૮૨) ... સ્નેહાળ કંઠે તે બોલી ઊઠ્યોઃ (પૃ. ૮૩, 'આંધળી ગલી')

વિશેષણની જેમ ક્રિયાવિશેષણ પણ કૃતિને ભાવક સુધી પહોંચવામાં મદદરૂપ બને છે. તેના દ્વારા પાત્રનું વલણ, માનસિકતા, પરિસ્થિતિ આદિને ધીરુબહેન સચોટતાથી આલેખે છેઃ જેમ કે,

• (રીમા) આશુતોષ ભણી પીઠ ફેરવીને અંદરથી કપડાં કાઢવા લાગી. (પૃ. ૬૦, 'આગન્તુક') (અવગણના)

• (કરણ) પટ દઈને બોલી ઊઠ્યો. (પૃ. ૧૫, 'આગન્તુક') (ઉત્સાહ)

• શું તે (વિજયા) ખરેખર અનિલને ઓળખતી હશે! (પૃ.૫, 'કાદંબરીની મા') (સાચો સ્વભાવ!)

• એની એ વાતો એ (રમણીકલાલ) અનંત રીતે કર્યા જ કરતા. (પૃ. ૭, 'વાંસનો અંકુર')

• થાકેલા પગ આયાસપૂર્વક ઊંચકી ઊંચકીને ચાલતાં ખાતાના સાહેબના ઓરડા લગી પહોંચવું વસમું લાગ્યું. (પૃ. ૩૦, 'વાંસનો અંકુર')

જ્યાં સર્વનામની જરૂર ન હોય, ત્યાં પણ સર્વનામ પ્રયોજીને ધીરુબહેન માનસિકતા, વલણ આદિનો નિર્દેશ કરે છે. જેમ કે,

• ત્રીજા માણસની હાજરીનો પાકો ગેરફાયદો ઉઠાવતી હતી આ મા! (પૃ.૨૬, 'કાદંબરીની મા') મા તો એક જ છે, તેના માટે દર્શક સર્વનામની જરૂર જ ન હોય. પરંતુ, તેના પરનો ગુસ્સો સર્વનામને કારણે વ્યક્ત થઈ જાય છે. ભાવક જ્યારે વાંચતો હોય ત્યારે ખરેખર તો આ સર્વનામને કારણે ગુસ્સાનો સૂર સાંભળી શકે છે.

• બસ એટલું જ. જાણે કોઈ કોઈને વઢ્યું નથી, કોઈ ભૂખ્યું રહ્યું નથી, કોઈએ ઘર છોડવાની તૈયારી કરી નથી - કંઈ બન્યું જ નથી. (પૃ. ૪૭, 'વાંસનો અંકુર') રિસાયેલા કેશવને રમણીકલાલ જાણે કશું જ બન્યું નથી, તેવી સહજ પરિસ્થિતિ સર્જીને મનાવી લે છે, ત્યારની પરિસ્થિતિ સર્વનામના પ્રયોગ દ્વારા સચોટ અભિવ્યક્તિ પામી છે.

ધીરુબહેન એકથી વધુ આખ્યાત એકસાથે પ્રયોજીને દૃશ્યાત્મકતા સર્જે છે. જેમ કે,

• અનિલ એને ખેંચીને લઈ જશે, એ ઘસડાશે, માફી માગશે, લાત ખાશે... (પૃ. ૨૪, 'કાદંબરીની મા')

• લાલ લાઇટ, લીલી લાઇટ, ઊભા રહેવું, પાછું દોડવું, ભોંયરામાં ઊતરવું, દાદરા ચડવા, વાહનોમાં ખડકાવું, ઠલવાવું અને પાછું દોડ્યા કરવું (પૃ. ૩, 'આંધળી ગલી')

• આવડત નહીં એટલે (સુશીલા) ઢોળતી, ફોડતી, બગાડતી; (પૃ. ૧૮, 'વાંસનો અંકુર')

ધીરુબહેનની કલમે ટૂંકાં વાક્યોની હારમાળા દ્વારા અનિચ્છા આદિ પણ વ્યક્ત થાય છે. જેમ કે,

• ફરી શુભાંગીના ઘરમાં આવવું, એણે આપેલું પાણી પીવું, એના પલંગ પર બેસવું, બધું દુષ્કર હતું, છતાં કુંદને એ બધું કર્યું. (પૃ. ૮૨, 'આંધળી ગલી')

• અનિલને પાણી નહોતું પીવું. બેસવું નહોતું. આ દૂરના મામા-મામીને હાથ નહોતા જોડવા છતાં તેને એ બધું કરવું પડ્યું. (પૃ. ૨૪, 'કાદંબરીની મા')

ધીરુબહેનની એક વિશેષતા છેઃ વિરામચિહ્નોનો પ્રયોગ. તેઓ વિરામચિહ્નો પાસેથી પણ શબ્દો જેટલું જ કામ લઈ શકે છે. જેમ કે,

• 'તમે – શું આપી શકશો ?' (પૃ. ૧૦, 'આંધળી ગલી') અહીં સળંગ વાક્ય ઉચ્ચારાઈ શકે તેમ છે. પણ લઘુરેખા દ્વારા વક્તાને વિચારતા દર્શાવવા કે શ્રોતાનો વિચાર સાંભળવા માટે અટકવું સૂચવાયું છે.

• ... દીકરીને આશ્રય આપશે એવા એક ચમત્કારની સંભાવના રાખીને જ પોતે નહોતી ગઈ? તોયે ચમત્કાર બન્યો કંઈ? (પૃ. ૩૨, 'કાદંબરીની મા') અહીં વાક્યાંતે પ્રશ્નાર્થ છે. પરંતુ ખરેખર તેના દ્વારા નકારનું સૂચન છે. પરિણામે અભિવ્યક્તિ વધુ સચોટ બને છે. અહીં પદક્રમ, વાક્યાંતે 'કંઈ'નો પ્રયોગ વગેરે દ્વારા બોલચાલની લઢણ પણ સધાઈ છે.

• 'તમે નથી જાણતા – રજતની માંદગી મારે માટે-' (પૃ. ૧૦૮, 'આગન્તુક') નિરંજનભાઈના ગળે ડૂમો બાઝતાં બોલી શકતા નથી, એ ત્રુટકતા લઘુરેખા દ્વારા દર્શાવાઈ છે.

• 'આ ભણવાની વાત – અરે, નહીં ભણવાની વાત...' (પૃ. ૫, 'વાંસનો અંકુર') ગુરુરેખા દ્વારા સુધારો દર્શાવાયો છે. પણ અધૂરા વાક્યે ત્રણ ટપકાં દ્વારા વાત પૂરી કરતાં લાગતા થાકનો નિર્દેશ છે. વાત પોતાના નિયંત્રણમાં નથી, તેથી છોડી દેવાનો નિર્દેશ છે.

ધીરુબહેનની કૃતિઓમાંથી પસાર થતાં ખ્યાલ આવે છે કે તેમના દ્વારા પ્રયોજાતાં વિરામચિહ્નો વાચિક અભિનય માટે સૂચનરૂપ છે. તેથી જ તેમની કૃતિઓ વધુ રંગમંચક્ષમ લાગે છે.

માતૃભાષા માટે અપ્રતિમ લગાવ દાખવનારાં ધીરુબહેનની કૃતિમાં રૂઢિપ્રયોગો પણ ખૂબ સહજતાથી વણાયા છે, જે તેમની કૃતિને વધુ સહજ અને વધુ આસ્વાદ્ય બનાવે છે. જેમ કે,

• એક વખત ઘેર પહોંચ્યા પછી એને પણ સીધી કરાશે. (પૃ. ૨૬, 'કાદંબરીની મા')

• જ્યારે ખબર પડી ત્યારે એના ઘરને લૂણો લાગી ગયો હતો. (પૃ. ૩૦, 'કાદંબરીની મા')

• ચાટ પડીને તે (રીમા) બહાર ચાલી ગઈ. (પૃ. ૯, 'આગન્તુક')

• તમને શું થઈ ગયું, આશુભાઈ? ટાઢે પાણીએ ખસ જતી હતી. ના શું કરવા પાડી ? (પૃ. ૨૪, 'આગન્તુક')

આ બધાથી શિરમોર છે, તેમની પોતાની આગવી બાની, તેઓ વાતની વિશેષ અભિવ્યક્તિ સાધી શકે છે. જેમ કે,

'તમે કંઈ કાયમ એકલાં રહેવાનાં છો?' ધૂપછાંવ રંગની સાડીના પોત જેવું એ વાક્ય હતું. ટીખળ, આશીર્વાદ અને નહીં બોલાયેલા 'મારી માફક' શબ્દોની ઘેરી ઉદાસીનતા. (પૃ. ૩૪, 'આંધળી ગલી')

'પણ'નો ખટકો ઘણો મોટો હતો. ધીરે ધીરે પર્વત પર ચડતાં ઓચિંતો મોટો લીસો ખડક સામે આવીને ઊભો રહે એવો આ શબ્દ હતો. ન ઓળંગાય, ન ફરીને જવાય... (પૃ. 'આંધળી ગલી')

ઝીણી વાટ રાખી હોય તો અંધકારની ચોખ્ખી કાળાશને જરાક મેલી કરી દે - એથી વધારે એનું ગજું નહીં. (ટમટમિયું) (પૃ. ૨૦, 'કાદંબરીની મા')

છતાં ઘણાં કબ્રસ્તાનોની જેમ આ ઓરડો પણ રળિયામણો લાગે છે. (પૃ. ૨૭, 'વાંસનો અંકુર') (જ્યાં વંધ્ય પળો સોડ તાણીને સૂઈ ગઈ છે...)

ધીરુબહેન પટેલની વિવિધ કૃતિઓમાંથી પસાર થતાં ખ્યાલ આવે છે કે ભાષા સાથે તેમનો કોઈ વિશેષ નાતો છે. કૃતિમાં પાત્ર ઉપસાવવાનું હોય કે વર્ણન આલેખવાનું હોય – ભાષા પાસેથી તેઓ ધાર્યું કામ કઢાવી શકે છે. ભાષાનો વિશેષણ, ક્રિયાવિશેષણ કે આખ્યાત જેવો કોઈ શબ્દઘટક હોય કે વિરામચિહ્નો હોય – પાત્રના મનને, પરિસ્થિતિને, સંઘર્ષને ઉપસાવવામાં આ બધાનો તેઓ સચોટ અને સહજ ઉપયોગ કરી શકે છે. કલ્પનોની તાજગી ખરેખર મનોરમ છે. પથ્થર પરની બારીક કોતરણી જેવું ભાષાકર્મ તેમની કૃતિઓને વિશેષ આસ્વાદ્ય બનાવે છે.

■

**ફોતરું**

*અડધી રાતે ગામ છેવાડે ભેંકડો તાણી છોકરું રડ્યું,*
*ગામનો ખેડૂત એમ મર્યો જાણે ઘઉંથી અલગ ફોતરું પડ્યું.*

*દૂરની સીમે બોલતાં શિયાળ, ઘરમાં ચીબરી બોલે,*
*ખેતરમાં તો તમરાં ઊગ્યાં, ને વાયરો ઝાંપલી ખોલે.*

*વોંકળાકાંઠે પડઘો પડે ને પડઘે બળે લાશ,*
*લાશનો થયો કોલસો અને કોલસે લખ્યું હાશ.*

*ઝૂંપડીમાં તો કોઈ નથી ખાલી ખડની ભીંતનો ટેકો,*
*હવે પોશ ભરીને વહુઆરુની ચાકરીને બહાર ફેંકો.*

*વાડમાંથી કોઈ બીકનું માર્યું નીકળતું પરબારું,*
*ઠરતું ફાનસ લાગતું જાણે કાચ—ઢાંક્યું અંધારું.*

*અડધી રાતે ગામ છેવાડે ભેંકડો તાણી છોકરું રડ્યું,*
*ગામનો ખેડૂત એમ મર્યો જાણે ઘઉંથી અલગ ફોતરું પડ્યું.*

*–અનિલ જોશી*

# મંટોની બે વાર્તાઓ વિશ

પ્રોફેસર વારીસ હુસૈન અલ્વી | અનુવાદક : મુનીર વોરા

પ્રોફેસર વારીસ હુસૈન અલ્વી (1928-2014) ઉર્દૂ સાહિત્યના ખ્યાતનામ વિવેચક રહ્યા છે. ડૉ. શમશુર્રેહમાન ફારૂકી અને ડૉ. ગોપીચંદ નારંગ જેવા ટોચના વિવેચકો સાથે તેમને યાદ કરવામાં આવે છે. તેઓ પોતાના વિવેચનને સર્જનાત્મક વિવેચન તરીકે ઓળખાવે છે. તેમણે ગૌરવ પુરસ્કાર, ગાલિબ પુરસ્કાર, બહાદુરશાહ ઝફર એવોર્ડ જેવા અનેક પુરસ્કારો મેળવેલ છે. બીજા અનેક સાહિત્યકારોની સાથેસાથે તેમણે સઆ'દત હસન મન્ટોના સાહિત્યનું પણ નોંધપાત્ર વિવેચન કર્યું છે.

શ્રી અલ્વીના પુસ્તક-સઆદત હસન મંટો : હિંદુસ્તાની અદબકા મે'માર (भारतीय साहित्यका निर्माता) માં મન્ટોના સર્જનના વિશ્લેષણ પૈકી 02 વાર્તાઓનો ભાવાનુવાદ અત્રે પ્રસ્તુત છે. આશા છે કે વાચકોને ગમશે.

**ખોલ દો :**

ઠંડા ગોશ્ત પર જેમ કેસ થયો એમ ખોલ દો ઉપર પણ થયો. પરંતુ આ બંને - રમખાણો ઉપર - મન્ટોની ખૂબ જ પ્રભાવક વાર્તાઓ છે. ખોલ દો તો સુંદર કારીગરીથી બનાવેલી એક નાનકડી રિવૉલ્વર જેવી છે જેને હજી તો આપણે કોઈ રમકડું સમજતા હોઈએ છીએ ત્યાં તો અચાનક જ તેમાંથી વછૂટેલી ગોળી પોતાનું કામ કરી જાય છે. ફક્ત છ જ પાનાની આ નાનકડી વાર્તાએ જે રીતે વાચકોના દિલોદિમાગને પ્રભાવિત કર્યા છે એવું અન્ય કોઈ વાર્તા કરી શકી નથી. આ વાર્તામાં અણધાર્યા અંતની ટેક્નિકથી એકી સમયે ઊંડા દુઃખ, ભયાનક આઘાત અને અકથ્ય વેદના મિશ્રિત લાગણીઓની એવી તીવ્ર અનુભૂતિ મન્ટોએ ઊભી કરી છે કે જેની મિસાલ અન્યત્ર ભાગ્યે જ જોવા મળે. વાર્તાનો અંત હંટરના એવા ફટકા સમાન છે કે જે પડ્યા પછી આપણી કલ્પના જેમ જેમ પાછળની તરફ (ભૂતકાળમાં) દોડવા લાગે છે તેમ તેમ સકીના પર ખુદ તેની કોમના સ્વયંસેવકોએ જ ગુજારેલ ત્રાસની કલ્પના માત્રથી આપણું હૃદય બેસી જાય છે. અપાર જુલમોસિતમ, વારંવાર - વારંવાર કરવામાં આવેલ પાશવી બળાત્કાર કે જેને કારણે સકીના એક નિર્જીવ લાશ જેવી થઈ ગઈ છે તેનો વાર્તામાં ક્યાંય ઉલ્લેખ સરખોય નથી.

વાર્તાના અંતિમ પડાવમાં લાશની જેમ બેશુદ્ધ પડેલી સકીનાની નાડી ફંફોસતા, રૂમના બફારાથી ત્રસ્ત, ડૉક્ટર કહે છે, “બારી ખોલી નાખો” (खिड़की खोल दो); ત્યાં તો સકીનાનું નિષ્પ્રાણ શરીર હરકતમાં આવ્યું. નિર્જીવ હાથે તેણે ઈજારનું નાડું ખોલ્યું અને સલવાર નીચેની તરફ સરકાવી દીધી. આ તબક્કે, સકીના પર ગુજારેલ પાશવી બળાત્કારની જે ઘટનાઓ મન્ટોએ વાર્તામાં ક્યાંય વર્ણવી જ નથી તે એક પીડાદાયક ચલચિત્રની જેમ આપણાં મનોમસ્તિષ્ક પર તરવરી ઉઠે છે અને આપણે એક અજબ બેચેની અને સન્નાટામાં ગરકાવ થઈ જઈએ છીએ. આપણે એવા શોક અને આઘાતની ગર્તામાં ધકેલાઈ જઈએ છીએ કે તે ક્ષણે આપણે તેના ઘરડા બાપને પણ ભૂલી જઈએ છીએ કે જે ખુશીનો માર્યો ચિલ્લાઈ રહ્યો છે, “મારી બેટી જીવે છે, મારી બેટી જીવે છે” (मेरी बेटी ज़िंदा है) ખુશીનો માર્યો તે એ પણ નથી જોતો કે દીકરીના શરીરની જે હરકતને કારણે તે જીવિત જણાઈ રહી છે એને અન્ય સંજોગોમાં કોઈ પણ સ્વાભિમાની પિતા સહન જ ના કરી શક્યો હોત. આપણે એ ક્ષણે પેલા ડૉક્ટરને પણ ભૂલી જઇએ છીએ કે જેના માટે અનાવૃત્ત શરીર સાથે કામ પાડવું એ રોજીંદો ઘટનાક્રમ છે, પણ અહીં સકીનાની હરકત જોઈને એ પણ પરસેવે રેબઝેબ થઈ જાય છે.

આ તો અંજામ હતો. બાકીની વાર્તા જો કે ખૂબ જ ટૂંકી છે પરંતુ વિભાજનની વેદનાઓ, રમખાણો, મોહાજિરોના કાફલા, રાહત કેમ્પો, કેમ્પોમાં ચાલતી ગરબડો/સ્વાર્થી મનોવૃત્તિઓ, સ્વયંસેવકોને સકીનાનું મળવું છતાં તેના પિતાને સોંપવાને બદલે પોતાની પાસે જ રાખી મૂકવું, જ્યારે પણ પિતા પૂછપરછ કરે ત્યારે “મળી જશે, મળી જશે “ એવો ખોટ્ટો દિલાસો આપવો, બિચારા બાપનું તેમને આશીર્વાદ આપતા રહેવું; આ અને આવી તો અનેક વ્યંગ્યપૂર્ણ અને અર્થપૂર્ણ ઘટનાઓથી વાર્તા ભરી પડી છે. મન્ટોએ સકીનાની ખૂબસૂરતીનું એક સુંદર ચિત્ર આપણા મનોજગતમાં ઉપસાવ્યું છે, પણ તેના પિતાના મુખે. ખૂબસૂરત સકીનાને આપણે જોઈએ પણ છીએ, પણ લાચાર અને ભયગ્રસ્ત એવી પીડિત અવસ્થામાં. તેની સુંદરતા સ્વયંસેવકોની નજરમાં તો વસી જાય છે પણ આપણે તો તેની ત્રાસદી, લાચારી અને નિસહાયતા જોઈને થીજી જઈએ છીએ. મન્ટોએ આ વાર્તા એટલી નિષ્ઠુરતાથી લખી છે કે તે આપણા દિલમાં રહેમ કે આંખોમાં આંસુ પણ આવવા દેતો નથી. એ ભયાનક વિભીષિકા કે જેનું કોઈ જ વર્ણન એણે વાર્તામાં કર્યું નથી એને વિસ્ફારિત આંખે જોતા રહી જવાનો શો અર્થ થાય છે એ આ વાર્તા આપણને કહી જાય છે.

**ગુરુમુખસિંઘકી વસિયત :**

ગુરુમુખસિંઘકી વસિયત એ બીજી એક લાજવાબ વાર્તા છે જે રમખાણો પર લખવામાં આવી છે. ગુરુમુખસિંઘ દર વર્ષે ઈદ પર મિયાં અબ્દુલ-હઈને સેવૈઈયાં (ઈદ પર બનતી સેવો) પહોંચાડે છે. ગુરુમુખસિંઘ ગુજરી ગયો છે પણ તેના દીકરાને વસિયત કરતો ગયો છે કે દર વર્ષે ઈદ પર મિયાંસાહેબને સેવઈયાં જરૂરથી પહોંચતી રહેવી જોઇએ. પરંતુ આ વર્ષે ઈદ રમખાણોની અગનઝાળમાં આવી છે જે વિભાજન પછી ભડકી ઉઠ્યા છે. અબ્દુલ-હઈ લકવાગ્રસ્ત છે અને ઘરમાં એક ગભરાયેલી જવાન દીકરી છે અને ભયગ્રસ્ત નાનકડો દીકરો છે. શહેરમાં ચારેય તરફ આગની ભીષણ જ્વાળાઓ, ધુમાડાના ગોટેગોટા, ગોળીઓના અવાજો અને બોમ્બ ધડાકાનું ભયાનક વાતાવરણ છે પરંતુ આ વાતાવરણમાં પણ સંતોખસિંઘ પોતાના પિતાની વસિયત પૂરી કરે છે. સેવૈઈઓ પહોંચાડીને જ્યારે તે સડક પર પાછો આવે છે ત્યારે ચાર બુકાનીધારી માણસો હાથમાં હથિયારો અને ભડભડતી મશાલો લઈને તેની રાહ જોતા ઉભેલા હોય છે. સંતોખસિંઘે જજસાહેબને ત્યાં જતાં પહેલા તેમને સમજાવ્યા હોય છે કે, એક વાર તે જજસાહેબને સેવઈઓ પહોંચાડી દે પછી જે તેમની મરજી પડે તે કરે. સંતોખસિંઘ જ્યારે પરત ફરે છે ત્યારે પેલા લોકો તેને પૂછે છે કે, “તો પછી કરી દઈએ મામલો ઠંડો, જજસાહેબનો” અને સંતોખસિંઘ એમ કહીને જતો રહે છે કે, “હા, જેવી તમારી મરજી” અને વાર્તા અહીં પૂરી થઈ જાય છે.

જે રીતે ખોલ દો માં વાચકની કલ્પના પાછળની તરફ (ભૂતકાળમાં) દોડવા લાગે છે અને એ ભયાનક બનાવોનું ચિત્રણ એના દિમાગમાં ફરી વળે છે જેમાંથી સકીનાને પસાર થવું પડ્યું છે પરંતુ જેનું કોઈ જ વર્ણન વાર્તામાં મળતું નથી તે જ રીતે ગુરુમુખસિંઘમાં વાચકનું મન આગળની (ભાવિ) ઘટનાઓ તરફ દોડી જાય છે અને એ હેબતનાક જુલમોસિતમની કલ્પનામાત્રથી થથરી ઊઠે છે જેનું વાર્તામાં કોઈ વર્ણન જ નથી પણ જે જજસાહેબ, તેમની જુવાન ગભરુ બેટી અને નાનકડા દીકરા પર પેલા ચાર બુકાનીધારીઓએ ગુજાર્યો હશે.

ભયાનક અને ખૌફનાક ઘટનાઓનું કશું જ નિરૂપણ નહીં કરીને પણ ખૌફ, ભય, લાચારી, નિરાશા અને ડરનું વાતાવરણ ઊભું કરી દેવું તે કલાની પરાકાષ્ઠા (મે'રાજ)[૧] છે.

Franceના એક લડાયક વિમાનનું નામ મિરાજ પણ આના પરથી પડ્યું હોવાનું ઘણા લોકો માને છે.

■

1. મે'રાજ : હઝરત મુહમ્મદ પયગંબર સાહેબને જે રાતમાં મક્કાથી જેરુસલેમ અને ત્યાંથી ઉપર સહુથી ઊંચા આસમાનમાં અલ્લાહ પાસે લઈ જવામાં આવ્યા હતા તેને મે'રાજની ઘટના તરીકે ઓળખવામાં આવે છે.

# વીજળીના ચમકારે - ૨

દર્શના ધોળકિયા

**'અનુભવીને એટલું, આનંદમાં રહેવું રે....'**

– કૃષ્ણજી

મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી ધારાના, ભલે ઓછા જાણીતા પણ સાહિત્યના ઇતિહાસમાં પ્રમુખ ગણાવાયેલા એવા કવિ કૃષ્ણજી અખાના પુરોગામી કવિ છે. ડૉ. સુરેશ જોષીએ કૃષ્ણજીનો પરિચય આપવાનો લગભગ પહેલવહેલો કહી શકાય તેવો પ્રયત્ન કર્યો છે. તેઓ આ કવિ કાળદૃષ્ટિએ નરહરિ – અખાના જ્યેષ્ઠ કવિ હોવાનું અનુમાન કરે છે. કૃષ્ણજીનો મૂળ વિચાર નિર્ગુણધારાનો છે, પણ મધ્યકાળના કોઈ પણ મોટા સંતકવિની જેમ કૃષ્ણજીએ સંતપરંપરાએ આરાધેલો ભક્તિવિચાર પણ આત્મસાત્ કર્યો જ છે.

મધ્યકાળમાં જ્ઞાની કવિનો અર્થ થાય છે અનુભવી સંત. આ સંતોને મતે અનુભવ કરવા માટે શાસ્ત્રજ્ઞાન આવશ્યક નથી. શાસ્ત્રજ્ઞાન કદાચ નરી પંડિતાઈને પ્રેરે-પોષે કે. ઈશ્વરાનુભૂતિ માટે તો આવશ્યક છે ભક્તિ, અનુભવ ને ભક્તિનો સમન્વય. જ્ઞાન-વ્યક્તિની આવી મૌલિક સહોપસ્થિતિએ આ કવિઓની વાણીમાં એક નવી તાજગી પૂરી છે. પોથીજ્ઞાન નહીં પણ પંડનો અનુભવ આ સાધકોની મોટી મૂડી બની રહ્યો છે. પંડમાં રહેલા પરમાત્માને ઝંખતો આ સાધક જ્યારે પંડને પૂરેપૂરો પ્રમાણી લે છે ત્યારે બને છે અનુભવી સાધક, નીવડેલો જણ. આવા નીવડેલા જણની લાક્ષણિકતા, એની ઓળખ શી હોઈ શકે એ કહેવાનો અહીં કવિનો આશય છે. સમગ્ર કાવ્યમાં મહત્ત્વનો સાર છે 'અનુભવી ! ઈશ્વર વિશે, ઈશ્વરપ્રાપ્તિ વિશે, એ પ્રાપ્તિના ઉપાયો વિશે અભિપ્રાય આપવાનો અધિકાર માત્ર ને માત્ર અનુભવીને જ હોઈ શકે. આ ક્ષેત્રમાં અનુભવી વિના કોઈનું કામ નહીં.'

આવા અનુભવીને ઓળખવો કેમ? એના રંગઢંગથી જ વળી. એની પ્રશાંત મુદ્રા, એની બોલચાલ, એનું હલનચલન કહો કે એની એકેએક મુદ્રામાં એનું અનુભવીપણું વરતાઈ જ આવવાનું. એની પીઢતા, એની ધીરતા જ એના અનુભવનું પ્રમાણ; એના કથનની સચ્ચાઈમાં એનો અનુભવ રણકવાનો જ.

પ્રસ્તુત પંક્તિમાં રહેલી શમનની પ્રસન્નતા, પોતે પ્રાપ્ત કરેલ અનુભવનો નિચોડ જે પરિભાષામાં વ્યક્ત થયો છે તે પરિભાષા જ આવા એક અનુભવીની છે. મધ્યકાળના

સંતકવિઓની મજા જ આ છે. એ લોકો એકલા સંત નથી ને એકલા કવિ પણ નથી. એમની પાસે અનુભવનું ઓસડ છે ને એ અનુભવનું ગાન કરવા માટે કવિત્વનું વરદાન છે. બલકે એ વરદાન અનાયાસ તેમને આવી મળ્યું છે. અંદરની અનુભૂતિએ આપેલ ધક્કાથી એમનું કવિત્વ અચાનક સળવળ્યું છે ને કવિતા રચાઈ ગઈ છે. પ્રસ્તુત પંક્તિ એનું પ્રમાણ છે.

કૃષ્ણજીને મન અનુભવીએ મેળવેલી જો કોઈ મોટામાં મોટી ફલશ્રુતિ હોય તો તે છે પ્રસન્નતાની પ્રાપ્તિ. સુખ—દુઃખ, રાગ-દ્વેષનાં દ્વંદ્વોથી આવો અનુભવી એટલો તો બહાર નીકળી ગયો હોય છે કે હવે એની પાસે રહી છે માત્ર નરી પ્રસન્નતા. આવો મનુષ્ય સદાબહાર હોય છે. એની ખિલાવટ એને એટલી તો મહોરાવી દે છે કે તે આનંદનો પર્યાય બની જાય છે. આપણા કોઈ પણ અવતારપુરુષ કે સંતને જોતાંવેંત આ લક્ષણ ઊડીને આંખે વળગતું હોય છે. હિન્દુ ધર્મના પૂર્ણાવતાર કૃષ્ણ એનું સૌથી મોટું પ્રમાણ છે. ગોકુળ છોડતાં, કંસ પાસે પ્રવેશતાં, મથુરાથી નાસતાં, દુશ્મનોની વચ્ચે ઊભા રહેતાં, ગાંધારીનો શાપ મેળવતાં, અરે, મહાભારતના ધર્મયુદ્ધની ક્ષણે બંને સૈન્યોની મધ્યમાં અર્જુનનો રથ સ્થાપતાં—આવી કોઈ પણ કટોકટીની પળે કૃષ્ણના ચહેરા પરનું સ્મિત તલભર પણ વિલાયું નથી. વનમાં જીવન પસાર કરતા રહેલા રામ ને યુધિષ્ઠિરની પ્રસન્નતા સહેજ પણ અળપાઈ નથી. દેશના અનેક પ્રશ્નોને કાયમ તંગ પરિસ્થિતિની વચ્ચે હલ કરતા રહેલા મહાત્મા ગાંધી એના સ્મિતને કારણે સૌને પોતાના લાગ્યા છે. ઘર ને સ્વજનોથી કાયમ ત્યજાતા રહેલા નરસિંહે ગાતાં ગાતાં ઈશ્વરને આરાધ્યો છે. ઘોર તપસ્યા કરતા રહેલા મહાવીર ને બુદ્ધના ચહેરા પર પસાર કરેલા શ્રમનું ચિહ્ન સુધ્ધાં નથી. આ જ છે અનુભવીનો મહિમા.

અહીં કૃષ્ણજીએ એક જ પંક્તિમાં નહીં પણ એક શબ્દમાત્રમાં જીવતરના ગાઢ વનના અંધકાર પર દર્શનનું અજવાળું ધરીને સહૃદયને કૃતકૃત્ય કરી દીધો છે.

■

**મુક્તિ**

*જળથી છૂટાં વ્હાણ તરે ને વ્હાણથી છૂટા શઢ*
*શઢથી છૂટું લૂગડું ઊડે ને લૂગડે ઢાંક્યા ગઢ*

*ગઢથી છૂટી કાંકરી ખરે ને આભથી છૂટાં ખગ*
*ખગથી છૂટું પીંછડું ઊડે ને ચાલથી છૂટા પગ*

*આંખથી છૂટું જોણ ઊભું ને હાથથી છૂટાં કામ*
*નાકથી છૂટો વાયરો વાતો ને જીવથી છૂટા રામ*

*–અનિલ જોશી*

# સર્જક સાથે સંવાદ :

મુલાકાત લેનાર : ઊર્મિલા વાઘમશી. (રિસર્ચ સ્કૉલર)
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
મુલાકાત આપનાર : વિજય શાસ્ત્રી.

વિજય શાસ્ત્રી ગુજરાતી સાહિત્યના એક સુપ્રસિદ્ધ વાર્તાકાર, નવલકથાકાર, વિવેચક, સંશોધક અને અનુવાદક છે. ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તા, નવલકથા, વિવેચન અને અનુવાદ ક્ષેત્રે તેમણે વિપુલ પ્રમાણમાં પ્રદાન કર્યું છે. આ ઉપરાંત તેમની પાસેથી ચાર જેટલાં હાસ્ય અને વ્યંગ્યનાં પુસ્તકો, પ્રવાસકથા અને સ્મરણકથા પણ મળે છે. તેમના વાર્તાસંગ્રહો પુરસ્કૃત પણ થયા છે. વર્ષો સુધી તેમણે M.T.B. આર્ટ્ સ કૉલેજમાં અધ્યાપન કાર્ય કર્યું છે. હાલ તેઓ નિવૃત્ત જીવન ગાળે છે.

ઊર્મિલા વાઘમશી : આપના બાળપણ અને પારિવારિક ઉછેર વિશે જણાવો.

વિજય શાસ્ત્રી : મારો જન્મ ૧૦ ઑગસ્ટ, ૧૯૪૫ના રોજ મુંબઈમાં મારા મોસાળમાં થયો હતો. મારા પિતાનું નામ રમણલાલ શાસ્ત્રી અને માતાનું નામ રમા ગૌરી. પિતાજીની નોકરી સુરતમાં હતી એટલે હું સુરતમાં જ રહ્યો. શાળાશિક્ષણ પણ સુરતમાં લીધું અને કૉલેજનું શિક્ષણ પણ સુરતમાં જ લીધું. મારાં બે ભાઈ-બહેનો છે. બંને અત્યારે વિદેશમાં છે. માતા અને પિતા અવસાન પામ્યાં છે.

૧૯૬૧માં મેં SSCની પરીક્ષા પાસ કરી. અને પછી હું M.T.B. આર્ટ્ સ કૉલેજમાં જોડાયો. ભણતર પૂરું કરીને નોકરી પણ ત્યાં જ મળી ગઈ. ૧૯૬૭થી ૨૦૦૭ સુધી ચાળીસ વર્ષ એક જ સંસ્થામાં મેં પસાર કર્યાં અને અત્યારે હું નિવૃત્તિ ભોગવી રહ્યો છું. M.T.B.ના ઘણા વિદ્યાર્થીઓ પણ હજુ કોઈક ને કોઈક કારણસર માર્ગદર્શન જોઈતું હોય તો મારી પાસે આવે છે.

ઊર્મિલા વાઘમશી : આપની શૈક્ષણિક યાત્રા વિશે થોડુંક જણાવો.

વિજય શાસ્ત્રી : મારું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સુરતમાં થયું. પણ તે વખતે હું બહુ સભાન ન હતો એટલે ઊંચા ક્રમાંકમાં મારો નંબર લાગે નહીં. વર્ગમાં ૪૫ બાળકો હોય તો મારો ૪૫મો નંબર આવે. છેતાળીસમો છોકરો હતો જ નહીં, બાકી તો છેતાળીસમો નંબર આવત.

કૉલેજમાં આવ્યા પછી ગુજરાતી મુખ્ય વિષય તરીકે રાખ્યો અને પછી કોણ જાણે કેમ મને એમાં ખૂબ રસ પડ્યો. અધ્યાપકો પણ ખૂબ સરસ હતા. જયંતભાઈ પાઠક, જે કવિ અને વિવેચક હતા. કુંજવિહારી મહેતા, હકૂમતરાય દેસાઈ, જયંત પટેલ, આ બધા એટલા ઇમ્પેક્ટવાળા માણસો કે એમની હાજરીમાં હું સાહિત્ય તરફ વળ્યો અને તમે જાણો છો તે પ્રમાણે M.A. સુધી પહોંચ્યો. B.A.માં પ્રથમ વર્ગ આવ્યો. M.A.માં પણ પ્રથમ વર્ગ આવ્યો. Ph.D. ૧૯૮૧માં કર્યું. તે પણ ટૂંકી વાર્તા પર કર્યું. ચાર વાર્તાકારો મેં પસંદ કરેલા. જયંત ખત્રી, કવિ સુન્દરમ્, ઉમાશંકર જોશી અને જયંતી દલાલ. ત્યારબાદ પુસ્તક રૂપે પણ મારો થીસિસ પ્રકાશિત થયો. જેની અત્યાર સુધી ચાર આવૃત્તિઓ થઈ છે.

ઊર્મિલા વાઘમશી : આપની પાસેથી લગભગ દસેક જેટલા વાર્તાસંગ્રહો મળે છે. તો વાર્તાસર્જન કરવા તરફ આપ કેવી રીતે પ્રેરાયા?

વિજય શાસ્ત્રી : અભ્યાસમાં વાર્તાઓ આવતી તેનાથી હું ખૂબ જ ઇમ્પ્રેસ થતો. ઈશ્વર પેટલીકરની 'લોહીની સગાઈ' વાર્તા હોય, ચંદ્રકાંત બક્ષીની 'એક સાંજની મુલાકાત' વાર્તા હોય કે રામનારાયણ પાઠકની 'મુકુન્દરાય' નામની વાર્તા હોય, તે બધાની ખૂબ જ અસર મારા પર પડતી. અને એમ કરતાં કરતાં, વાર્તા ભણતાં ભણતાં, વાર્તા લખવાનો આનંદ આવ્યો. અત્યારે લગભગ ૯ થી ૧૦ જેટલા મારા વાર્તાસંગ્રહો પ્રકાશિત થઈ ચૂક્યા છે.

ઊર્મિલા વાઘમશી : આપની પ્રથમ વાર્તા 'મિસિસ શાહની એક બપોર' છે. તો નારી સંવેદનાને રજૂ કરતી આવી વાર્તા રચવાની પ્રેરણા આપને ક્યાંથી મળી?

વિજય શાસ્ત્રી : પ્રશ્ન બહુ અઘરો છે, પરંતુ વાર્તા મગજમાં આવે પછી એને શબ્દોમાં ઉતારવાની. એ બધી આખી એક્સરસાઇઝ અનાયાસે જ થઈ ગઈ. કશુંક વાંચીને નહીં પણ મારા મનમાં આ પ્રકારનો વિચાર આવ્યો અને એને શબ્દ રૂપે મૂક્યો. પ્રેરણા મળી છે એ રીતે હું વાર્તા લખી શકતો ન હતો, લખી પણ નથી. સ્વયંભૂ રીતે જ જે મનમાં આવે એની ઉપર હું કામ કરું છું.

ઊર્મિલા વાઘમશી : આપની એવી કોઈ વાર્તા ખરી કે જે આપે પશ્ચિમી સાહિત્યની વાર્તાના પ્રભાવ હેઠળ લખી હોય?

વિજય શાસ્ત્રી : પશ્ચિમી સાહિત્યનો એવો કોઈ સીધો પ્રભાવ મારા પર નથી. વાંચેલી વાર્તાઓની શૈલી, પાત્રાલેખન, આ બધું આડકતરી રીતે ભાગ ભજવે છે. પણ કોઈ સીધો પ્રભાવ મારા પર પડ્યો નથી. હા, પશ્ચિમી વાર્તાઓના અનુવાદ મેં ઘણા કર્યા છે. ચેખોવની વાર્તાઓના અનુવાદ કર્યા છે, દોસ્તો-એ-વસ્કીની વાર્તાઓના અનુવાદ કર્યા છે, હેમિંગ્વેની વાર્તાઓના અનુવાદ કર્યા છે, બીજા ઘણા લેખકોની વાર્તાઓના અનુવાદ કર્યા છે. પણ એનો સીધો કોઈ પ્રભાવ મારી ગુજરાતી વાર્તા પર પડ્યો હોય એમ કહી શકતો નથી.

ઊર્મિલા વાઘમશી : સર્જક સંવેદનશીલ હોય છે. એવી કોઈ ઘટના કે બનાવ આપના જીવનમાં બન્યો હોય, જેનાથી આપનું સંવેદન ખળભળી ઊઠ્યું હોય અને વાર્તા રચાઈ હોય, તો તે વિશે વાત કરો.

વિજય શાસ્ત્રી : એવું કંઈ ખાસ છે નહીં. પ્રસંગ બને એ જરૂરી નથી. એટલે મનમાં જે આવે તે વાસ્તવિક રીતે હોય જ એ જરૂરી નથી. મારી વાર્તાઓમાં આવી રીતે કોઈ બનાવને કારણે સર્જન થયું હોય, એમ હું કહી શકતો નથી.

ઊર્મિલા વાઘમશી : આપની પાસેથી વિવેચનનાં ઘણાં પુસ્તકો મળે છે. વિવેચન પ્રવૃત્તિ તરફ આપ કેવી રીતે વળ્યા?

વિજય શાસ્ત્રી : અભ્યાસમાં જે વિવિધ કૃતિઓ આવે એના વિશે લખવું તો પડે જ. પરીક્ષા માટે પણ તૈયાર કરવું પડે. એટલે પ્રથમ તો મારું વિવેચન પરીક્ષાના જવાબ લખવાથી શરૂ થયું. અને પછી હું 'ગુજરાત મિત્ર' નામના દૈનિક અખબારમાં જોડાયો. એમાં સાહિત્યની એક કૉલમ ચાલતી હતી 'અક્ષરની આરાધના'. જે આજે પણ ચાલે છે. એના જે મૂળ લેખક હતા કૃષ્ણવીર દીક્ષિત (પરંતપ) – તેઓ છ સાત મહિના માટે વિદેશ ગયા. તે વખતે મને ભગવતીકુમાર શર્માએ કામ સોંપ્યું કે તમે થોડો વખત પુસ્તકોની સમીક્ષા લખો. એ રીતે મેં સમીક્ષા લખવાનો આરંભ કર્યો. પણ ત્યાર પછી બીજાં બધાં સામયિકોમાં પણ મારાં વિવેચનો અને અવલોકનો છપાયાં છે અને સૈદ્ધાંતિક નિબંધો પણ મેં ઠીક ઠીક પ્રમાણમાં લખ્યા છે. મારાં વિવેચન પુસ્તકોમાં એ તમે જોઈ શકશો.

ઊર્મિલા વાઘમશી : આપના પ્રિય ગુજરાતી વિવેચક કોણ છે? શા માટે?

વિજય શાસ્ત્રીઃ મારા પ્રિય વિવેચક ગુજરાતીમાં એક નથી. એકથી વધારે છે. જેમાં સૌથી પહેલા આવે રામનારાયણ પાઠક. જે દ્વિરેફ ઉપનામથી વાર્તા લખતા. બીજા આવે હરિવલ્લભ ભાયાણી, જેમણે ભાષાવિજ્ઞાનનાં ઘણાં પુસ્તકો આપ્યાં, વ્યાકરણનાં પુસ્તકો પણ આપ્યાં. ત્રીજા સુરેશ જોશી, જેમના નિરીક્ષણ હેઠળ મેં ઘણું કામ કર્યું. તેઓ પોતે પણ મૅગેઝિન ચલાવતા અને મને લખવાનું કહેતા. તેમના 'ઊહાપોહ' અને 'એતદ્' નામના મૅગેઝિનમાં તેમના કહેવાથી મેં ઘણું કામ કર્યું છે.

ચોથા છે જયંત કોઠારી, જયંત કોઠારીની પારદર્શક ભાષા રામનારાયણ પાઠકને મળતી આવે છે.

પાંચમા અને છેલ્લા ગણાવું તો જયંત પાઠક. આ પાંચ જે રીતે લખતા હતા, તેમની શૈલી, તેમનો આખો એપ્રોચ મને આડકતરી રીતે ખૂબ ગમ્યો. અને હું એ રીતે લખવાનો પ્રયત્ન કરું પણ છું.

ઊર્મિલા વાઘમશી : નવલકથા પણ વાર્તા સ્વરૂપની જેમ કથાસાહિત્યનો જ એક પ્રકાર છે. તો નવલકથા ક્ષેત્રે ઓછું ખેડાણ કરવા પાછળનું કંઈ કારણ?

વિજય શાસ્ત્રી : મેં બે નવલકથાઓ લખી છે 'હું અને હું' અને 'એક હતો માણસ'. પણ એમાં જોઈએ એવી જમાવટ થઈ નથી. એટલે હું એને બહુ સફળ કૃતિઓ ગણતો નથી. અર્ધસફળ કે અર્ધનિષ્ફળ, એ પ્રકારની આ કૃતિઓ છે. અને જેમાં પૂરેપૂરું ઇન્વૉલ્વમેન્ટ ન થાય એવા પ્રકાર પાછળ હું સમય બગાડતો નથી. કારણ કે મહેનત કર્યા પછી પણ જો ફળ ન મળતું હોય, એનું પરિણામ સારું ન આવતું હોય તો આગળ મહેનત કરવામાં હું માનતો નથી. અને ત્યારથી હું નવલકથા વાંચું છું ખરો, પણ લખતો નથી.

ઊર્મિલા વાઘમશી : 'એક હતો માણસ' નવલકથામાં પાત્રો અને પરિવેશ વિદેશી છે. તો વિદેશી પાત્રો અને પરિવેશ આપ શી રીતે સર્જી શક્યા?

વિજય શાસ્ત્રી : 'એક હતો માણસ' આમ જોઈએ તો રૂપાંતરિત કથા છે. તેમાં અમેરિકન નિગ્રો લેખક જેમ્સ આર્થર બાલ્ડવિલ્નના જીવનનો એક પ્રસંગ આધાર રૂપે લીધો છે. ભલે એમાં મારું નામ નોંધાયું હોય, પણ એ મારું મૌલિક સર્જન ન ગણાય. એના જે લેખક છે અને એમણે જે વાત કરી છે, એને થોડોક વિશેષ વળાંક આપીને મારી રીતે લખવાનો મેં પ્રયત્ન કર્યો છે. એ પુસ્તક અત્યારે અપ્રાપ્ય છે. મેં પણ એને એક જ વખત પ્રકાશિત કરાવી. પછી આ નવલકથા વિદેશી છે એટલે કોઈ પ્રકાશક એને પ્રકાશિત કરવા તૈયાર થયો નહીં. અને ત્યાર પછી હું ટૂંકી વાર્તાના સંગ્રહો તરફ વળ્યો અને નવ સંગ્રહો મેં આપ્યા છે. નૂતન જાનીએ મારી વાર્તાઓનું સંપાદન કર્યું છે. બીજું સંપાદન મેં પોતે કર્યું છે, 'વિજય શાસ્ત્રીની શ્રેષ્ઠ વાર્તાઓ'. આ બંને સંપાદનો અવારનવાર યુનિવર્સિટીના પાઠ્યક્રમમાં આવ્યાં હતાં અને વિદ્યાર્થીઓ સુધી પહોંચ્યાં હતાં. એનો મને સંતોષ છે અને આનંદ પણ છે.

ઊર્મિલા વાઘમશી : કાવ્ય ક્ષેત્રે આપનું પ્રદાન રહ્યું નથી. તો શા માટે તમે કાવ્યો લખ્યાં નથી?

વિજય શાસ્ત્રી : છેક એવું નથી. શરૂઆતમાં ૧૯૬૫-૬૬માં મેં ઘણાં કાવ્યો લખેલાં. પણ ત્યાર પછી કવિતાને વાસ્તવિકતા સાથે કોઈ સીધો સંબંધ નથી એવું મને લાગ્યું. મારો મૂળ હેતુ આપણી આસપાસનો જે પરિવેશ છે તેને વાર્તામાં લાવવાનો છે. અને વાર્તા જેટલી વંચાય છે એટલી કવિતા વંચાતી નથી. વાર્તાલેખક વાર્તાને તરત જ વાચક સુધી પહોંચાડી શકે છે. જ્યારે કવિતામાં મને હજુ પણ પૂરેપૂરી સમજ પડતી નથી. જે કાવ્ય મને સમજાય તે જ હું વાંચું છું. જે કાવ્યમાં થોડી પણ અસ્પષ્ટતા લાગે તો હું વાંચતો નથી.

ઊર્મિલા વાઘમશી : આપની પાસેથી હાસ્ય અને વ્યંગ્યનાં પુસ્તકો મળે છે. હાસ્ય અને વ્યંગ્યનાં પુસ્તકો લખવાની પ્રેરણા આપને ક્યાંથી મળી?

વિજય શાસ્ત્રી : વાસ્તવિક અનુભવો એટલા બધા થયા ને ! અને આપણી આસપાસના માણસોનું વર્તન અને વાણી જોઈને મને એના પર કટાક્ષ કરવાનું મન થયું. અને એ બધાં લખાણો 'લીલા અપરંપાર', 'ક્યુંકી છાશ ભી કભી દહીં થી', 'ખાલી ખાલી આવો' જેવાં પાંચેક પુસ્તકોમાં સંગ્રહિત છે. એમાંથી એકને અકાદમીનું ઇનામ પણ મળ્યું છે.

ઊર્મિલા વાઘમશી : આપની પાસેથી અનુવાદનાં પુસ્તકો પણ મળે છે. આપની અનુવાદપ્રવૃત્તિ વિશે જણાવો.

વિજય શાસ્ત્રી : પશ્ચિમની જે કૃતિઓ ગમતી હોય તેને ગુજરાતીમાં લાવવાનો મારો પ્રયત્ન હોય છે. મારી અનૂદિત વાર્તાઓના બે સંગ્રહો અત્યાર સુધી પ્રગટ થયા છે, 'પરાયા મુલકમાં' અને 'વિશ્વની શ્રેષ્ઠ પ્રતિનિધિ વાર્તાઓ' 'પરાયા મુલકમાં' જે વાર્તાઓ

છે, એમાંની ચાર વાર્તાઓનો અનુવાદ મારાં શ્રીમતી દીપ્તિબહેન શાસ્ત્રીએ કર્યો છે. એટલે એ પણ સહલેખિકા ગણી શકાય.

ઊર્મિલા વાઘમશી : આપની પાસેથી જે અનુવાદિત કૃતિઓ મળે છે તે પશ્ચિમી સાહિત્યની જ છે. પશ્ચિમી સાહિત્યની કૃતિઓમાં વિશેષ રુચિનું કારણ જણાવો.

વિજય શાસ્ત્રી : સાવ એવું નથી. મેં ચાઇનીઝ અને જાપાનીઝ વાર્તાઓનો પણ (જો તે અંગ્રેજી માધ્યમથી અનુવાદ પામેલી હોય) તો તેના અનુવાદો કર્યા છે. એટલે પશ્ચિમના રશિયા, ઇંગ્લૅન્ડ અને અમેરિકન, આ બધી વાર્તાઓની સાથે પૂર્વ તરફના જાપાન, ઇન્ડોનેશિયા અને ચીનની વાર્તાઓના પણ જો તમે ઝીણવટથી મારા અનુવાદો જોશો તો ચોક્કસ મળશે. પણ હવે આંખની તકલીફ શરૂ થઈ છે એટલે બહુ વંચાતું નથી. અને લખવાનું પણ થતું નથી. કામ બેત્રણ પડ્યાં છે, પણ લખવાવાંચવાની આળસને લીધે અટકેલાં છે.

ઊર્મિલા વાઘમશી : આપના પરમ મિત્ર સતીશ વ્યાસ એક સુપ્રસિદ્ધ નાટ્યકાર છે. તો આપને ક્યારેય નાટક લખવાનો વિચાર આવ્યો હતો ખરો?

વિજય શાસ્ત્રી : સતીશભાઈ મારા મિત્ર છે એ વાત સાચી છે, પણ એમને નાટકના સંસ્કારો ગળથૂથીમાં મળેલા. એમના પિતાશ્રી ઘનશ્યામ વ્યાસે પણ નાટકો લખ્યાં છે. અને એ રીતે એમના ઘરમાં નાટકનું વાતાવરણ હતું અને મૂળ વાત ઇન્ટરેસ્ટની છે. સતીશભાઈને જેવો ઇન્ટરેસ્ટ નાટકમાં પડ્યો, એવો મને નહીં પડ્યો, અને મને બીજા પ્રકારમાં પડ્યો (વાર્તાના પ્રકારમાં) એટલે હું એ તરફ વળ્યો. એટલે માણસનો રસ કઈ દિશામાં છે એ તેના સર્જનને સમજવા માટે મૂળભૂત વાત છે.

ઊર્મિલા વાઘમશી : આપે ઈ.સ. ૧૯૬૮થી ૨૦૦૮ સુધી M.T.B. આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક તરીકે ભૂમિકા ભજવી છે. તો અધ્યાપક તરીકેના આપના અનુભવો વિશે થોડીક વાત કરો.

વિજય શાસ્ત્રી : મેં MTB આર્ટ્સ કૉલેજમાં ૪૦ વર્ષ સુધી કામ કર્યું. અને M.A. અને Ph.D. સહિતના વિદ્યાર્થીઓને પણ માર્ગદર્શન આપ્યું. એવો કોઈ ખાસ અનુભવ નથી. આપણે વર્ગમાં જઈએ અને વિદ્યાર્થીઓને જે રસ પાડી શકીએ એ વધારે મહત્ત્વનું છે. સાચા શિક્ષકનું કામ વિદ્યાર્થીઓને રસ લેતા કરવાનું છે. જે હું મારા અધ્યાપકો પાસેથી શીખ્યો છું. એટલે મારી નોકરીનાં જે ચાળીસ વર્ષ હતાં તે ખૂબ જ સ્વર્ગીય કહેવાય. નિવૃત્ત થયા પછી પણ લગભગ દસ વર્ષ સુધી M.A.ના વર્ગોમાં કામ કર્યું છે. અને આપના જેવા Ph.D.ના જે વિદ્યાર્થીઓ હોય અને તેમને પણ કંઈ માર્ગદર્શન જોઈતું હોય તો હું આપતો રહ્યો છું. એટલે એવા કોઈ ખાસ અનુભવ નથી. કૉલેજનું જે રૂટિન હોય તે ચાલ્યા કરે. એમાં કોઈ વિશેષ અનુભવ નથી.

ઊર્મિલા વાઘમશી : આજની શિક્ષણવ્યવસ્થા વિશે આપનો શો અભિપ્રાય છે?

વિજય શાસ્ત્રી : આજની શિક્ષણવ્યવસ્થામાં આજની તારીખે તો હું સક્રિય નથી. પણ ૪૦ વર્ષ દરમિયાન જ્યારે હું સક્રિય હતો ત્યારે અભ્યાસક્રમ ખૂબ જ લાંબો હતો. અને

લાંબા અભ્યાસક્રમને વર્ગમાં પૂરો કરવાની તકલીફ હતી. M.A.માં નવલકથાનું પેપર હતું એમાં છ નવલકથાઓ હતી. એમાં સરસ્વતીચંદ્ર નવલકથાના ચારેય ભાગ અને બીજી છ નવલકથાઓ, એમ કુલ ૧૦ નવલકથાઓ ભણવાની હતી. એક રશિયન નવલકથા હતી અને એક બંગાળી નવલકથા હતી. એટલે એ રીતે બીજી ભાષાની નવલકથાઓ પણ અભ્યાસક્રમમાં હતી.

આજે પરીક્ષાઓનું ભારણ વધી ગયું છે અને એક વર્ષની સમયમર્યાદામાં સેમિસ્ટરો ખૂબ જ ટૂંકા થઈ ગયા છે. એટલે ભણાવવા કરતાં પરીક્ષાનાં કાર્યો ખૂબ વધી ગયાં છે. તેમાં પણ અધ્યાપકની મર્યાદાની બહારની સંખ્યામાં ઉત્તરવહીઓ તપાસવાની હોય છે. એક જમાનામાં મેં ૮૦૦ થી ૯૦૦ ઉત્તરવહીઓ એક સિઝનમાં તપાસી હતી. એટલે એ કામ આખું યાંત્રિક બની જાય છે. એમાં વિશેષ ન્યાય આપી શકાય નહીં. તેમ છતાં કોઈ આઉટસ્ટૅન્ડિંગ ઉત્તરવહી હોય તો તે આપણી નજરમાં રહે છે અને તે પ્રમાણે આપણે પરિણામ આપીએ છીએ.

ઊર્મિલા વાઘમશી : હજુ પણ તમે કંઈક નવું સર્જન કરવા માંગો છો ?

વિજય શાસ્ત્રી : મારી તબિયત હવે સારી રહેતી નથી. ચાર મહિના પહેલાં મને હૃદયની તકલીફ થઈ. અને એમાં એન્જિયોપ્લાસ્ટી અને બીજું ઘણું બધું કરાવવું પડ્યું. ત્યારથી મારી તબિયત વધારે લથડી ગઈ છે એટલે બહુ કામ કરી શકતો નથી. મારા ભાગનું કામ મારા પરિવારના ભાગે આવે છે. અને એ લોકો મારું કામ કરે એનાથી હું બહુ બેચેની અનુભવું છું.

■

### તિરાડ

*માટલીની તૈડને તો છાંદી શકાય પણ*
*જળની તિરાડ કેમ છાંદવી?*

*મીઠાનાં હલ્લેસાં લઈને નીકળિયાં પણ બોલપણે વાત હજી એંઠી*
*શીશીનાં ધાવણથી હેવાઈ જીભ હવે હાલરડાં ગોખવાને બેઠી!*

*કાંટા વિનાની મારી ટકટક કર્યા કરે એ કાંડા—ઘડિયાળ કેમ વાંચવી?*
*માટલાની તૈડને તો છાંદી શકાય પણ જળની તિરાડ કેમ છાંદવી?*

*બોલપનાં ખોરડાં વગોવાયાં એટલાં કે ઊગતાં નથી રે ક્યાંય ઝાડવાં*
*કાગળના મુઝિયમમાં ઔષધ ભરીને નથી શબ્દોનાં ખોખાં ટીંગાડવાં*

*કેડીને ફીરકીમાં વીંટી લઉં પણ જાતરાતી ચાલ ક્યાં પોગાડવી?*
*માટલીની તૈડને તો છાંદી શકાય પણ જળની તિરાડ કેમ છાંદવી?*

**–અનિલ જોશી**

# ૩૫ વર્ષ પછીનું પુનર્મિલન

(પીટર બ્રૂકના નાટક 'મહાભારત'માં ભજવેલી દ્રૌપદીની ભૂમિકાનાં સંસ્મરણો)

લે. : મલ્લિકા સારાભાઈ | અનુવાદ : હરીશ ખત્રી



૧લી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ પીટર બ્રૂકના પુત્ર સાઇમન તરફથી અચાનક એક ઇ-મેઇલ આવ્યો. "મને લાગે છે કે તમે ઇટલીના ઉદિનેમાં છો. કેટલો યોગાનુયોગ છે! ૫મી સપ્ટેમ્બરે વેનિસ ફિલ્મ ફેસ્ટિવલમાં આવો, જ્યાં પુનઃસંસ્કરણ પામેલી ફિલ્મ 'ધ મહાભારત' બતાવવાના છીએ.. હું તમારે માટે બધી વ્યવસ્થા કરીશ." નસીબ? તક? કે સુભગ સંયોગ? હું ઇટલીમાં હતી કારણ કે જે ડિરેક્ટર સાથે હું કામ કરી રહી હતી તે ભારત આવી શકે એમ ન હતા અને કામ મહત્ત્વનું હતું. વળી, હું વેનિસથી ફક્ત એક કલાકના અંતરે હતી ... ૩૫ વરસે પુનર્મિલન?

સાઇમને જણાવ્યું હતું કે જેઓ આવી શકે એમ છે એ બધાને બોલાવ્યા છે. કેટલાક હવે હયાત ન હતા. ત્યાં કોણ કોણ હશે? એકબીજા પ્રત્યે અમારું વર્તન કેવું હશે? થોડા દિવસ પછી સાઇમન અને પીટરના મિત્રો સાથે વૉટર ટૅક્સી દ્વારા અમે વેનિસ પહોંચ્યા. રેડ કાર્પેટ ગેટ પાસે અમે ઊતર્યા. ત્યાં આવતા ફિલ્મી સિતારાઓને કોણે નથી જોયા ? પણ ત્યાં અત્યારે કોઈ સિતારા દેખાતા નહોતા. લીડો આઇલ પરની એક્સેલસિયર હોટેલ પહોંચ્યાં

કોઈને ઓળખી નહીં શકવાથી સહેજ અસમંજસભરી સ્થિતિમાં હું ઊભી હતી ત્યાં કોઈનો રુક્ષ અવાજ આવ્યો, "સલામ, મલ્લિકા". હું પાછળ ફરી. સામે ઊભેલા પડછંદ માણસનો ચહેરો મેં તરત ઓળખી લીધો. તે એન્ટોના હતો. બાળ કલાકારોમાંનો એક, જેણે વ્યાસ દ્વારા લખાયેલી આ કથામાં જનમેજયની મહત્ત્વની ભૂમિકા નાટકમાં ભજવી હતી. છેલ્લે જોયો ત્યારે તે દસ વર્ષનો હતો. એ પછી, બીજા લોકો હાજર હતા તે પણ દેખાયા : કેન, બીજો એક બાળકલાકાર; ક્લોઈ ઓબેલાંસ્કી – શ્રેષ્ઠ પોશાક ડિઝાઇનર; કૉરીન જાબર – અંબા અને શિખંડી, જેને હું ખાસ ઓળખતી ન હતી; અને મારા પ્રિય મિત્ર જોર્જસ રાફાસ – દુર્યોધન. સાઇમન તો ત્યાં હતો જ, ગુલાબી શર્ટમાં પીટરના જેવો

જ દેખાતો, પણ મારા માટે તે સાવ અજાણ્યો હતો. મને ખબર પડી કે ઘણા બધા લોકો હવે આ દુનિયામાં નથી.

ઘણી બધી સ્મૃતિઓ હતી. ‘મહાભારત’ (૧૯૯૦), આ મહાકાવ્યનું પીટર દ્વારા પ્રસ્તુત આંતરરાષ્ટ્રીય નાટ્યસર્જન. ચાર વર્ષ સુધી વિશ્વભરમાં ઘૂમ્યું હતું અને ૧૯૯૦માં ફિલ્મ અને ટીવીશ્રેણી તરીકે રજૂ થયું હતું. તેનું પુનઃસ્થાપિત(RESTORED) સંસ્કરણ જાન્યુઆરી ૨૦૨૫ પછી આંતરરાષ્ટ્રીય કક્ષાએ રજૂઆત થશે.

આ ફિલ્મ જોવાનું રસપ્રદ અને રોમાંચક હતું. સાઇમને જણાવ્યું કે છેલ્લાં ઘણાં વર્ષો દરમ્યાન ફિલ્મનાં રીલ્સ પાછાં મેળવવા માટે તેણે કેવું કામ કર્યું હતું, જે ઘણાં સ્થળોએ અટવાઈ ગયાં હતાં કારણ કે તેનાં નાણાં ચૂકવવાનું બાકી હતું. કેવી રીતે તેણે આ પ્રોજેક્ટ માટે શ્રેષ્ઠ લૅબને પસંદ કરી અને તેને ૮K ફૉર્મેટમાં પુનઃસ્થાપિત કરી. યુરોપમાં આ રીતે પુનઃસ્થાપિત થનારી આ પ્રથમ ફિલ્મ છે. સાઇમને વધુમાં જણાવ્યું કે આ ફિલ્મ બરાબર ૩૫ વર્ષ પહેલાં આ જ ફેસ્ટિવલમાં રિલીઝ કરવામાં આવી હતી. અતીતની મીઠી યાદોથી ભરેલી એ એક યાદગાર સાંજ હતી.

માર્ચ, ૧૯૮૪માં, મારો દીકરો હજી પેટમાં હતો અને હું કમળાને કારણે પથારીવશ હતી. સ્થાનિક અંગ્રેજી અખબારો, ’ધી ઇન્ડિયન એક્સપ્રેસ’ અને ’ધ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા’ મારફતે હું પીટર અને તેમના સાથીઓના સમાચાર વાંચતી તેમને પુપુલ જયકર દોરવણી આપતાં હતાં, ભારતના સાંસ્કૃતિક જગતનાં એ બેતાજ સમ્રાજ્ઞી હતાં. અને આ મહાકાવ્યના આંતરરાષ્ટ્રીય સ્તરના નાટ્યસર્જન માટે કૃષ્ણા અથવા દ્રૌપદીની શોધમાં મદદ કરતાં હતાં. સ્વાભાવિક રીતે જ પહેલાં એમણે મોટાં શહેરોમાં શોધ ચલાવી. આને માટે ઑડિશન આપનાર ફિલ્મ અને થિયેટરના મોટા કલાકારોનાં નામ અખબારોમાં આવતાં હતાં. ત્યાર બાદ, એના અંગે કોઈ સમાચાર જાણવા મળ્યા ન હતા.

માર્ચના અંતે, ડૉક્ટરોએ મુસાફરી કરવા માટે મને મંજૂરી આપી. કમળાના લીધે હજી હું ફિક્કી દેખાતી હતી, છતાં ન્યૂયૉર્ક સુધી મુસાફરી કરી શકું એમ હતી. ન્યૂયૉર્ક જવાના ચાર દિવસ પહેલાં, એક સવારે, મારા મિત્ર અને ફ્રેન્ચ ઍમ્બેસીના સાંસ્કૃતિક અતાશે તરફથી એક ટેલિગ્રામ મળ્યો.

“તમે અમદાવાદમાં છો ?” તેમણે પૂછ્યું હતું.

“પીટર કાલે તમને મળવા માટે અમદાવાદ આવવા માંગે છે.” મને મળવા માટે? પણ શું કામ?

હું તો અવેતન રંગભૂમિની કલાકાર હતી. કદાચ કોઈ નાની ભૂમિકા આપવાની હોય. અમ્માએ મને કહ્યું, હા પાડી દે.

બીજે દિવસે સવારે એ આવ્યા. પાંચ જણા—પીટર અને તેની સહાયિકા મારી હેલેન એસ્ટિયેન, લેખક ઝાં-ક્લોડ કારિઅરે, ડિઝાઇનર ક્લોઈ અને તેની સહાયિકા પિપ્પા. અમ્માએ તેમને અમારા બેઠકરૂમમાં બેસાડ્યા. મને પાંચમો મહિનો જતો હતો, કંકાલ જેવી, પાંડુર, કચ્છી ભરતકામવાળા લીલા ડ્રેસમાં અને જાંઘથી નીચે સુધીના લાંબા વાળ

સાથે હું કમરામાં પ્રવેશી, થોડી ગભરાયેલી અને અસ્વસ્થ. પાંચેક મિનિટ ઔપચારિક વાતચીત થઈ.

"તમને ફ્રેન્ચ આવડે છે ?"

"ના."

" તમે નાટકોમાં કામ કર્યું છે?"

"હા, શાળામાં અને કૉલેજમાં નાટકો કર્યાં છે.

"બાળક ક્યારે આવશે ?"

"સપ્ટેમ્બરની શરૂઆતમાં."

થોડી વારના મૌન બાદ એકબીજાને તાકી રહ્યાં પછી પીટર બોલ્યા,

"દ્રૌપદી માટે તમારું ઑડિશન અમારે લેવું છે."

શું? દ્રૌપદી? કેવી રીતે?

અને હું તો અગાઉ નક્કી થયા મુજબ ન્યૂયૉર્ક જવા નીકળવાની હતી.

"રો પછી ત્યાં લિંકન સેન્ટરમાં મારો સહાયક 'કારમેન' નાટકનું કામ સંભાળે છે. તે તમારું ઑડિશન લઈ શકે છે."

અગાઉથી માથે લીધેલાં ઘણાં બધાં કામોની ધમાલ. અનેક આશંકાઓ. પ્રસ્તાવ સ્વીકારી લેવાનું પ્રલોભન, ઉત્સુકતા, વધુ શંકાઓ. બાળકનું શું? ત્યારના મારા પતિએ અને મેં નવી નવી શરૂ કરેલી પ્રકાશન કંપનીનું શું? મારી જામતી જતી નૃત્ય કારકિર્દીનું શું? ટૂંકમાં કહું તો, મેં પ્રસ્તાવ સ્વીકાર્યો. દ્રૌપદીનું પાત્ર ફ્રેન્ચ ભાષામાં ભજવવા માટે બે વર્ષનો કરાર, એવી ભાષા કે જે મને આવડતી નહોતી.

રેવંતનો જન્મ ૨જી સપ્ટેમ્બરે થયો જે દિવસે પૅરિસમાં રિહર્સલ શરૂ થયાં હતાં. તેમાં હું સવા મહિને જોડાઈ શકી, કારણ કે મેં અમદાવાદમાં ભારતના સૌથી મોટા આંતરરાષ્ટ્રીય, લોકમેળાનું "મહોત્સવ ૮૪"નું, આયોજન કર્યું હતું. એ પત્યા પછી જ હું રિહર્સલમાં જોડાઈ.

હું મારા પરિવારથી કદી દૂર રહી નથી. જ્યારે IIM, અમદાવાદની હૉસ્ટેલમાં રહેતી હતી એ પણ મારા ઘરથી માત્ર ચાર કિલોમીટર દૂર હતી. અને હવે હું એક એવા દેશમાં રહેવા જઈ રહી હતી જેની ભાષા મને આવડતી નહોતી, સાથે એક નાનું બાળક અને ઘર મારે એકલીએ સંભાળવાનું હતું. તે ઉપરાંત, મારે પાંચ પતિઓ સાથે કામ કરવાનું હતું જે બધા તેમના પોતાના દેશના શ્રેષ્ઠ અભિનેતાઓ હતા. હું ખૂબ જ ગભરાઈ ગઈ હતી.

પૅરિસ જવા પૂર્વે, થોડા મહિનાથી હું મારા પ્રિય મિત્ર અને અમદાવાદના એલાયન્સ ફ્રાન્સેઝના સ્થાપક, આશીલ ફોર્લર સાથે ઝાં ક્લોડની સ્ક્રિપ્ટ પર કામ કરતી હતી. મારા થોડાક સંવાદો મેં પાકા લીધા હતા. હું મનોમન ખૂબ ખુશ હતી. પૅરિસના એક અધૂરા

બંધાયેલ મકાનના આઠ માળ જાતે ચડીને પ્રથમ રિહર્સલમાં હાજર થઈ. ત્યાં મને કહેવામાં આવ્યું કે જે સ્ક્રિપ્ટ મારી પાસે હતી તે હવે બદલાઈ ગઈ છે. પછીના થોડાક મહિના મારા માટે ખરાબ સપનાં જેવાં હતા. પીટર અને બીજા કલાકારો સાથે કામ કરવાનું મને સહેજ પણ ગમતું ન હતું. હું જાણે કોઈ વિચિત્ર વ્યક્તિ હોઉં તથા મારું ભારતીય હોવા માટે એ એમને મન ઈર્ષા અને અણગમો હોય એવી દૃષ્ટિથી તેઓ મને જોતાં હતા. ઉપરાંત, વ્યાવસાયિક અભિનેત્રી ન હોવા બદલ મને હીણપતભરી નજરે જોવાતી અને પીટરના ગ્રૂપમાં સામેલ થવા લાયક ન હોઉં એવો વર્તાવ મારી સાથે કરવામાં આવતો.

હું રેવંતને સ્તનપાન કરાવતી હતી. એને માટે, ૧૪ કલાક સુધી ચાલતા રિહર્સલ્સ દરમિયાન બેત્રણ કલાકે બાજુના ઠંડા હિમ જેવા રૂમમાં જતી જ્યાં તે અને તેની આયા રોકાતાં હતાં.

થોડી વારમાં, મેં જોયું કે અન્ય કલાકારો પણ રેવંત પાસે આવીને કાંઈક મીઠું ગણગણતા હતા જેમ કે દુર્યોધન અને ધૃતરાષ્ટ્રને પીટર કે મારી–હેલેન સાથે કોઈ વાતે મતભેદ થતો ત્યારે સહેજ હળવા થવા માટે તેઓ રેવંત પાસે આવતા હતા. આમ, રેવુએ તેનું પ્રથમ હાલરડું પોલિશ ભાષામાં સાંભળ્યું હતું અને બીજું ગીત કોઈ આફ્રિકન ભાષામાં. પાંચ વર્ષ સુધી દુનિયાના વિવિધ દેશોમાં આ મંડળી સાથે ભ્રમણ કર્યા પછી; ત્વચાના અને વાળના અનેક રંગ જોયા પછી તથા દરેક પ્રકારના ધ્વનિના શ્રવણ પછી રેવંતને સમજાતું નહોતું કે અમદાવાદમાં બધા લોકોના વાળ કાળા કેમ છે!

પીટર અને મારી વચ્ચે શરૂઆત ખરાબ રીતે થઈ. હું કદાચ એમ માનતી હતી કે હું પારકા પરદેશમાં છું એટલે તે મારી ઢાલ બની રહેશે અને મને થોડી હૂંફ આપશે. પરંતુ, એ મને ખૂબ અતડા લાગ્યા. દ્રૌપદી તથા અન્ય સ્ત્રીપાત્રોના અર્થઘટન અંગે અમારી વચ્ચે બહુ મોટેથી વિવાદ થતો. એક વાર તો એ એવું બોલી ગયા કે મારે શંખણીની જેમ ન વર્તવું જોઈએ. તેની સામે મારો રુક્ષ પ્રતિભાવ હતોઃ “ભારતમાં શંખણીઓ નહીં, પણ શક્તિઓ હોય છે.” જાહેરમાં પોતાની સાથે કોઈ દલીલો કરે એ તેમને પસંદ નહોતું. મારે તેમને કાંઈ કહેવું હોય તો એ ખાનગીમાં જ કહેવું જોઈએ. એ જો સંમત થાય તો પછી તેઓ ગ્રૂપના સભ્યોને જાણ કરે. એક વાર એમણે મને કહ્યું હતું,

“તારી સાથે કામ કરવું એ પ્રિન્સેસ માર્ગારેટ સાથે કામ કરવા જેવું છે.” મેં રોકડું પરખાવ્યું,

“મને ખબર નહોતી કે તમે એમની સાથે કામ કર્યું છે.” એ કાંઈ બહુ ખુશ થયા નહોતા. જોકે, તેઓ માનતા હતા કે મને ફ્રેંચ સારું આવડતું હતું . આ માટે તેમણે મને શ્રેષ્ઠ ભાષા નિષ્ણાત ટોમેટિસની લૅબોરેટરીમાં મોકલી હતી. સ્વરભાર વગરનું ફ્રેંચ હું બોલી શકું છું. જ્યારે એમને લાગે કે વધારે પડતું બોલાઈ ગયું છે અથવા હું છોડીને જતી રહીશ ત્યારે તે રેવંત માટે કોઈ ભેટ લઈ આવતા. પણ, એક વાર નાટક શરૂ થયું અને મેં એમાં મારું શ્રેષ્ઠ પ્રદાન કર્યું છે એવું અમને બંનેને સમજાયું ત્યાર પછી અમારા સંબંધમાં પરિવર્તન આવ્યું. અમારો સંબંધ સૌમ્ય, ઉષ્માભર્યો અને મજાકમસ્તીવાળો બન્યો. જે આજીવન ચાલુ રહ્યો.

અમ્મા જ મારી થેસોરસ, મારી ગૂગલ, મારી એઆઈ હતી. દરેક વખતે જ્યારે હું લેખિત પુરાવા સાથે ભારપૂર્વક કંઈક રજૂઆત કરવા માગતી ત્યારે અમ્માનો ફોન બુક કરાવતી હતી. ત્રણ દિવસ પછી અમ્માનો સંપર્ક થતો. તે જરૂરી કાગળો કે પુસ્તક મને પોસ્ટ દ્વારા મોકલતી. બે અઠવાડિયાં પછી તે મને પહોંચે અને હું પીટર અને ઝાં ક્લોડ સામે તે મૂકું. ક્લોડ મારા સમર્થક હતા. જ્યારે પણ મને આ કામ છોડી દેવાનું મન થતું — અને શરૂઆતના થોડા મહિનામાં તો અઠવાડિયામાં ઓછામાં ઓછું બે વાર આવું થતું — ત્યારે હું તેમની પાસે દોડી જતી. ઘાંટા પાડતી, રડતી ત્યારે તે મને શાંત પાડતા. પીટરની વાત મને સમજાવતા. મને કહેતા કે નાટક માટે મારી હાજરી કેટલી મહત્ત્વની હતી અને મને સ્નેહથી ભેટી પડતા. થોડા થોડા મહિનાના અંતરે તે અમ્માને અહીંની મુલાકાત લેવા માટે સંદેશા મોકલતા હતા. આમ, હું ત્યાં ટકી ગઈ. દ્રૌપદી સાથે, પાંચ પતિઓ સાથે, કલાકારો સાથે અને ખુદ મારી જાત સાથે મારું જીવન મેં વિતાવ્યું. બધાં બંધનો છૂટી ગયાં. સાંસ્કૃતિક વૈવિધ્ય ઉજાગર થયું.

ત્યારે મને જણાયું કે ભારતીયો તરીકે, બે ગ્રૂપના લોકો સાથેના આપણા સામ્યની આપણે બિલકુલ અવગણના કરી છે – આફ્રિકનો અને એશિયનો. સમય પસાર થતાં, મને સમજાયું કે આપણી ઓળખ અને કુટુંબભાવના, પવિત્રતાનો ભાવ, આદરનો ભાવ, પ્રકૃતિ સાથે અને આધ્યાત્મિકતા સાથે જોડાવાની ભાવનાનું પ્રતિબિંબ આ પ્રદેશોના મારા સાથી કલાકારોમાં પડતું હતું. મોટા ભાગના ગોરા લોકો તુચ્છકાર અને અણસમજની દૃષ્ટિએ મારી તરફ જોતા હતા જ્યારે મેં તેમને સમજાવ્યું કે શા માટે આપણે ડાગર બ્રધર્સ સામે લાંબા પગ કરીને ના બેસાય, કે, લેખિત કે મુદ્રિત કાગળ સરસ્વતીનું પ્રતીક છે જેથી તેના ઉપર પગ ન મૂકવો જોઈએ. (આ વાત ૪૦ વર્ષ પહેલાંની છે. આજે, શક્ય છે કે મોટા ભાગના યુવાન ભારતીયો પણ મારી તરફ અણસમજુની નજરે જુએ.)

વેદના, જાતતપાસ, એકલતા, છેવાડે ઊભેલી, દુનિયાભરના પ્રેક્ષકોનો સામનો કરતી, મારી પ્રિય નારી વિશેના મારા પોતીકા અર્થઘટન સિવાય સાવ અસુરક્ષિત સ્થિતિનાં આ બધાં વર્ષોમાં મેં મારું સ્વત્વ પ્રાપ્ત કર્યું. સાચે જ આજે હું જેવી છું એવી જ સ્ત્રી અને વ્યક્તિ બની. મને જોવા મળ્યું કે સ્ત્રી તરીકે વિવિધ વર્ગની સ્ત્રીઓ તરફથી, મારી, દ્રૌપદી વિશે સરસ પ્રતિભાવ મળ્યો. હાર્લેમની BIG MAMAS, સાર્બોનની વીસેક વર્ષની સેક્સી છોકરીઓ, પર્થની આદિજાતિની સ્ત્રીઓ – દ્રૌપદી આ સૌના હૃદયને સ્પર્શી ગઈ. તેમણે અનુભવ્યું કે પોતે તેનાં (દ્રૌપદીના) જેવી જ બનવા માગે છે. હું શું યોગ્ય કરતી હતી? ‘ધ મહાભારત’માંથી હું પાંચ વર્ષમાં પરિપક્વ થઈને બહાર આવી - ખરાબ વર્ષોનો અનુભવ, સ્થિતિને અનુકૂળ થવાની માનસિકતા, લોકોના જીવનને સ્પર્શવા માટે મારી જાતનો આગવો ઘાટ ઘડવાની તથા આપણાં પૌરાણિક વારસાના અખૂટ ભંડારને પુનર્મૂલ્યાંકિત કરવાની પ્રૌઢી કેળવાઈ. જો હું મારા કાર્ય દ્વારા લોકોને પોતાનાં સત્યો ખોળવાનું તથા એ સત્યો અનુસાર જીવવા માટેનું બળ આપવાની શક્તિ અને સજ્જતા કેળવાયાં છે. પીટરે મને શીખવ્યું હતું કે કોઈ પણ પાત્રને ડુંગળીની એક પછી એક પર્તની જેમ કેવી રીતે ખોલવું જેથી કરીને તેનાં કેન્દ્રમાં રહેલ શૂન્ય સુધી પહોંચી શકાય. અને છેલ્લાં ચાળીસ વર્ષોની મારી કળાએ મહદ્અંશે આ માન્યતાને દૃઢ કરી છે.

ન્યૂયૉર્કની બ્રૂકલીન એકેડેમી ઑફ મ્યુઝિક ખાતે અમે નાટકની ભજવણીનાં વીસ વર્ષ પછી, એક વાર હું ત્યાંના એક ડિપાર્ટમેન્ટ સ્ટોરમાંથી બહાર નીકળતી હતી. ત્યારે મારા વાળ બોબ કટ હતા, છતાં મેં પાછળથી કોઈની બૂમ સાંભળી, 'મેડમ દ્રૌપદી.' એક મહિલા તેનો સામાન પડતો મૂકીને મને ખાસ્સી વાર સુધી ભેટી પડી,. "તમને જોયા પછી હું જેવી હતી એવી રહી નથી. મેં તમને ગમે ત્યાં ઓળખી કાઢ્યાં હોત." જે મન અને હૃદયને સ્પર્શી ગયું હોય છે તે અચળ રહે છે. મહાભારત હજી અવિચળ તપે છે.

* * *

(તા. ૧૨ જાન્યુઆરીના ધી ઇન્ડિયન એક્સપ્રેસની રવિવારની પૂર્તિ,
eyeની કવરસ્ટોરીનો અનુવાદ.)

■

**જૂનો આંગડિયો**

*વરસાદ ભલે જૂનો આંગડિયો કહેવાય*
*હું નહીં આપું રે મારી કોઈ અંગત ટપાલ...*

*ભારેવગાં વાદળાં તો વરસી પડે છાલક છાંટાનો કેટલો આધાર?*
*ઊંટ ઉપર છેલ્લા તણખલાની જેમ મારે શા માટે મૂકવો કોઈ ભાર?*

*અરે, છાંટા જેટલોય કોણ રાખે આધાર?*
*જેની વાયુના સુસવાટે બદલાતી ચાલ!*
*વરસાદ ભલે જૂનો આંગડિયો કહેવાય*
*હું નહીં આપું રે મારી કોઈ અંગત ટપાલ...*

*નહીં ઘરમાં કે બ્હાર ફોતરી ઊંચકે એટલી હવા,*
*નહીં તડકો નહીં છાંયો વરસે બાફ નીતરે ભવાં.*

*મુને સંદેશો કહેવાનો ટેમ નથી એટલું*
*આંખ્યમાંથી વરસે છે વ્હાલ!*
*વરસાદ ભલે જૂનો આંગડિયો કહેવાય*
*હું નહીં આપું રે મારી કોઈ અંગત ટપાલ.....*

*–અનિલ જોશી*

# ડિસ્કવરી ઑફ ઇન્ડિયાઃ નહેરુની નહીં, શ્યામ બેનેગલની

રાજ ગોસ્વામી

અમેરિકાની હાર્વર્ડ બિઝનેસ સ્કૂલના સામયિક, હાર્વર્ડ બિઝનેસ રિવ્યૂને ૨૦૧૭માં આપેલા એક ઇન્ટરવ્યૂમાં શ્યામ બેનેગલે કહ્યું હતું કે, “મને હંમેશાં લાગ્યું છે કે ભારતીય સિનેમાના પડદા પર ભારતીય ગ્રામ્ય વિસ્તારને ખરેખર ક્યારેય યોગ્ય રીતે રજૂ કરવામાં આવ્યો નથી, પરંતુ જો તમે ખરેખર ભારતીય માનસિકતાને સમજવા માંગતા હો, તો તમારે ગ્રામીણ ભારત તરફ જોવાની જરૂર છે.”

ફિલ્મનિર્માતા તરીકે શ્યામ બેનેગલે કેવા પ્રકારની ફિલ્મોનું નિર્માણ કર્યું હતું તે સમજવું હોય, તો આ ત્રણ વાક્યોમાં તે આવી જાય છે. શ્યામ બેનેગલે એક જ વિષય પર ફિલ્મો બનાવી હતી : ભારત. તેઓ ફિલ્મસર્જક નહોતા, ચિંતક હતા, અને તેમણે આધુનિક ભારતના દબાયેલા-કચડાયેલા સમાજનું ફિલ્મોના માધ્યમથી ચિંતન કર્યું હતું.

એક આધ્યાત્મિક ઋષિની જેમ, તેમનામાં સામાજિક સત્યની ખોજ હતી, પરંતુ તે ફિલ્મો ઉપદેશાત્મક બનવાને બદલે વિશ્લેષણાત્મક અને ખુલ્લા મનની હતી. તેમણે એક વાર કહ્યું હતું કે, “જટિલ સમસ્યાઓનો કોઈ સરળ ઉકેલ નથી હોતો... પરંતુ ભારતીય સમાજમાં પડેલી સમસ્યાઓનું અન્વેષણ કરવું જરૂરી છે, જેથી એ ખબર પડે કે તેમાં કઈ શક્તિઓ કામ કરી રહી છે અને તે કેવી રીતે એકબીજા સાથે સંકળાયેલી છે.”

શ્યામ બેનેગલના પિતા શ્રીધર બેનેગલ ગાંધીવાદી હતા, જેમણે તેમનાં સંતાનોને ઘરે ઘરે ખાદી કાંતવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. બેનેગલના પ્રારંભિક જીવનને પ્રભાવિત કરનારી અન્ય હસ્તીઓમાં તેમના પિતરાઈ ભાઈઓ ગુરુ દત્ત અને સત્યજિત રેનો સમાવેશ થાય છે. તેમના પરિવારમાં સુભાષચંદ્ર બોઝની ફૉર્વર્ડ બ્લૉક પાર્ટીના સભ્યો અને સંબંધીઓ પણ સામેલ હતા, જેમણે યુવા બેનેગલને સિનેમા પ્રત્યે વધતો શોખ અને તેમની અમર્યાદ વાંચનની આદતને પ્રોત્સાહન આપ્યું હતું. એટલે એવું કહેવાય કે ભારતીય સમાજની ચેતના વિષે તેઓ બહુ વહેલાંથી સભાન હતા.

શ્યામ બાબુએ બનાવેલી ટેલિવિઝન સિરિયલ ‘ભારત એક ખોજ’ ભલે જવાહરલાલ નહેરુએ ભારતના ૫,૦૦૦ના ઇતિહાસ પર લખેલા પુસ્તક ‘ધ ડિસ્કવરી ઑફ ઇન્ડિયા’ પર આધારિત હતી, એક રીતે તેમની સિનેમાઈ યાત્રામાં પણ ભારતની જ ખોજ હતી.

હકીકતમાં, રાજીવ ગાંધીને એવો વિચાર આવ્યો હતો કે રામાયણ અને મહાભારતની જેમ ધ ડિસ્કવરી ઑફ ઇન્ડિયા પર એક શો થવો જોઈએ. પ્રશ્ન એ હતો કે તે કોણ બનાવે? તે વખતે શ્યામ બેનેગલનું નામ સામે આવ્યું હતું. શ્યામ બેનેગલ તે સમયે 'મહાભારત' પર સિરિયલ કરવા ઇચ્છુક હતા, પણ એ કામ બી. આર. ચોપરા પાસે હતું. એટલે તેમણે સરકારના પ્રસ્તાવને સ્વીકાર્યો.

બેનેગલે આ પુસ્તક વાંચેલું હતું. બાળપણમાં તેમના જન્મદિવસ પર તે તેમને ભેટ તરીકે મળ્યું હતું. એ પુસ્તક દ્વારા જ તેમને ભારતના ઇતિહાસનો પહેલી વાર પરિચય થયો હતો. પાછળથી તેને યાદ કરીને તેમણે કહ્યું હતું, “આ ધારાવાહી ખૂબ જ સફળ રહ્યું હતું અને બાદમાં ચૅનલ પર ઘણી વખત ફરીથી પ્રસારિત કરવામાં આવ્યું હતું. તે સમયે તે ડીવીડી પર પણ ઉપલબ્ધ હતું... અમે દેશના ઇતિહાસ વિશે વાત કરતી વખતે દરેક હકીકતને તપાસવા અને તેને સટીક બનાવવા માંગતા હતા. અમે આ શો મારફતે ઇતિહાસએ ફરીથી જીવી રહ્યા હતા.”

એવું તેમની દરેક ફિલ્મો વિષે કહી શકાય. તેઓ દરેક ફિલ્મોમાં ભારતને શોધતા હતા. તેઓ વિવિધ પાત્રો અને વાર્તાઓ મારફતે ભારતની સામાજિક વાસ્તવિકતાઓને સમજવા માંગતા હતા. તેમની ફિલ્મોમાં દેખીતી રીતે જ નહેરુવાદી ભાવનાનો પ્રભાવ સ્પષ્ટ દેખાતો હતો, જેમાં વૈશ્વિક દૃષ્ટિકોણ, માનવતાવાદ અને સમાજ સાથે ગહન બૌદ્ધિક સંવાદનો સમાવેશ થતો હતો.

તેમણે સામાજિક આદર્શ પાત્રોને પડદા પર વાસ્તવિક અને જીવંત પાત્રોમાં રૂપાંતરિત કર્યાં હતાં, જેનાથી આપણને નિર્દયી જમીનદારો, નારીવાદી મહિલાઓ અને પ્રગતિશીલ બળવાખોરો જેવાં અવિસ્મરણીય પાત્રો મળ્યાં.

તેમની પહેલી જ ફિલ્મ ‘અંકુર’ (૧૯૭૪) ભારતીય ગ્રામીણ જીવનની હૃદયસ્પર્શી વાર્તા છે. આ ફિલ્મ સામાજિક અસમાનતા, જાતિવાદ અને મહિલા સશક્તીકરણ જેવા મુદ્દાઓ પર આધારિત છે. સામંતવાદ અને વર્ગશોષણ પર આધારિત આ ફિલ્મમાં એક જમીનદારના તેની દલિત મહિલા નોકર સાથેના સંબંધની વાર્તા હતી.

હિન્દી ફિલ્મ એટલે રોમાન્સ અને નાચ-ગાન તો હોય છે. શ્યામ બાબુએ તેમની પહેલી જ ફિલ્મથી એવા ‘રૂટિન’ને તિલાંજલિ આપી દીધી હતી, વર્ગભેદનું સંપૂર્ણ ચિત્રણ રજૂ કર્યું. પાછળથી તેમની આ શૈલી ‘સમાંતર ફિલ્મ’ તરીકે જાણીતી થઈ.

તેમની બીજી જ ફિલ્મ ‘નિશાંતે’ ‘અંકુર’ના વાસ્તવવાદને આગળ વધાર્યો, જેમાં એક શાળાના શિક્ષકની પત્ની પર થતા દમનની વાર્તા હતી. આ સ્ત્રીનું જમીનદારના ભાઈઓ દ્વારા અપહરણ કરવામાં આવે છે. શાળાના શિક્ષકના પ્રયત્નો છતાં, મકાનમાલિકના જુલમમાં કાનૂની અને વહીવટી તંત્ર મદદગાર હતું એવું શ્યામ બાબુને કહેવું હતું. આ ફિલ્મ ગામલોકોના બળવા સાથે સમાપ્ત થાય છે-જે રોષ અને અસહાયતાનું પ્રતિબિંબ છે-પરંતુ આ બળવાનો પણ કોઈ ઉકેલ નથી. આ ભારતની જ વાત હતી.

અંકુર અને નિશાંત બંનેને શબાના આઝમી, સાધુ મેહર અને અનંત નાગના યાદગાર અભિનય માટે યાદ કરવામાં આવે છે. સંયોગથી, તે ત્રણેય તે સમયે સિનેમામાં નવા હતા અને દિગ્દર્શક તરીકે શ્યામ બેનેગલની પણ આ પહેલી ફિલ્મ હતી. આ ફિલ્મોની સરખામણી દો બિઘા જમીન (બિમલ રોય) અને પાથેર પાંચાલી (સત્યજિત રે) સાથે કરવામાં આવી હતી.

શ્યામ બાબુ એવા વિષયો પર ફિલ્મોનું નિર્માણ કરતા હતા જેના માટે તેમને કોઈ ફંડ આપવા તૈયાર નહોતું, કારણ કે તેમની ફિલ્મો “ધંધો” કરે તેવી નહોતી. તેમ છતાં, તેમણે મસાલા ફિલ્મો બનાવી નહોતી.

આ સંદર્ભમાં તેમની ‘મંથન’ રોચક છે. આ ફિલ્મનું નિર્દેશન આણંદના નૅશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડે કર્યું હતું. તેમાં આણંદમાં સહકારી દૂધ ઉત્પાદનની શરૂઆત કેવી રીતે થઈ તેની વાર્તા હતી. ૧૯૭૬માં કટોકટી દરમિયાન રજૂ થયેલી 'મંથન'માં ખેડૂતો અને પશુપાલકોના સંઘર્ષને ખૂબ જ હૃદયસ્પર્શી રીતે રજૂ કરવામાં આવ્યો હતો. 'મંથન'ની વાર્તા વર્ગીસ કુરિયન અને શ્યામ બેનેગલે લખી હતી. વર્ગીઝ કુરિયન ભારતમાં શ્વેત ક્રાંતિના પ્રણેતા તરીકે ઓળખાય છે.

‘મંથન’ ભારતની પહેલી સાર્વજનિક ભંડોળવાળી ફિલ્મ છે. તેમાં, ગુજરાતની દૂધ સહકારી ક્રાંતિમાં જોડાયેલા ૫ લાખ ખેડૂતોએ બબ્બે રૂપિયાનું દાન આપ્યું હતું.

‘મંથન’ વર્ગીસ કુરિયન કે અમૂલ ડેરીની વાર્તા નથી, તે અમીર-ગરીબ અને ઊંચ-નીચમાં વિભાજિત સમાજને સહકારના તાંતણે બાંધવાના સંઘર્ષનું મંથન છે. અને તેવી વાર્તાની પટકથા સમાજવાદી રંગે રંગાયેલા મરાઠી લેખક વિજય તેન્ડુલકર અને સંવાદ લેખક કૈફી આઝમીથી બહેતર કોણ લખે!

બહુ ઓછા લોકોના ધ્યાનમાં આવ્યું હશે કે ‘મંથન’ શ્યામ બેનેગલની ગ્રામીણ પૃષ્ઠભૂમિ પરથી ત્રીજી અને અંતિમ ફિલ્મ હતી. પહેલી બે ‘અંકુર’ અને ‘નિશાંત.’

આ ત્રણ ફિલ્મોમાં શ્યામબાબુએ ભારતનાં ગામડાંઓના જાતિવાદ અને સામંતશાહીની જટિલતાને પ્રસ્તુત કરી હતી. આ ફિલ્મો ભારતની કડવી વાસ્તવિકતા સાથે શરૂ થતી હતી અને તેમાં એક બદલાવ સાથે પૂરી થતી હતી. શ્યામ બેનેગલ એ રીતે લોકોને તેમની જૂની દકીયાનુસીમાંથી બહાર આવવા માટે પ્રેરતા હતા.

એક ઇન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું, “આપણે એક જ સમયમાં અનેક સદીઓમાં જીવીએ છીએ. એ વિવિધતાઓ માત્ર આડી જ નથી, ઊભી પણ છે.” ‘મંથન’ પણ એવા જ મનોમંથનનો હિસ્સો હતી.

બેનેગલની ફિલ્મોની એક વિશેષતા તેમનાં સ્ત્રીપાત્રોનું સૂક્ષ્મ ચિત્રણ છે. ભારતીય સમાજમાં સ્ત્રીઓની અહેમિયત તેમને ખબર હતી અને તેઓ એ વાતથી પણ સભાન હતા કે સ્ત્રીઓને સામાજિક-રાજકીય ક્ષેત્રોમાં નિર્ણયશક્તિથી વંચિત રાખવામાં આવી છે.

એટલા માટે જ મુખ્ય પ્રવાહની વ્યાવસાયિક ફિલ્મોમાં સ્ત્રીઓની ભૂમિકા બહુધા 'ગ્લેમર' પૂરતી સીમિત રહી ગઈ હતી. શ્યામ બાબુએ આવી ભૂમિકાઓને નકારી કાઢી હતી અને જટિલ, બહુપક્ષીય અને વાર્તાના કેન્દ્રમાં હોય તેવાં સ્ત્રીપાત્રોની રચના કરી હતી.

'ભૂમિકા' (૧૯૭૭) ફિલ્મમાં બેનેગલે સામાજિક અપેક્ષાઓ, વ્યક્તિગત ઇચ્છાઓ અને વ્યાવસાયિક પડકારો સાથેના તેના સંઘર્ષોની શોધ કરતી હંસા વાડકર નામની મરાઠી અભિનેત્રીથી પ્રેરિત એક કલાકાર સ્ત્રીની વાર્તા કહી હતી. 'મંડી' (૧૯૮૩)માં વેશ્યાઓના જીવનની તપાસ કરવામાં આવી હતી. તેમાં વેશ્યાઓ તેમની નિર્ણયશક્તિ જાળવી રાખીને સામાજિક દંભ સાથે કેવી રીતે પનારો પાડે છે તે બતાવામાં આવ્યું હતું.

વ્યાવસાયિક દુનિયા પર આધારિત 'મહાભારત'ના આધુનિક રૂપાંતરણ 'કલયુગ' (૧૯૮૧) અને રાજા-રજવાડાંના સમયની 'ઝુબેદા' (૨૦૦૧) જેવી ફિલ્મોમાં પણ મહિલાઓ તેમના આગવા વ્યક્તિત્વને જાળવી રાખીને સામાજિક અપેક્ષાઓ સાથે સંઘર્ષ કરતી જોવા મળે છે. બ્રિટિશ ફિલ્મ ઍન્ડ ટેલિવિઝન એકેડેમીને આપેલા એક ઇન્ટરવ્યૂમાં બેનેગલે કહ્યું હતું, "ભારતીય મહિલાને હંમેશાં પીડિત તરીકે દર્શાવવામાં આવી છે... હું તેને બદલવા માંગતો હતો."

તે પછી આવેલી 'મંથન', 'ભૂમિકા', 'જુનૂન', 'કલયુગ', 'મંડી', 'સૂરજ કા સાતવા ઘોડા', મમ્મો અને સરદારી બેગમે સમાજના એકદમ શુષ્ક અને મુશ્કેલ વિષયોને સરળ, વિચારશીલ અને આકર્ષક રીતે રજૂ કર્યા હતા.

શ્યામ બાબુના વિષયોની વિશેષતા એ હતી કે તેમાં સત્તાનાં માળખાંઓની વિકૃત પ્રકૃતિ, સામાજિક પરિવર્તનના પડકારો અને મહિલાઓ કેવી રીતે દમનનો સામનો કરે છે તેની વાતો કરવામાં આવતી હતી.

એક ઇન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું કે "ફિલ્મનિર્માતા બનવું એ લેખક અથવા ચિત્રકાર બનવા જેવું છે. તેમાં ચોકસાઈ અને દૃષ્ટિકોણ બંને છે. તે સ્થાનિક અને સાર્વત્રિક બંને છે. બીજો કયો વ્યવસાય તમને આવો અનુભવ આપી શકે? તમે એક એવા વૈજ્ઞાનિક જેવા છો જે માઇક્રોસ્કોપ અને ટેલિસ્કોપ બંનેમાંથી જુએ છે."

શ્યામ બાબુના ફિલ્મ ચિંતન વિષે જો કોઈએ સરસ રીતે વાત કરી હોય તો તે છે નિર્દેશક સુધીર મિશ્રા. તેમણે તેમને અંજલિ આપતાં કહ્યું હતું, "જો શ્યામ બેનેગલે એક બાબતને શ્રેષ્ઠ રીતે વ્યક્ત કરી હોય તો તે સાધારણ ચહેરા અને સામાન્ય જીવનની કવિતા હતી. શ્યામ બેનેગલ વિશે ઘણું લખવામાં આવશે, પરંતુ મારા માટે, તેમની ફિલ્મોમાં એક હકીકતનું આક્રંદ અને દુઃખ હતું કે આપણે શ્રેષ્ઠ સમયમાં નથી જીવતા."

હિન્દી સિનેમામાં શબાના આઝમી, સ્મિતા પાટિલ, સાધુ મેહર, મોહન આગાશે, અનંત નાગ, નસીરુદ્દીન શાહ, ઓમ પુરી અને ગોવિંદ નિહલાની જેવા કલાકારો શ્યામ બાબુની ભેટ છે. તેમનું જવું માત્ર એક ફિલ્મ નિર્માતાનું નિધન નથી, તે હિન્દી સિનેમામાં પરિવર્તન અને પ્રતિકારના અવાજનું શાંત થઈ જવાનું છે.

તેમ છતાં, શ્યામ બાબુની ભારતની ખોજ પૂરી થઈ નહોતી કે અટકી નહોતી. તેઓ આ ઉંમરે પણ એટલા જ ઉત્સાહી અને સક્રિય હતા. તેમના મૃત્યુના દસ દિવસ પહેલાં, ૯૦મા જન્મદિવસ પર અંગત મિત્રો સાથે એક બેઠકમાં તેમણે કહ્યું હતું, 'હું બે-ત્રણ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છું; તે બધા એકબીજાથી અલગ છે. હું કઈ ફિલ્મ બનાવીશ તે કહેવું મુશ્કેલ છે. પણ તે બધી મોટા પડદા માટે છે.'

તેમના જન્મદિવસનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે તેમને વારંવાર હૉસ્પિટલની મુલાકાત લેવી પડે છે, કારણ કે તેઓ ડાયાલિસિસ પર રહે છે. શ્યામ બાબુ બોલ્યા હતા, "આપણે સૌ ઘરડા થઈએ છીએ. હું જન્મદિવસ પર ખાસ કરતો નથી. ખાસ દિવસ હોઈ શકે, પરંતુ હું તેને ખાસ રીતે ઊજવતો નથી. હું મારી ટીમ સાથે ઑફિસમાં કેક કાપું છું."

■

**પછી મનોજની વાંહે રમેશ**

*મનહરની વાંહોવાંહ મનોજ ગયો પછી મનોજની વાંહે રમેશ,*
*ઊભી બજાર સાવ ખાલીખમ લાગે નથી સરનામું ટકતું હંમેશ*

*ભમ્મરિયા કૂવામાં પતાસું પડી ગયું*
*એને ગોતવા મેં મીંદડી નાખી રે....*
*ઘડિયાળના કાંટા સાવ થાકીને ખરી ગયા*
*નથી કાગળપતર કે નથી ઝાંખી રે...*

*બિસ્તરા ને પોટલાં બાંધીને બેઠો છું આંખમાં આંજીને સ્હેજ મેશ*
*મનહરની વાંહોવાંહ મનોજ ગયો પછી મનોજની વાંહે રમેશ,*
*ઊભી બજાર સાવ ખાલીખમ લાગે નથી સરનામું ટકતું હંમેશ.*

*સ્હેજ બરક્યા કે માધવજી ધોડીને આવ્યા*
*ઘેર છોડીને બત્રીસ પકવાન,*
*બ્હાવરી તે આંખ્ય ફરે ચકળવકળ સાવ*
*ખાલી હાંડલાં ખખડે છે નથી ધાન.*

*તાંદળજાની મીં તો ભાજી વઘારી તિયાં માધવજી કરતા પ્રવેશ*
*મનહરની વાંહોવાંહ મનોજ ગયો પછી મનોજની વાંહે રમેશ,*
*ઊભી બજાર સાવ ખાલીખમ લાગે નથી સરનામું ટકતું હંમેશ.*

*-અનિલ જોશી*

# સાભાર–સ્વીકાર

**કવિતા : મૌનથી શબ્દમાં કાણું પડશે** : બ્રિજેશ પંચાલ, ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ, ૨૦૨૫, ડે. ૧૩૬, રૂ. ૧૭૦. ૧૦૨ ગીત, ગઝલ અને અછાંદસ રચનાનો સંગ્રહ. • **શબ્દછવિ** : પ્રીતિ ભાર્ગવ, ગોલ્ડન ફ્રૉન્ટ પબ્લિકેશન, સુરત, ૨૦૨૨, ક્રાઉન, પૃ. ૧૦૫, રૂ. ૩૫૦. ચિત્રકાવ્યો.

**નવલકથા : તિલોર** : ધ્રુવ ભટ્ટ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૨૦૨૫, ડે. પૃ. ૨૭૨, રૂ. ૩૫૦, નવલકથા.

**નિબંધ :** લીલોતરીની કંકોતરી : મયૂરિકા લેઉવા-બૅન્કર, નવભારત સાહિત્ય મંદિર, ૨૦૨૩, ડે. પૃ. ૧૦૪, રૂ. ૧૯૫. ૨૩ અંગત પ્રકૃતિનિબંધોનો સંગ્રહ. • **વર્ષા પારિજાતની** : ડંકેશ ઓઝા, ગૂર્જર પ્રકાશન, ૨૦૨૪. પૃ. ૧૨૮, રૂ. ૧૮૦. ૨૭ પ્રેરક નિબંધોનો સંગ્રહ. • **ડેઝી કૉર્નર** : કિશોર અંધારિયા, આર. આર. શેઠ, ૨૦૨૪, ડે. પૃ. ૨૦૬ રૂ. ૨૫૦. ૫૦ હાસ્યલેખોનો સંગ્રહ.

**લેખસંગ્રહ : શ્વાસ સાથે સંવાદ** : ડૉ. ધર્માંશુ વૈદ્ય, ગુર્જર સાહિત્ય ભવન, ૨૦૨૫, ડે. પૃ. ૧૩૬, રૂ. ૧૯૦. ૪૧ ચિંતનાત્મક લેખોનો સંગ્રહ.

**જીવનચરિત્ર : મહાગુજરાતના મહાનાયક ઇન્દુલાલ યાજ્ઞિક** : ડંકેશ ઓઝા, ડિવાઇન પબ્લિકેશન્સ, ૨૦૨૪, ડે. પૃ. ૧૨૮, રૂ. ૧૬૦. ઇન્દુલાલ યાજ્ઞિકની આત્મકથાના અંશો. • **પુણ્યશ્લોક રાણી અહલ્યાબાઈ હોળકર** : ડંકેશ ઓઝા, ડિવાઇન પબ્લિકેશન્સ, ૨૦૨૪, ડે. પૃ. ૧૩૬, રૂ. ૨૦૦. રાણી અહલ્યાબાઈ હોળકરનું જીવનચરિત્ર. • **ભારત રત્ન, દૃષ્ટિવંત રાજનેતા લાલકૃષ્ણ આડવાણી** : રસિકબા હેમુદાન કેસરિયા, ગૂર્જર સાહિત્યભવન, ૨૦૨૪. ડે. પૃ. ૨૬૪. રૂ. ૩૫૦. લાલકૃષ્ણ આડવાણીનું જીવનચરિત્ર.

**સંપાદન : દિનાન્તે** : સંપા. રમણ સોની, હિમાંશી શેલત, અરુણોદય પ્રકાશન, ૨૦૨૪, ડે. પૃ. ૧૬૦, રૂ. ૨૨૫. ૨૬ મૃત્યુ વિશેના લેખોનું સંપાદન.

**અનુવાદ : ભારતની પ્રવાસી પ્રજા** : શ્યામસિંહ શશિ, અનુ. બ્રિજેશ પંચાલ, નૅશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા, ૨૦૨૪, ક્રાઉન પૃ. ૬૪, રૂ. ૭૫. ૧૦ પ્રવાસી જાતિની કિશોરકથાઓનો સમાવેશ થયો છે. • **ગૅસનો ફુગ્ગો** : બી. મદન મોહન, અન. બ્રિજેશ પંચાલ, નૅશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા, ૨૦૨૪, ક્રાઉન. પૃ. ૧૫, રૂ. ૫૫. ધો. ૯થી ૧૧ વર્ષના બાળકો માટેની ત્રણ વાર્તાઓ. • **રિક્ષાબૉય** : લાઓ શેહ, અનુ. : જયા ઠાકોર, સંક્ષેપ : હરેશ ધોળકિયા, ગૂર્જર સાહિત્ય ભવન, ૨૦૨૪, ડે. પૃ. ૧૯૨, રૂ. ૨૭૫, ચીન દેશના ઇતિહાસની અરાજકતાના સંદર્ભની નવલકથાનો સંક્ષેપ.

■

ઇતુભાઈ કુરકુટિયા

## 'પાક્ષિકી' અંતર્ગત

તા. ૮-૨-૨૦૨૫ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાંજે ૫-૦૦ વાગ્યે 'પાક્ષિકી' અંતર્ગત વાર્તાકાર વિપુલ વ્યાસે એમની વાર્તા 'ધ ટ્રેપ'નું પઠન કર્યું હતું તથા તા. ૨૨-૨-૨૦૨૫ના રોજ વાર્તાકાર કે. આર. ચૌધરીએ એમની વિજ્ઞાનવાર્તા 'હવે શું કરીશું?'નું પઠન કર્યું હતું.

## રાષ્ટ્રીય પરિસંવાદ : ચંદ્રકાન્ત શેઠ : વ્યક્તિત્વ અને વર્તૃત્વ

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ગુજરાતી વિભાગ અને ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે તા. ૩-૨-૨૦૨૫ના રોજ પદ્મશ્રી કવિ ચંદ્રકાન્ત શેઠના જન્મદિને એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ 'ચંદ્રકાન્ત શેઠ : વ્યક્તિત્વ અને કર્તૃત્વ' વિષય પર ગૂજરાત વિદ્યાપીઠમાં યોજાયો હતો. જેમાં ઉદ્‌ઘાટન બેઠક સવારે ૧૦-૦૦ કલાકે શરૂ થઈ હતી. પ્રારંભે ભારતીબહેને વિદ્યાપીઠ યુનિવર્સિટીનું ગાન કર્યું હતું. સંજય મકવાણાએ સૌનું સ્વાગત કર્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી સમીર ભટ્ટએ પરિસંવાદની ભૂમિકા બાંધી આપી હતી. પરિષદના ઉપપ્રમુખ યોગેશ જોષીએ વિશેષ તરીકે ઉપસ્થિત રહીને ચંદ્રકાન્ત શેઠ વિશે વક્તવ્ય આપ્યું હતું. શ્રી રઘુવીર ચૌધરીએ બીજ ભાષણ આપ્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું. આ બેઠકનું સંચાલન ધ્વનિલ પારેખે કર્યું હતું. પ્રથમ બેઠક ઉષાબહેન ઉપાધ્યાયની અધ્યક્ષતામાં ૧૧-૩૦ કલાકે યોજાઈ હતી. જેમા 'કવિ ચંદ્રકાન્ત શેઠ' વિશે ડૉ. સમીર ભટ્ટે, 'નિબંધકાર ચંદ્રકાન્ત શેઠ' વિશે ડૉ. શ્રદ્ધાબહેન ત્રિવેદીએ, 'એકાંકીકાર ચંદ્રકાન્ત શેઠ' વિશે ડૉ. સંજય ચોટલિયાએ વક્તવ્યો આપ્યાં હતાં. ઉષાબહેન ઉપાધ્યાયે અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું. આ બેઠકનું સંચાલન કલ્યાણ દેસાઈએ કર્યું હતું. બીજી બેઠક ડૉ. દલપત પઢિયારની અધ્યક્ષતામાં બપોરે ૨-૦૦ કલાકે યોજાઈ હતી. જેમાં 'વિવેચક ચંદ્રકાન્ત શેઠ' વિશે ડૉ. પિનાકિની પંડ્યાએ, 'સંશોધક-સંપાદક ચંદ્રકાન્ત શેઠ' વિશે રમેશ તન્નાએ, 'ચરિત્રનિબંધકાર ચંદ્રકાન્ત શેઠ' વિશે યોગેશ જોષીએ વક્તવ્યો અને દલપત પઢિયારે અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું. આ બેઠકનું સંચાલન મહેશ જાદવે કર્યું હતું. ત્રીજી બેઠક 'શોધપત્રોનું વાચન' ૪-૦૦ કલાકે ડૉ. કનુભાઈ વસાવાના સંચાલનમાં અને ગેલજીભાઈ ભાટિયાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં ગેલજીભાઈ ભાટિયાએ અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું. અને પરિસંવાદમાં ભાગ લેવા આવેલા સંશોધાર્થીઓએ પેપર રજૂ કર્યાં હતાં. સમાપન બેઠક ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવ ડૉ. નિખિલ ભટ્ટની વિશેષ ઉપસ્થિતમાં યોજાઈ હતી જેમાં પ્રતિભાવો અને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતા. અંતમાં ડૉ. બળદેવ મોરીએ સૌનો આભાર માન્યો હતો.

## એકદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ 'સમકાલીન ભારતીય ટૂંકી વાર્તા'

શ્રી ઉમિયા કે. વી. સી. એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી મેઘમણી પરિવાર અને શ્રી ભાઈલાલભાઈ એ. પટેલ (દેત્રોજવાળા) ઉમિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ ફૉર ગર્લ્સ, સોલા, અમદાવાદ અને ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય પરિસંવાદ 'સમકાલીન ભારતીય ટૂંકી વાર્તા' તા ૧૫-૨-૨૦૨૫ના રોજ ઉમિયા કેમ્પસ, એસ. જી. હાઈવે, સોલા, અમદાવાદમાં યોજાયો હતો. ઉદ્‌ઘાટન બેઠક ૧૦-૦૦ કલાકે શરૂ થઈ હતી. ડીન ઑફ આર્ટ્સ ફૅકલ્ટી, ગુજ. યુનિ. પ્રિ. ડૉ. સંગીતા ઘાટેએ સૌનું સ્વાગત કર્યું હતું. પરિસંવાદની ભૂમિકા ડૉ. અજય રાવલે બાંધી આપી હતી. પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે, શ્રી ઉમિયા કે. વી. સી. એજ્યુકેશન્સ ટ્રસ્ટના પ્રમુખશ્રી જયંતીભાઈ પટેલે, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીએ, શ્રી ઉમિયા કે. વી. સી. એજ્યુકેશન્સ ટ્રસ્ટના મહામંત્રી શ્રી ચંદુભાઈ પટેલે પ્રાસંગિક વક્તવ્યો આપ્યાં હતાં. જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક શ્રી રઘુવીર ચૌધરીએ બીજ વક્તવ્ય આપ્યું હતું. પ્રથમ બેઠક ૧૧-૧૫ કલાકે શરૂ થઈ હતી. જેમાં વાર્તાકાર કિરીટ દૂધાતે 'સમકાલીન ગુજરાતી ટૂંકી વાર્તા' વિશે, અને ડૉ. શ્રી રામ ત્રિપાઠીએ 'સમકાલીન હિન્દી ટૂંકી વાર્તા' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. આ બેઠકમાં પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. બીજી બેઠક મરાઠી સર્જક શ્રી વ્રજેશ સોલંકીએ 'સમકાલીન મરાઠી ટૂંકી વાર્તા' વિશે, શ્રી રાકેશ દેસાઈએ 'સમકાલીન અંગ્રેજી ટૂંકી વાર્તા' વિશે અને શ્રી ઇન્દિરા નિત્યાનંદમે 'સમકાલીન તમિલ-મલયાલમ ટૂંકી વાર્તા' વિશે વ્યાખ્યાનો આપ્યાં હતાં. ત્રીજી બેઠક ૪-૩૦ કલાકે, શોધપત્ર વાચન અને પ્રતિભાવની હતી.

## ગુજરાતી સાહિત્ય પરિષદ આયોજિત શરદ વકીલ 'તુફાન' વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ આયોજિત શરદ વકીલ 'તુફાન' વમયાખ્યાનમાળા અંતર્ગત ત્રીજું વ્યાખ્યાન 'રાજેન્દ્ર શુક્લનું ગઝલકર્મ' વિશે શકીલ કાદરીએ તા. ૧૭-૨-૨૦૨૫ના રોજ સાંજે ૫-૦ કલાકે ગૌવર્ધન સ્મૃતિમંદિરમાં આપ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે મહામંત્રી સમીર ભટ્ટે સૌનું સ્વાગત કર્યું હતું. શરદ વકીલ 'તુફાન' વિશે કિશોર ત્રિવેદીએ પરિચય કરાવ્યો હતો. 'રાજેન્દ્ર શુક્લનું ગઝલકર્મ' વિષય પર શકીલ કાદરીએ ઉદાહરણો ટાંકીને તેમની ગઝલની વિશેષતા ચીંધી આપી હતી. રઘુવીર ચૌધરીએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. પરિષદના પ્રમુખ હર્ષદ ત્રિવેદીએ અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું. પરિષદના ઉપપ્રમુખ યોગેશ જોષીએ સૌનો આભાર માન્યો હતો. આ પ્રસંગે શરદ વકીલ 'તુફાન'નો પરિવાર પુત્રી નીલમ વકીલ અને પત્ની ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગુજરાતી સાહિત્ય પરિષદ આયોજિત વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે

ગુજરાતી સાહિત્ય પરિષદ આયોજિત વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે પંડિત સુખલાલજીના તત્ત્વદર્શનથી વજેસિંગ – વિપાશાની કવિતા સુધીની ગુજરાતી સાહિત્ય પરિષદની એક સંવેદન સફર... કાર્યક્રમનું આયોજન તા. ૨૧-૨-૨૦૨૫ના રોજ સાંજે ૫-૦૦ કલાકે રા. વિ. પાઠક હૉલ, ગુજરાતી સાહિત્ય પરિષદમાં યોજાયો હતો. આ કાર્યક્રમની ભૂમિકા પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે બાંધી આપી હતી. જેમાં અમીના

ચુવાણે માતૃભાષા નિમિત્તે ઉમાશંકર જોશીનાં માતૃભાષાવિષયક બે કાવ્યોનું ગાન કર્યું હતું. ઉમિશ મહેતાએ ગીતનું ગાન કર્યું હતું. નિલેશ પટેલે કવિતાનું પઠન કર્યું હતું. ભલજી ગરાસિયાએ લઘુકથાનું પઠન કર્યું હતું. મનહર વાળાએ પોતાની આપવીતીનું વર્ણન કર્યું હતું. યાદ્મા સપાટવાલાએ ગઝલનું પઠન કર્યું હતું. દિવ્યા ચૌબીસાએ દીકરી કાવ્યનું પઠન કર્યું હતું. રમેશ વાળાએ લોકગીતોનું ગાન કર્યું હતું. તેમજ રણછોડ સોની અને સથવારાએ પણ તેમની રચનાનું પઠન કર્યું હતું. જુનેદ પઠાણે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ પ્રસંગે વિપાશાના કાવ્યનું પઠન, વજેસિંગ પારઘીના કાવ્યનું પઠન કરવામાં આવ્યું હતું. પરિષદના ઉપપ્રમુખ યોગેશ જોષીએ પોતાનાં કાવ્યોનું પઠન કરીને માર્ગદર્શન આપ્યું હતું. શ્રી રઘુવીર ચૌધરીએ પંડિત સુખલાલજી અને સુરદાસને યાદ કરીને આ કાર્યક્રમનું આયોજન કરવા બદલ સમીરભાઈ અને સંજય ભાવેનાં વખાણ કરીને દૂર દૂરથી આવેલા આ અક્ષમિત સર્જકો અને કલાકારોએ શક્તિ પ્રદર્શન કર્યુ તે માટે તેઓને આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે રણછોડભાઈ સોની અને કાન્તિ માલસતરનું ગુજરાતી સાહિત્ય પરિષદે સન્માન કર્યું હતું. આ રીતે આ વખતે માતૃભાષાની ઉજવણી અક્ષમિતોની વેદનાને શક્તિ પ્રદર્શન કરાવીને જુદી જ રીતે ઊજવવામાં આવી.

## કાંદિવલીમાં સચ્ચિદાનંદ સન્માન અર્પણ સમારોહનું આયોજન

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા પરિષદ પ્રમુખ હર્ષદ ત્રિવેદીની અધ્યક્ષતામાં સુપ્રસિદ્ધ સાહિત્યકારો, વર્ષા અડાલજાને ૨૦૧૮ના વર્ષનો, દિનકર જોષીને ૨૦૧૯ના વર્ષનો, તથા ઇલા આરબ મહેતાને ૨૦૨૦ના વર્ષનું સચ્ચિદાનંદ સન્માન અર્પણ કરવાનો કાર્યક્રમ તા. ૨૩-૨-૨૦૨૫ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે, કાંદિવલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત ગુજરાતી ભાષાભવનના સહયોગથી કે. ઈ. એસ ઇન્ટરનેશનલ સ્કૂલ, બીજે માળે, હેમુ કલાની ક્રૉસ રોડ નંબર-૩, ઇરાની વાડી, કાંદિવલી, મુંબઈમાં યોજાયો હતો. થોડા સમય પહેલાં સમય પૂર્વે ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા ગુજરાતી ભાષાના ૭ સાહિત્યકારોને સચ્ચિદાનંદ સન્માનથી પુરસ્કૃત કરવાનાં નામો જાહેર થયાં હતાં, જેમાં ચાર પારિતોષિકો સતીશ વ્યાસ, દલપત પઢિયાર, રમણ સોની, અનિલા દલાલને નામે જાહેર થયાં હતાં. એનો કાર્યક્રમ અમદાવાદમાં યોજાયો હતો. એમાં ત્રણ સાહિત્યકારો મુંબઈના હતા અને તેઓ વય અને સ્વાસ્થ્યને કારણે ત્યાં સુધી પ્રવાસ કરી શકે તેમ નહોતા. એથી ગુજરાતી સાહિત્ય પરિષદે આ કાર્યક્રમ મુંબઈમાં યોજવાનું નક્કી કર્યું. સચ્ચિદાનંદ સન્માન પ્રાપ્ત કરનાર સર્જકોનો પરિચય પ્રીતિ જરીવાલાએ વર્ષા અડાલજાનો, દિનેશ પોપટે દિનકરભાઈ જોષીનો અને સેજલ શાહે ઇલા આરબ મહેતાનો આપ્યો હતો. કે. ઈ. એસ.ના પ્રેસિડેન્ટ શ્રી મહેશ શાહે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. ત્રણેય સર્જકોને સચ્ચિદાનંદ સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ત્રણેય સર્જકો વર્ષા અડાલજા, દિનકર જોષી અને ઇલા આરબ મહેતાએ પોતાનો પ્રતિભાવ રજૂ કર્યો હતો. અધ્યક્ષીય ઉદ્‌બોધન ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેજલ શાહે કર્યું હતું.

## ગુજરાતી સાહિત્ય પરિષદની મુલાકાત

તા. ૨૪ ૨-૨-૨૦૨૫ના રોજ સાંજે ૪-૦૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદની

મુલાકાતે એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ ઍન્ડ આર્ટ્સ કૉલેજ પાલનપુરના ૨૫ વિદ્યાર્થીઓ અને અધ્યાપક આકૃતિબહેન પંચાલ આવ્યાં હતાં. તેઓએ પરિષદના જુદા જુદા ભાગની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે સૌને આવકાર્યા હતા. પરિષદપ્રમુખ હર્ષદ ત્રિવેદીએ વિદ્યાર્થીઓને પુસ્તકવાચન અને સાહિત્યસર્જન તેમજ વ્યક્તિત્વ વિકાસની વાત કરી હતી. પરબના સંપાદક અને વાર્તાકાર કિરીટ દૂધાતે વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને વિવિધ સાહિત્યકારોની કૃતિઓનાં ઉદાહરણો આપીને સાહિત્ય-સર્જનનું મહત્ત્વ ચીંધી આપ્યું હતું.

## શ્રી સુરેશ હ. જોષી વ્યાખ્યાનમાળા

તા.૨૬-૨-૨૦૨૫ના રોજ સાજે ૫-૩૦ કલાકે, ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત અને આર્ક ફાઉન્ડેશન,વડોદરાના સહયોગથી શ્રી સુરેશ હ. જોષી વ્યાખ્યાનમાળા અંતર્ગત આંતરરાષ્ટ્રીય બ્રુકર પુરસ્કારથી સન્માનિત હિન્દીનાં જાણીતાં કથાકાર શ્રીમતી ગીતાંજલિ શ્રી સાથે પ્રસિદ્ધ ગુજરાતી લેખિકા શ્રી બિંદુ ભટ્ટની વાતચીતનો કાર્યક્રમ વડોદરામાં યોજાયો હતો.

## ચી. મ. ગ્રંથાલયને મળેલ ભેટ પુસ્તકો

શ્રી સંતોષભાઈ કરોડે તરફથી તા. ૧૯-૯-૨૦૨૪ના રોજ ૮૦ પુસ્તકો તા. ૩૧-૧૨-૨૦૨૪ના રોજ ૯૦ પુસ્તકો તા. ૨૯-૧-૨૦૨૫ના રોજ ૯૭ પુસ્તકો ચી. મં. ગ્રંથાલયને ભેટ મળેલ છે. તેમનો આભાર.

## શ્રદ્ધાંજલિ

જાણીતા આધુનિક કવિ શ્રી અનિલ જોશીનું તા. ૨૬-૨-૨૦૨૫ના રોજ અવસાન થયું છે. ગુજરાતી સાહિત્ય પરિષદ તેઓને શ્રદ્ધાંજલિ પાઠવે છે.

■


**'પરબ'ની માલિકી તથા બીજી માહિતી અંગે નિવેદન (ફૉર્મ નં. ૪)**

| | | |
|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિસ્થાન | : અમદાવાદ |
| ૨. | પ્રસિદ્ધિગાળો | : માસિક |
| ૩. | પ્રકાશક-મુદ્રક | : સમીર ભટ્ટ (ગુજરાતી સાહિત્ય પરિષદ) |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯. |
| ૪. | તંત્રી/સંપાદક | : કિરીટ દૂધાત |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯. |
| ૫. | માલિકી ધરાવનાર કુલ થાપણના એક ટકાથી વધારે રોકનાર ભાગીદાર શૅર ધરાવનાર ટ્રસ્ટીઓનાં નામ-સરનામાં | : (૧) મધુકર પારેખ (૨) શ્રી રઘુવીર ચૌધરી (૩) શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ (૪) શ્રી પાવન બકેરી (૫) શ્રી રૂપલ મહેતા |

ઈતુભાઈ કુરકુટિયા

## ‘અજવાળાની ક્ષણ’ કાવ્યસંગ્રહનું વિમોચન

તા. ૯-૨-૨૦૨૫ના રોજ, આર્યમાન બંગ્લોઝ, શીલજ, અમદાવાદમાં હર્ષ બ્રહ્મભટ્ટના વરદ હસ્તે નીતિન પારેખનો બીજો કાવ્યસંગ્રહ ‘અજવાળાની ક્ષણ’ના વિમોચન પ્રસંગે નૃત્ય અને કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યું.

## પુસ્તકપરિચય

તા. ૮-૨-૨૦૨૫ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, ગોવર્ધનસ્મૃતિમંદિર સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદમાં ઓમ કૉમ્યુનિકેશન દ્વારા ‘પુસ્તકપરિચય’ કાર્યક્રમ અંતર્ગત પરેશ નાયકે વર્ષ ૨૦૨૪ની નોબેલ પુરસ્કૃત દક્ષિણ કોરિયાની લેખિકા હાના કાંગ (HAN KANG) વિશે અને એમના પુસ્તક HUMAN ACTS વિશે આસ્વાદલક્ષી વક્તવ્ય આપ્યું.

## શબ્દસંપદા

તા. ૯-૨-૨૦૨૫ના રોજ, સવારે ૧૦-૦૦ કલાકે, શાસનસમ્રાટ ભવન, ઑડિટોરિયમ હૉલ, હઠીસિંગની વાડી, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદમાં પરમ પૂજ્ય આદરણીયશ્રી વિજયશીલસૂરીશ્વરજી મહારાજસાહેબની પ્રેરણાથી હઠીસિંગ કેસરસિંગ ટ્રસ્ટના ઉપક્રમે ઑમ કૉમ્યુનિકેશન દ્વારા ‘શબ્દસંપદા’ અંતર્ગત ‘જ્ઞાનવિમલસૂરિ’ વિશે, પ્રો. અભય દોશીએ અને ‘શ્રી જ્ઞાનવિમલ સજ્ઝાયસંગ્રહ’ વિશે, કીર્તિદા શાહે વક્તવ્ય આપ્યું.

## સાહિત્યકાર મોહમ્મદ માંકડના જન્મદિનની ઉજવણી

તા. ૧૩-૨-૨૦૨૫ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, મિલ ઑનર્સ બિલ્ડિંગ ઑડિટોરિયમ (આત્મા હૉલ) અમદાવાદમાં ઑમ કૉમ્યુનિકેશન દ્વારા મોહમ્મદ વલીભાઈ માંકડના ૯૮મા જન્મદિન પ્રસંગે ‘ઝાકળનાં મોતી’ શીર્ષક હેઠળ ‘વાર્તાકાર મોહમ્મદ માંકડ’ વિશે પ્રો. અજયસિંહ ચૌહાણે, ‘નવલકથાકાર મોહમ્મદ માંકડ’ વિશે કેશુભાઈ દેસાઈએ, ‘વિજ્ઞાની મોહમ્મદ માંકડ’ વિશે ડૉ. જે. જે. રાવલે વક્તવ્યો આપ્યાં તથા મોહમ્મદ માંકડ સાથેનાં સંસ્મરણો વી. રામાનુજે, ડૉ. એચ. વી. ઠેકડીએ, પ્રવીણ ગઢવીએ અને મનુભાઈ શાહે વ્યક્ત કર્યાં.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં શ્રી ચંદ્રકાન્ત શેઠના જન્મદિવસે સારસ્વત વંદનાનો કાર્યક્રમ યોજાયો

શ્રી ચંદ્રકાન્ત શેઠના જન્મદિવસ નિમિત્તે એક સારસ્વત વંદનાનો કાર્યક્રમ તા. ૩-૨-૨૦૨૫ના રોજ હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજાયો. કાર્યક્રમના આરંભમાં શ્રી અલ્પા

શાહે શ્રી ચંદ્રકાન્ત શેઠ લિખિત વિશ્વકોશ ગાન કર્યું. ચંદ્રકાન્ત શેઠનાં કાવ્યોની ગીતમયી પ્રસ્તુતિ હર્ષદ ત્રિવેદીએ કરી. સર્વશ્રી રઘુવીર ચૌધરી, કુમારપાળ દેસાઈ, રતિલાલ બોરીસાગર, વંદનાબહેન શેઠ અને શ્રદ્ધાબહેન ત્રિવેદીએ ચંદ્રકાન્તભાઈ સાથે કરેલા કાર્યનું સ્મરણ કર્યું. યોગેશ જોષીએ ચંદ્રકાન્ત શેઠનાં કાવ્યોનું પઠન કર્યું. તેમના નિબંધોનું વાચિકમ્ દીપ્તિબહેન જોષીએ કર્યું. 'પૂર્ણ દર્શિત' નામના સંગ્રહમાં કવિ ચંદ્રકાન્ત શેઠનાં સમગ્ર કાવ્યોનો સમાવેશ થયો છે. આ પ્રસંગે તેનું વિમોચન કરવામાં આવ્યું હતું.

## કવિ કાગની પુણ્યતિથિએ 'કાગવાણી' કાર્યક્રમ

તા. ૨૨-૨-૨૦૨૫ના રોજ ૬-૦૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદમાં ઑમ કૉમ્યુનિકેશન દ્વારા પદ્મશ્રી પુરસ્કૃત કવિ દુલા ભાયા કાગની ૪૮મી પુણ્યતિથિએ શ્રી અરવિંદ બારોટે દુલાભાયા કાગની રચનાઓની સંગીતમય પ્રસ્તુતિ કરી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું.

## વિશ્વકોશ ટ્રસ્ટ અંતર્ગત યોજાયેલાં વ્યાખ્યાનો

શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન અંતર્ગત તા. ૮-૨-૨૦૨૫ના રોજ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં 'દિગ્દર્શક શ્યામ બેનેગલ' વિશે અભિજિત વ્યાસે વ્યાખ્યાન આપ્યું હતું.

તા. ૧૭-૨-૨૦૨૫ના રોજ વિશ્વકોશભવનમાં 'ક્રિએટિવિટી : સફળતાનો રાજમાર્ગ' વિશે અર્પણ યાજ્ઞિકે વ્યાખ્યાન આપ્યું હતું.

તા. ૨૦-૨-૨૦૨૫ના રોજ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ડાયેસ્પોરા ગુજરાતી સાહિત્ય સંશોધનના ઉપક્રમે 'પ્રમુખ ટ્રમ્પ પછીનું અમેરિકા અને ભારતીયોનું ભવિષ્ય' વિશે શ્રી નટવરભાઈ ગાંધીએ વ્યાખ્યાન આપ્યું હતું.

તા. ૨૫-૨-૨૦૨૫ના રોજ ગુજરાતી વિશ્વકોશના પ્રણેતા અને મુખ્ય સંપાદક ડૉ. ધીરુભાઈ ઠાકરની પુણ્યસ્મૃતિમાં 'મકરંદભાઈ દવેની કવિતામાં અધ્યાત્મ' વિશે રમજાન હસણિયાએ વક્તવ્ય આપ્યું.

■

## આ અંકના લેખકો

| | |
|---|---|
| **ઈતુભાઈ કુરકુટિયા** | : વ્યાખ્યાતા ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ-૯ |
| **ઊર્મિલા વાઘમશી** | : URMILA.VAGHMASHI94@GMAIL.COM |
| **ગિરિમા ઘારેખાન** | : ૧૦, ઈશાન બંગલોઝ, સુરધારા-સતાધાર રોડ, થલતેજ, અમદાવાદ- ૩૮૦૦૫૪. |
| **ચન્દ્રકાન્ત ટોપીવાળા** | : ડી/૬, પૂર્ણેશ્વર ફ્લૅટ્સ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫. |
| **દર્શના ધોળકિયા** | : ન્યૂ મિન્ટ રોડ, પૅરિસ બેકરી પાસે, ભુજ-૩૭૦૦૦૧. (કચ્છ) |
| **પન્ના ત્રિવેદી** | : એ/૧, પ્રોફેસર્સ સ્ટાફ ક્વાર્ટર્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૭. |
| **પરેશ દવે** | : ૨૩, સ્વામિધામ, કૃષ્ણનગર સોસાયટી, જે. કે. પાર્ક પાછળ, ચિખોદરા ચોકડી, ચિખોદરા, જિ. આણંદ. |
| **પિંકી પંડ્યા** | : ૧૦૪, ગૅલેક્સી ઍપાર્ટમેન્ટ, હોટલ ગ્રાન્ડ ભગવતીની સામે, એસ. જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪. |
| **પુષ્કરરાય જોષી** | : ૪૭૯, ગુજરાત હાઉસિંગ બોર્ડ, કણકોટ પાટિયા, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ |
| **ભગવાન થાવરાણી** | : સ્પંદન, ચંદનપાર્ક સોસાયટી, શેરી નં. ૮, રૈયા રોડ, કીડવાઈનગર પાસે, રાજકોટ-૩૬૦૦૦૫. |
| **મુનીર વોરા** | : ૧૩/C, મુસ્લિમ સોસાયટી, BRTS બસ સ્ટેન્ડની સામે, શક્તિ સોસાયટી પાસે, દાણીલીમડા, અમદાવાદ-૩૮૦ ૦૨૮. |
| **રશ્મિ શાહ** | : એફ/બી/૪૨, સ્ટર્લિંગ સિટી, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮. |
| **રાજ ગોસ્વામી** | : ૪૦૧, શિલ્પ રેસિડેન્સી, જૈન ઉપાશ્રય સામે, અર્બુદાનગર પાસે, આત્મજ્યોતિ, આશ્રમ રોડ, ઇલોરા પાર્ક, વડોદરા-૩૯૦૦૨૩. |
| **રેના સુથાર** | : ૩, રાજવી બંગલો, સોબો ક્રોસ રોડ પાસે, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૭. |
| **સુમન શાહ** | : જી-૭૩૦, શબરી ટાવર, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫. |
| **હરીશ ખત્રી** | : ૩૦૩, પદ્માવતી ડુપ્લેક્સ, સુંદરવન સોસાયટી, જવાહરનગરની પાછળ, વાસણા, અમદાવાદ–૩૮૦ ૦૦૭. |
| **હર્ષદ ત્રિવેદી** | : 'સુરતા' એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪. જિ. ગાંધીનગર. |

■

# આજીવન સભ્યોની યાદી

- મોસમી ત્રિવેદી — અમદાવાદ
- ઉર્વશી શાહ — અમદાવાદ
- વિશાલ ડી. રબારી — અમદાવાદ
- યોગિની બી. કેલૈયા — અમદાવાદ
- જયપાલસિંહ વાઘેલા — કોલવડા
- અજયકુમાર સી. પટેલ — રાયણિયા
- મૌલિક ડી. પરમાર — અમદાવાદ
- તરૂણ એમ. રાયચુરા — ઉપલેટા
- હર્ષદરાય જે. શુક્લ — સાયલા
- પ્રો. ભાસ્કર મહેતા — અમદાવાદ
- સાગર મીઠાણી — રાજકોટ
- ડૉ. મેટુભાઈ વાઢેર — વ્યારા
- દેવાંગકુમાર રાવલ — સુરેન્દ્રનગર
- ભાવેશ શુક્લ — અમદાવાદ
- નેહા શાહ — સુરત
- પી. એમ. લુણાગરિયા — રાજકોટ
- જગદીશ પટેલ — વડોદરા
- પૂજન પંડ્યા — સુરત
- રાહુલ સથવારા — અમદાવાદ
- જીવણલાલ ઠાકોર — અમદાવાદ
- રાહુલ પટેલ — અમદાવાદ
- પરેશકુમાર ભટ્ટ — અમદાવાદ
- સંદીપકુમાર ત્રિવેદી — અમદાવાદ
- પરખભાઈ પટેલ — ભાપી
- ઉધરાધર અશરફહુસેન — વાંતરસા
- હર્ષિદા ત્રિવેદી — રાજકોટ
- ખ્યાતિ શાહ — રાજકોટ
- કૃણાલ કવિ — અમદાવાદ
- ભરત દેસાઈ — અમદાવાદ
- અશોકભાઈ સોમપુરા — અમદાવાદ
- વંદના પટેલ — અમદાવાદ
- રીના ચૌહાણ — અમદાવાદ
- ભારતી વાઘેલા — વડોદરા
- અક્ષર જાની — ભાવનગર
- દેવીબેન જયકીર્તિ — અમદાવાદ
- મનીષ દવે — અમદાવાદ
- ધરમસિંહ પરમાર — રાધનપુર
- ચંદ્રિકા સોલંકી — વાંકાનેર
- કીર્તિદા બ્રહ્મભટ્ટ — ગાંધીનગર
- અશ્વિનગીરી ગોસાઈ — વષોદરા
- પ્રજ્ઞેશ ગામીત — અમદાવાદ
- કેયૂર શાસ્ત્રી — અમદાવાદ
- ઊર્મિલા વાઘમશી — સુરત
- હરેશ એન. પંડ્યા — રાંદેસણ
- હિતેશકુમાર ઠાકર — સાયલા
- નિલય પટેલ — અમદાવાદ
- કિરણ સુમરા — સુરત
- જયેશ રાઠોડ — રાજકોટ
- કલ્યાણ દેસાઈ — અમદાવાદ
- જંકૃત આચાર્ય — અમદાવાદ

### સંસ્થા આજીવન

- પી.આર.બી. આર્ટ્સ ઍન્ડ પીજીઆર કૉમર્સ કૉલેજ — બારડોલી

## સહૃદય સાહિત્યરસિકો અને શ્રેષ્ઠીઓને એક અપીલ...

પ્રિય સહૃદય,

સાદર વંદન.

આપ સહુ જાણો છો કે ૧૯૦૫ માં સ્થપાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની ગુણવત્તાપૂર્ણ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી દેશની એક અગ્રગણ્ય સંસ્થા બની રહી છે. આના મૂળમાં, રણજિતરામ અને ગોવર્ધનરામ જેવા સારસ્વતોના આશીર્વાદ છે. વિશેષરૂપે ગુજરાત અને ભારતના ઉત્તમ સાહિત્યકારોની શુદ્ધ સાહિત્ય તરફની નિસબત અને આપ સૌની પરિષદ પ્રીતિ છે. ગુજરાતના ઉત્તમ શ્રેષ્ઠીઓથી લઈને અદના સાહિત્યરસિકોએ પરિષદને પોતાની ગણીને વખતોવખત આર્થિક મદદ કરી છે અને આ કારણે પરિષદ સાબરમતી નદીના કિનારે અડીખમ, ટટ્ટાર અને પોતાની ગરિમા જાળવીને ઊભી છે.

પરિષદનાં પ્રકાશનો, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, સંશોધનો, કાર્યશાળાઓ અધિવેશન અને જ્ઞાનસત્ર ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે એ તો ખરું જ, સાથોસાથ આપણી સાહિત્યિક સૂઝ અને સંવેદનાને સંકોરે પણ છે.

છેલ્લાં બે વર્ષની જ વાત કરીએ તો જ્ઞાનસત્ર અને અધિવેશનને બાદ કરતાં પરિષદે આશરે ૩૫૦ જેટલા સાહિત્યિક કાર્યક્રમો યોજ્યા છે અને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ પહોંચી છે. અરે, જાન્યુઆરીથી આજ સુધીની જ વાત કરીએ તો માત્ર બે મહિનામાં ૩૭ કાર્યક્રમો યોજાયા છે અને વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ૧૭૬ સંસ્થાઓ સુધી પરિષદ પહોંચી છે. આ ઉપરાંત ગુજરાતના સાહિત્યરસિકો અને પરિષદપ્રીતિ ધરાવતા શ્રેષ્ઠીઓએ છેલ્લાં બે વર્ષમાં પરિષદને જે આર્થિક સહાય કરી છે તેના ફળસ્વરૂપે રા. વિ. પાઠક સભાગૃહનો કાયાકલ્પ થયો છે, ટૂંકસમયમાં પરિષદ ભવનમાં ત્રીજે માળે બંધ પડેલા ચાર રૂમમાં પરિસંવાદ કે કાર્યશાળાઓના સમયે વિદ્વાનો રોકાઈ શકે તેવી વ્યવસ્થા પણ સર્જાઈ રહી છે, ગોવર્ધનભવન ઉપરાંત બીજા બે સેમિનારખંડ પણ ટૂંક સમયમાં ખુલ્લા મુકીશું. આ ઉપરાંત, ગુજરાત અને ગુજરાતની બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પરિષદ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પહોંચે તેવી અમારી નેમ છે. અમારાં સપનાંઓ ઘણાં છે, પરંતુ એને સાકાર કરવા આપ સહુની સહાય અનિવાર્ય છે. આ માટે પરિષદ આપની સામે હાથ લંબાવે છે. આપની સહાય ઈચ્છે છે. આપની આર્થિક સહાય ન કેવળ ગુજરાતી સાહિત્ય પરિષદને, પરંતુ ગુજરાતની સાહિત્યિક આબોહવાને શુદ્ધ કલાસંદર્ભ આપશે.

અમને શ્રદ્ધા છે કે આપણી ગુણવંતી ગુજરાત અને વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ પરિષદને આર્થિક રીતે મજબૂત બનાવવાના ભાગરૂપે ઉદાર સહાય આપવાની અમારી આ અપીલનો જબરો હકારાત્મક પ્રતિભાવ આપશે.

પરિષદના બેંક ખાતાની વિગત આ મુજબ છે.

| | | |
|---|---|---|
| NAME OF THE ACCOUNT HOLDER | : | GUJARATI SAHITYA PARISHAD |
| BANK NAME | : | BANK OF INDIA |
| BANK ADDRESS | : | ASHRAM ROAD BRANCH,<br>AHMEDABAD-380009 |
| BANK A/C NO. | : | 200220100004869 |
| MICR CODE NO. | : | 380013006 |
| IFSC NO. | : | BKID0002002 |
| BRNCH CODE | : | 2002 |

| | | |
|---|---|---|
| **હર્ષદ ત્રિવેદી** | **સંજય ચૌધરી** | **સમીર ભટ્ટ** |
| પ્રમુખ | કોષાધ્યક્ષ | મહામંત્રી |

ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

## ગુજરાતી સાહિત્ય પરિષદને મળેલ દાનની વિગત

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| | **આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિ મ.ની પ્રેરણાથી મળેલ દાન** | | |
| ૧. | મુનીરભાઈ મહેતા | અમદાવાદ | ૫,૦૦,૦૦૦/- |
| ૨. | શ્રી નેમિ-નન્દન શતાબ્દી ટ્રસ્ટ | અમદાવાદ | ૩,૦૦,૦૦૦/- |
| ૩. | ડૉ. જશવંત મોદી (યુ.એસ.એ.) વતી<br>શ્રી વિજયનેમિસૂરિ જ્ઞાનશાળા ટ્રસ્ટ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| ૪. | જ્ઞાનની બારી હ. શ્રી શ્રેણિક શાહ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| ૫. | સંજય ઝવેરી (જાપાન) વતી નવીનભાઈ મહેતા | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| ૬. | સુરેન્દ્રભાઈ સારાભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| ૭. | સુરેશ અંબાલાલ શાહ | મુંબઈ | ૧,૦૦,૦૦૦/- |
| ૮. | શેઠ હઠીસિંહ કેસરીસિંહ ટ્રસ્ટ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| ૯. | શેઠ દલપતભાઈ મગનભાઈ<br>શારદાભુવન જૈન પાઠશાળા ટ્રસ્ટ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| | ••• | | |
| ૧. | ત્રિવેણી ફાઉન્ડેશન | મુંબઈ | ૧૩,૦૦,૦૦૦/- |
| | **પૂ. શ્રી મોરારિબાપુની પ્રેરણાથી મળેલ દાન** | | |
| ૧. | જે. એલ. મોરીસન ઇન્ડિયા | – | ૫,૦૦,૦૦૦/- |
| ૨. | સાહિત્યના વિવિધ કાર્યક્રમ માટે | ચિત્રકૂટધામ, તલગાજરડા | ૫૦,૦૦૦/- |
| | **પરબ અપીલ પેટે મળેલ દાન** | | |
| ૧. | બિન્દુ ભટ્ટ (વિવિધ કાર્યક્રમો માટે) | અમિયાપુર | ૧,૦૦,૦૦૦/- |
| ૨. | પ્રીતિ ભાર્ગવ મહેતા | સુરત | ૫૧,૦૦૦/- |
| ૩. | અનિલાબેન દલાલ | અમદાવાદ | ૫૦,૦૦૦/- |
| ૪. | દિલીપસિંહ દેવીસિંહ ચૌહાણ (લાલુભા) | અમદાવાદ | ૨૫,૧૨૫/- |
| ૫. | વિષ્ણુપ્રસાદ ડી. ઠક્કર | કુડાસણ | ૨૫,૦૦૦/- |
| ૬. | વલ્લભ કે. વોરા | મુંબઈ | ૨૧,૧૧૧/- |
| ૭. | સુરેશ શાંતિલાલ કોઠારી | યુ.એસ.એ. | ૧૫,૦૦૦/- |
| ૮. | વિપુલ મહેતા | ભાવનગર | ૧૧,૦૦૦/- |
| ૯. | ડૉ. ચત્રભુજ બી. રાજપરા | જૂનાગઢ | ૫,૫૦૦/- |
| ૧૦. | શ્રી પ્રવિણ ગઢવી | ગાંધીનગર | ૫,૦૦૦/- |
| ૧૧. | શ્રી સંતોષ બાલકૃષ્ણ કરોડે | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૧૨. | રમેશ બી. મહેતા | જૂનાગઢ | ૫,૦૦૦/- |
| ૧૩. | સંજય ઉપાધ્યાય | રાજકોટ | ૫,૦૦૦/- |
| ૧૪. | શ્રી કમલેશ છગનભાઈ પટેલ | ઉધના | ૨,૦૦૧/- |
| ૧૫. | અજિત પારેખ | વલસાડ | ૧,૦૦૧/- |
| ૧૬. | નવિનચંદ્ર ધામેચા | નવસારી | ૨,૧૦૦/- |
| ૧૭. | જશુબહેન બુદ્ધિધન ત્રિવેદી | અમદાવાદ | ૫૦૦/- |
| • | શ્રી મોહનલાલ દવે 'જીવનપ્રકાશ'<br>ગ્રંથાવલોકન/સમીક્ષા વર્ષ ૨૦૨૪, માટે પારિતોષકના<br>હ. : શ્રી ભૂપેન્દ્રભાઈ દવે | સુરેન્દ્રનગર | ૧૫,૦૦૦/- |
| • | શ્રી ચત્રભૂજ બી. રાજપરા | જૂનાગઢ | ૫,૧૦૦/- |
| • | પંકજ બાવીસી (ચી. મં. ગ્રંથાલયમાં દાન) | અમદાવાદ | ૨,૦૦૦/- |

બેન્ચમાર્ક એજન્સી પ્રા. લિ.ના શ્રી નિશિથ જોશી (ચેરમેન અને એમ.ડી.) અને શ્રી હિરેન સવાઈ (એમ.ડી.) તરફથી (હ. શ્રી પાવનભાઈ બકેરી) ગુજરાતી સાહિત્ય પરિષદના સ્વાધ્યાય-નિવાસના ચાર બાથરૂમ માટે ચાર નંગ ઇલેક્ટ્રીકવૉટર ગીઝર ભેટ મળેલ છે.

## આધુનિક યુગને અનુલક્ષીને
## વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી આધારિત ગુજરાત વિશ્વકોશ દ્વારા પ્રકાશિત
# શ્રી ચિંતન ભટ્ટલિખિત બે મૂલ્યવાન ગ્રંથો

### આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ




આજે સર્વત્ર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની સિદ્ધિની વાત થાય છે અને આ સતત વિકસતી ટૅક્નૉલૉજીના ભવિષ્યની ક્ષમતા અને એનાં ભયસ્થાનો વિશે ચોમેર ચર્ચા થઈ રહી છે ત્યારે આ વિષય પર આગવી છણાવટ કરતું 'ભાવિ પર નજર : આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ' પુસ્તક સહુનાં રસ-રુચિને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના લાભ અને ગેરલાભ વિશેની વિસ્તૃત માહિતી સરળ ભાષામાં આલેખવામાં આવી છે.

કિંમત : રૂ. ૧૪૦, પૃષ્ઠ : ૧૨૦

### પૃથ્વીથી અંતરિક્ષ ભણી




આ પુસ્તકમાં અંતરિક્ષનો પરિચય અને પૃથ્વીના વાતાવરણની સાથોસાથ અંતરિક્ષ ખેડાણ, આ ક્ષેત્રમાં કાર્યરત વિશ્વની સંસ્થાઓ, ભવિષ્યના ઉપગ્રહો, ભવિષ્યનું અંતરિક્ષયાન, સમાનવ અંતરિક્ષ અભિયાનથી માંડીને અંતરિક્ષપર્યટન, અંતરિક્ષ-યાત્રીઓનો ખોરાક, એના યાતાયાતના નિયમો, અંતરિક્ષ કચરો અને અંતરિક્ષમાં વસવાટની વિગતોની છણાવટ કરવામાં આવી છે. એની સાથોસાથ અન્ય ગ્રહો પર ચાલતી પાણીની શોધ અંગે પણ આમાં વિગતે ચર્ચા કરવામાં આવી છે.

કિંમત : રૂ. ૨૪૦, પૃષ્ઠ : ૧૮૪

Scan to Pay

આપ મનીઑર્ડરથી અથવા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના નામે ડ્રાફ્ટ, ચેક કે ઑનલાઇનથી પણ રકમ મોકલી શકશો. લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) કે પત્ર દ્વારા જાણ કરવી.

**બૅંકની વિગત :**
A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**
**૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુ સમાજ સોસાયટીની સામે, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.**

# વેકેશનમાં ભારતના વિવિધ પ્રવાસોનું માર્ગદર્શન આપતાં પુસ્તકો

## દરિયાકિનારાના પ્રવાસ

**સ્વામી સચ્ચિદાનંદ**

| | |
|---|---|
| લક્ષદ્વીપ પ્રવાસ | 65 |
| ગોવાપ્રવાસ | 40 |
| રાષ્ટ્રીય તીર્થ આંદામાન | 125 |
| આંદામાનનો પ્રવાસ (સાધ્વી સમર્પણાદેવી તીર્થ, લાભુભાઈ લખાણીની સાથે) | 70 |

## પર્વતીય પ્રવાસ

**સ્વામી સચ્ચિદાનંદ**

| | |
|---|---|
| લેહ, લદ્દાખ, કારગિલ, કાશ્મીર | 80 |
| કૌસાની, રાણીખેત અને નૈનિતાલનો ઊડતો પ્રવાસ | 45 |

**જયંતી ડી. શાહ**

| | |
|---|---|
| નયનરમ્ય નૈનીતાલ | 70 |
| મહાબળેશ્વર | 60 |

**રમણ સોની**

| | |
|---|---|
| હિમાલય અને હિમાલય | 200 |

## ગુજરાત પ્રવાસ

**પ્રવીણ શાહ**

| | |
|---|---|
| ચાલો, ગુજરાતના પ્રવાસે | 500 |

**રજની વ્યાસ**

| | |
|---|---|
| સ્વાગતમ્ ગુજરાત | 380 |

## ઐતિહાસિક પ્રવાસ

**સ્વામી સચ્ચિદાનંદ**

| | |
|---|---|
| બીજાપુરથી નાંદેડ | 60 |
| હમ્પી, વેલૂર અને હળેબીડૂ પ્રવાસ | 50 |
| પૂર્વની સાત બહેનો | 110 |
| તાલિમનાડુની યાત્રા | 100 |
| સ્થાપત્ય અને શૌર્યની ભૂમિ રાજસ્થાન | 300 |
| પટના અને પન્ના | 60 |

## તીર્થપ્રવાસ

**સ્વામી સચ્ચિદાનંદ**

| | |
|---|---|
| પશ્ચિમ બંગાળ મારી નજરે | 130 |
| કાશી-અયોધ્યાની યાત્રા | 100 |
| હરિદ્વારની યાત્રા | 90 |
| બોધગયામાં નેત્રશ્રાદ્ધ | 75 |
| હિમાલયનાં ચાર ધામ | 125 |
| હિમાલયના હીંડોળે | 150 |
| અમારી અધૂરી નર્મદા પરિક્રમા | 125 |
| નર્મદાજીની અધૂરી યાત્રા પૂરી થઈ | 60 |
| અમારી નર્મદા-પરિક્રમા | 180 |
| રામાનુજ પ્રતિમાદર્શન | 60 |

**શ્યામકુમાર ભાનુપ્રસાદ સોનાર**

| | |
|---|---|
| કૈલાશના સાંનિધ્યમાં | 350 |

**અભેસિંહ બારડ**

| | |
|---|---|
| કૈલાશનો ચરણસ્પર્શ (પુરસ્કૃત) | 250 |

**ગગનગિલ, અનુ. દીપક રાવલ**

| | |
|---|---|
| અવાક્ (કૈલાસ-માન સરોવર) | 375 |

**ભીખાભાઈ અમીન**

| | |
|---|---|
| બૌદ્ધ દેશ શ્રીલંકા પ્રવાસ | 120 |

**હરીશ ત્રિવેદી**

| | |
|---|---|
| અમરનાથયાત્રાનાં સંસ્મરણો | 115 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,
website : gspbooksmall.com

## રન્નાદે પ્રકાશન

૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

### માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક તથા કૉલેજો માટે ઉપયોગી વિવેચન

### ભગીરથ બ્રહ્મભટ્ટ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| અર્વાચીન ગુજરાતી ગીત વિશે (એજન્સી) | ૯૦.૦૦ |
| ગીત-લોકગીત વિચાર (એજન્સી) | ૬૫.૦૦ |

### ગુલામ અબ્બાસ 'નાશાદ'

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| મરીઝનું જીવન અને કવન | ૧૦૦.૦૦ |
| અસબાબ (એજન્સી) | ૧૨૦.૦૦ |

### રમણ સોની

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| મથવું ન મિથ્યા (એજન્સી) | ૧૫૦.૦૦ |
| પરોક્ષે પ્રત્યક્ષે (એજન્સી) | ૧૧૦.૦૦ |

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| સ્વાન્તઃ સુખાય (વિવેચનસંગ્રહ)(એજન્સી) | પ્રવીણ ગઢવી | ૨૩૦.૦૦ |
| આયામ (વિવેચન) (એજન્સી) | પ્રવીણ ગઢવી | ૨૧૦.૦૦ |
| અવલોક્ય (વિવેચન) | પ્રવીણ કુકડીયા | ૧૯૫.૦૦ |
| વાક્સંદર્ભ (વિવેચન) | ઉશનસ્ | ૮૫.૦૦ |
| એકલતાનું ઉપનિષદ (વિવેચન) | ચિનુ મોદી | ૧૧૦.૦૦ |
| ચૈતન્યલક્ષી વિવેચન (વિવેચન) | નીતા ભગત | ૩૫.૦૦ |
| શબ્દોદય (વિવેચન) | અશોક ચાવડા 'બેદિલ' | ૧૫૦.૦૦ |
| ગઝલ : સંજ્ઞા અને સંપ્રત્યય (સંશોધન-વિવેચન) | ડૉ. એસ. એસ. રાહી | ૪૫.૦૦ |

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| **સાહિત્યનું ઘડતર** (વિવેચન) | વિનાયક રાવલ તથા અન્ય | ૧૦૦.૦૦ |
| **મહાત્મા ગાંધી સિક્કાની બીજી બાજુ** (વિવેચન) | પ્રણવ મહેતા | ૪૦.૦૦ |
| **સન્નિધિ-ચિંતન-ચેતોવિસ્તાર -સંસ્પર્શ-શોધ** (પુ. ૫)(વિવેચન) | કૃષ્ણવીર દીક્ષિત | ૨૦૦.૦૦ |
| **(ભાવન - આહ્‌લાદ - રંગવિહાર કથાદીપ - લહર** (પુ. ૫) (વિવેચન) | કૃષ્ણવીર દીક્ષિત | ૧૬૧.૦૦ |
| **સરસ્વતીચંદ્ર : વીસરાયેલા વિવેચનો** (વિવેચન) | સંપા. : જયંત કોઠારી/ કાંતીભાઈ શાહ | ૪૬.૫૦ |
| **પડછાયાનો ઘોંઘાટ : કવિતા** (કવિતા અંગેના લેખોનું ચયન) | ચિનુ મોદી | ૨૮૫.૦૦ |
| **વિનેશ અંતાણીની વાર્તાસૃષ્ટિ : એક અધ્યયન**(વિવેચન) (એજન્સી) | મનોજ પરમાર | ૧૪૦.૦૦ |
| **યોર્કશાયર, યુ. કે. માં ગુજરાતી ભાષાસાહિત્યનો આલેખ** (વિવેચન) (એજન્સી) | અહમદ ગુલ | ૫૦.૦૦ |
| **પ્રૂફરીડિંગ** (વિવેચન) (એજન્સી) | જિતુ ત્રિવેદી | ૭૦.૦૦ |
| **ગુજરાતી ટૂંકી વાર્તામાં ઘટનાતત્ત્વોનો હ્રાસ** (વિવેચન) (એજન્સી) | દિગ્વિજયસિંહ રાઠોડ | ૨૨૫.૦૦ |
| **બાળસાહિત્ય વિમર્શ** (વિવેચન) (એજન્સી) | સોમાભાઈ પટેલ | ૭૦.૦૦ |
| **અવનવી દિશા** (વિવેચન) (એજન્સી) | સુરેશ શુક્લ | ૨૧૫.૦૦ |
| **લઘુકથા વિમર્શ** (વિવેચન) (એજન્સી) | રમેશ ત્રિવેદી | ૮૫.૦૦ |
| **મારી છબી : અનુવાદરસ** (પ્રશિષ્ટ અનૂદિત કૃતિઓ) (એજન્સી) | ભગવત સુથાર | ૭૦.૦૦ |
| **શબ્દ-સહવાસ** (વિવેચન) (એજન્સી) | યોસેફ મેકવાન | ૮૫.૦૦ |
| **પ્રકર્ષ** (વિવેચન) (એજન્સી) | પથિક પરમાર | ૧૨૦.૦૦ |
| **શંખઘોષ** (વિવેચન/અવલોકન) (એજન્સી) | મેઘનાદ ભટ્ટ | ૪૭.૦૦ |
| **સ્પર્શ** (વિવેચન) (એજન્સી) | દેવેશ ભટ્ટ | ૨૦.૦૦ |

# દીપક બારડોલીકર જન્મ શતાબ્દી
## (૧૯૨૫•૨૦૨૫)

## ગુજરાતી સાહિત્ય અકાદમી-યુ.કે. પ્રકાશિત પુસ્તકો




કુલ 120 ગઝલ, નઝમ અને
મુક્તકોનો સંગ્રહ
પૃષ્ઠ : 96, કિંમત : ₹160




કુલ પોણા બસો લઘુ કાવ્યોનો સંગ્રહ
પૃષ્ઠ : 96, કિંમત : ₹160




સત્ય ઘટના આધારિત રોમાંચક પ્રેમકથા
પૃષ્ઠ : 144, કિંમત : ₹200




વિભાજનની વાતને વણી લેતી 12 વર્ષના
બખ્તાવરની અનેરી દાસ્તાન
પૃષ્ઠ : 136, કિંમત : ₹200




કદાવર કવિ-લેખકો, ઇતિહાસકારો,
તત્ત્વવિદો, વિદ્વાનો, રાજકારણીઓના
સાહસ, સંઘર્ષ અને સિદ્ધિનો આલેખ
પૃષ્ઠ : 120, કિંમત : ₹150




ઉર્દૂ, અંગ્રેજી, તૂર્કી, પંજાબી અને સિંધી –
પાંચ ભાષાઓનાં કાવ્યોના અનુવાદનો સંગ્રહ
પૃષ્ઠ : 88, કિંમત : ₹130

**પુસ્તકોની કિંમતનો સરવાળો રૂ.1,000/- થાય છે.**
**આખો સેટ ખરીદનારને રૂ.750/-માં મળશે.**

પ્રાપ્તિસ્થાન **ગ્રંથવિહાર** ગુજરાતી સાહિત્ય પરિષદ, 'ટાઇમ્સ'ની પાછળ,
નદીકિનારે, આશ્રમમાર્ગ, અમદાવાદ-09 • ફોન : 079-26587949

ઘરે બેઠાં પુસ્તક મેળવવા માટે વ્હોટ્સએપ નં. 98987 62263 • કુરિયર ચાર્જ અલગથી

GPSC / UPSC / UGC - JRF - NET, SLETની
પરીક્ષા માટે, વિવિધ યુનિ.ના અભ્યાસક્રમ માટે

# ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

**વિવેચન**

નાટ્યનાન્દી ◆ સંદર્ભસંકેત ◆ ભારતીય નવલકથા ◆ સમકાલીન ગુજરાતી નવલકથા ◆ સમકાલીન ગુજરાતી નવલિકા ◆ સંજ્ઞાસંયોગ ◆ કૃતિ સમીપે, સર્જક સમીપે

**સંશોધન**

કળાકારનો ઇતિહાસબોધ ◆ આર્નોલ્ડનો કાવ્યવિચાર

**સંપાદન**

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા ◆ વિવેચનના વિવિધ અભિગમો ◆ ટાગોરની વાર્તાકળા ◆ મંટોની વાર્તાકળા ‘વળામણાં’ ◆ મારી હકીકત ◆ સત્યના પ્રયોગો ◆ તમસ ◆ ગોરા ◆ બદલાતી ક્ષિતિજ ◆ શર્વિલક ◆ ઇલિયડ ◆ મિર્ચ મસાલા ◆ મેટામોર્ફોસીસ

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

૧૦૫, નંદન કોમ્પ્લેક્સ,
મીઠાખળી ગામ, રેલવે ફાટક સામે, અમદાવાદ-૩૮૦૦૦૬

# ઓમ કૉમ્યુનિકેશન

**રજિ. નં. ઈ/19921/અમદાવાદ**

માનનીયશ્રી,

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા ગુજરાતી ભાષાના દિવંગત સાહિત્યકારના જન્મદિન/પુણ્યતિથિએ સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન થાય છે. 'શબ્દજ્યોતિ' શીર્ષક હેઠળ હયાત સાહિત્યકારના જન્મદિનની ઉજવણી થાય છે. 'શબ્દજ્યોતિ'માં હયાત સાહિત્યકાર પોતે પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપે છે. આજની નહીં પણ આવતીકાલની ૨૦ વર્ષ પછીની યુવાપેઢી શિષ્ટ સાહિત્યનું વાચન કરે એ હેતુથી 'પુસ્તક-પરિચય' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિનો પરિચય માતૃભાષા ગુજરાતીમાં મળે એ હેતુથી 'સંસ્કૃતપર્વઃવાગ્માધુરી'નું આયોજન કરવામાં આવે છે. સામાન્ય રીતે મધ્યયુગ નરસિંહ મહેતાથી શરૂ થાય છે પણ એ પહેલાંનો પ્રાગનરસિંહયુગ અથવા હેમયુગના ગુજરાતી જૈન સાહિત્યસર્જકોએ વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કરેલું છે. એ સર્જકોનો પરિચય થાય અને એમની કૃતિઓ પર આપણી વિશેષ દૃષ્ટિ પડે એ હેતુથી 'પર્યુષણ સાહિત્યપર્વ' અને 'શબ્દસંપદા'નું આયોજન થાય છે. આ સિવાય પણ અન્ય પ્રકલ્પ દ્વારા સાહિત્યિક કાર્યક્રમનું આયોજન થાય છે.

**માતૃભાષા ગુજરાતીની ચિંતા કરવાને બદલે ભાષાનું સંવર્ધન થાય એ હેતુથી સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન થાય એ સંસ્થાનો મુખ્ય હેતુ છે.**

સંસ્થાની સાહિત્યિક પ્રવૃત્તિને વેગ મળે એ હેતુથી અને સંસ્થાનું આર્થિક ભારણ ઓછું થાય તેમજ સંસ્થાનું સ્થાયી ભંડોળ એકઠું થાય એ માટે સંસ્થા ડોનેશન માટે આપને નમ્ર અપીલ કરે છે. ૮૦G (૫) હેઠળ પણ મહત્તમ ડોનેશન આપી આપ ઈન્કમટૅક્સમાં રાહત મેળવી શકો છો.

આભાર સહ,
અપેક્ષા સહ,

– **મનીષ પાઠક**
(મે. ટ્રસ્ટી ઓમ કૉમ્યુનિકેશન)

**બૅન્કની વિગત :**

| | |
|---|---|
| Name | : OM COMMUNICATION |
| Bank Name | : Punjab National Bank |
| Branch | : Sola Road. |
| A/c. No. | : 3937000100083947 |
| IFS Code | : PUNBO393700 |
| Address | : 13, Narottam Park, B/h. Agarwal Tower, Bhuyangdev Cross Road, Sola Road, Ghatlodia, Ahmedabad-380061 Mo. : 98250 46684 |

'ગુજરાતનો નાથ'માં કીર્તિદેવ મુંજાલને કે તેનાથી પ્રેરિત થઈ બ્રહ્માનંદસ્વામીને ગુજરાત કે લાટના વ્યક્તિત્વને ગૌણ ગણી ભારતવર્ષના વ્યક્તિત્વમાં વિલીન કે સમન્વિત થવાનું કહે છે, ત્યારે વાચક વર્તમાન ભારતમાં જે પ્રાંતવાદ, ભાષાવાદ, જ્ઞાતિવાદ કે કોમવાદ ભારતને રાષ્ટ્ર થવાની આડે આવે છે તેના વિલીનીકરણ માટેનો ઘોષ સમજે છે. ગુજરાતના નાથે અસ્મિતાનો મહિમા ગાયો ને તે અસ્મિતા એટલે ભારતવર્ષીય અસ્મિતા એમ ઇંગિત કર્યું, તે આ નવલકથાને વ્યાપક ને અસરકારક બનાવનારું હતું.

**– મનુભાઈ પંચોળી 'દર્શક'**

શ્રીધર વ્યાસકૃત 'રણમલ્લ છંદ' જૂની ગુજરાતી ભાષાની મહત્ત્વની કૃતિ છે. કાવ્યદષ્ટિએ, ઇતિહાસદષ્ટિએ, ધર્મરંગ્યા મધ્યકાલીન સાહિત્યમાં આ એક અલગ ભાત પાડતું કાવ્ય છે. એમાં ઇડરના રાવ રણમલ્લની વીરતાનું યશોગાન છે, જે 'છંદ' કાવ્યપ્રકારમાં રચાયું છે. ચૌદમા સૈકાના અંતિમ ચરણનું આ કાવ્ય ભાષાદષ્ટિએ વિશિષ્ટ છે. ખાસ તો એમાં પ્રયોજાયેલ અરબી-ફારસી શબ્દોને કારણે. જે ગુજરાતના લોકવ્યવહારમાં યવનશાસકના શાસનને લીધે પ્રવેશેલી અરબી-ફારસી ભાષાની અસરને નિર્દેશે છે.

**– પ્રફુલ્લ રાવલ**

'નર્મકોશ'ની રચના પાછળનું નિમિત્ત મુંબઈ શાળાના વિદ્યાર્થીઓ છે. 'નર્મકવિતા'માંના ઘણા શબ્દોના અર્થ વિદ્યાર્થીઓને સમજાતા નહોતા. તેમને માટે નાનો શબ્દકોશ તૈયાર કરવા કરતાં કવિ મોટો કોશ રચવાનું વિચારે છે. 'નર્મકોશ'માં 25,000 કરતાં વધુ શબ્દો છે. આ કોશ કોઈ વ્યક્તિને અર્પણ ન કરતાં નર્મદ ગરવી ગુજરાતને અર્પણ કરે છે. ને એ જ નિમિત્તે 'જય જય ગરવી ગુજરાત' નામનું અમર ગીત તેઓ રચે છે. જે કોશના પ્રારંભમાં આપવામાં આવ્યું છે.

**– નિરૂપા જી. ટાંક**

✦

સ્થાન સમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

એસોશિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,
દેવમણી કૉલેજ, વિસાવદર.

## ચોખ્ખી ભોંયનું ચિત્ર ઉઠાવદાર બને છે

આજ-કાલ, ચારે બાજુથી, કાયાની સપાટીથી ઘણી ધર્મક્રિયા થતી જોવા મળે છે. તેની સંખ્યાનો આંક આપણને હેરત પમાડે તેટલો ઊંચો હોય છે. પછી પ્રશ્ન એ થાય છે :

જો આટલી મોટી સંખ્યામાં આવો ઊંચો ધર્મ થતો હોય ત્યારે તેના ફળને તપાસવા જઈએ છીએ ત્યારે નિરાશા કેમ સાંપડે છે?

આનો સાચો ઉત્તર મેળવવા તેમાં ઊંડા ઊતરવું જરૂરી છે. જ્યારે બારીકાઈથી જોવાનું શરૂ કરવામાં આવે છે ત્યારે જણાય છે કે કાયાની સપાટીથી થતા ધર્મની ઉગમભૂમિમાં કાંઈ ગરબડ છે. એ ભૂમિ શુદ્ધ નથી. બીજ વવાતું નથી અથવા વવાય છે તો તે બીજ ક્યારેક વાવાઝોડામાં ઊડી જાય છે અને ખેતી તો ચાલ્યા કરે છે! બીજ વિનાની ખેતીથી શું ઊગે? બહુ બહુ તો ઘાસ-તણખલાં ઊગે! લચી પડતાં કણસલાંવાળા છોડ ન ઊગે.

ચિતારા પાસે રંગ, પીંછી; દોરવાના ચિત્રનો ખ્યાલ – આ બધું જ ઊંચું હોય પણ જેના પર ચિત્ર કાઢવાનું છે તે જમીન, ભીંત, કાગળ કે કૅન્વાસ જ મેલું, ગોબરું અને કાબરચીતરું હોય તો તેના રંગ, કળા કે પીંછીના સરવાળે શું નીપજે?

સુંદર ચિત્ર માટે કળા બીજે નંબર, પણ પહેલા નબરે તેની ભોંય ચોખ્ખી હોવી જરૂરી છે. તે જ પ્રમાણે, ઉત્તમ ધર્માચરણ માટે પણ મનની ભોમકા શુદ્ધ હોય, ઈર્ષા, તુચ્છતા અને વૈરવૃત્તિથી કાબરચીતરી બનેલી ન હોય પણ સરળતા, શ્રદ્ધા, પ્રમોદભાવ અને પ્રેમભાવથી શુદ્ધ હોય તો તેની થોડી પણ ધર્મક્રિયા ફળવતી બને. એ ફક્ત ક્રિયાકાંડ ન બને પણ ક્રિયાયોગ બની રહે.

— જેમ ચોખ્ખી ભોંય પર સાદું ચિત્ર પણ ઉઠાવદાર બની રહે છે તેમ.

(પાઠશાળા) - પ્રદ્યુમ્નસૂરિ

સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યુટર

અમદાવાદ

## વિચાર કરવાની કળા

**(પરબ સપ્ટેમ્બર ૨૦૨૪નું ચાલુ)**

સહજ રીતે મંત્રીએ પૂછ્યું : આ શું છે?

વેપારી આ અચાનક પ્રશ્નથી સાવધ પણે બોલ્યો : તે ચંદન કાષ્ટનો ઢગલો છે. એક વાર હું મલબાર ગયો હતો ત્યાં ચંદન સાવ સસ્તાભાવે મળતું હતું. મને સારો નફો મળશે એ આશાએ મોટો જથ્થો ખરીદી લાવ્યો. અહીં એ પ્રમાણે વેચાયું નહીં. મારી મૂડી અટવાઈ ગઈ. આટલું ચંદન કોણ ખરીદે? મને દિવસ-રાત આ જ ચિંતા કોરે છે, ચેન પડતું નથી.

*પામે જો ભૂપ મૃત્યુ તો ચિતા ચંદનની બને,*
*તે વિના કોઈ રીતે આ માલ મોંઘો નહીં ખપે.*

વણિક વેપારીને ચંદન ખપાવવાનો આ એક જ રસ્તો દેખાતો હતો. એ વિચારની ધૂનમાં બીજો કોઈ રસ્તો હોય એવી કલ્પના ક્યાંથી આવે? મંત્રી પાસે બોલતાં બોલાઈ ગયું. મનના ખૂણે પડેલી વાત ઊછળીને બહાર આવી ગઈ. તરત ખ્યાલ આવ્યો : શું બોલાઈ ગયું? સાવધ થયો. આ તો મિત્ર છે. કહ્યું : આ વાત અહીં જ દાટજો.

મંત્રી ઠાવકાઈથી કહે : ફિકર ન કરો.

મનમાં થયું, કારણ પકડાઈ ગયું. પછી બીજી-ત્રીજી વાત કરી વિદાય લીધી.

(ક્રમશઃ)

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

**અમૃતવર્ષા**

M.B. Prints

Traditionally Printed Cotton Sarees

**નિમેષભાઈ ડગલી**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૩. ફોનઃ ૩૨૯૦૬૬૫૫

# ગુજરાતી સાહિત્યકોશ




## ખંડ ૧ – મધ્યકાળ

આવૃત્તિ : બીજી, કુલ પૃષ્ઠ ૨૪ + ૫૮૪. કિંમત રૂ. ૮૦૦-૦૦

કોશના આ ખંડ-૧માં ઈ.સ. ૧૧૫૦થી ૧૮૫૦ સુધીના સમયગાળામાં થયેલા કવિઓ અને તેમની રચનાઓ વિષયક તમામ વિશ્વાસપાત્ર માહિતી આપવામાં આવી છે. આ કોશમાં મધ્યકાલીન સાહિત્યમાં રચાયેલી, કાવ્યગુણે ઉત્તમ, મનુષ્યજીવનનાં રહસ્યોને ઉકેલવાની ચાવીઓ પૂરી પાડતી અને મુદ્રિત સ્વરૂપે મળતી કૃતિઓનાં સંખ્યાબંધ અધિકરણ ઉમાશંકર જોશી, હરિવલ્લભ ભાયાણી, જયંત કોઠારી, ચંદ્રકાન્ત શેઠ વગેરે જેવા તજ્જ્ઞોએ લખ્યાં છે. મધ્યકાળમાં જે સાહિત્ય રચાયું છે તે તમામને એકસાથે સંગ્રહી લેવાનો અહીં પ્રયત્ન છે. અહીં જૈન, સ્વામીનારાયણ, નાથસંપ્રદાય વગેરેના ૧૬૦૦ જેટલા કવિઓની ૩૦૦૦ ઉપરાંત સાહિત્યરચનાઓ વિશેનાં અધિકરણ મળશે. આ બધાં જ અધિકરણ નિષ્ણાત સંશોધકોએ તૈયાર કર્યાં છે.

આ ઉપરાંત અહીં કવિ કે કૃતિવિષયક મળતી તમામ સામગ્રીનો સંદર્ભ પ્રત્યેક અધિકરણને અંતે આપવામાં આવ્યો છે જે અભ્યાસીને સામગ્રીના મૂળ સુધી લઈ જશે.




## ખંડ ૩ – સાહિત્યિક પ્રકીર્ણ

આવૃત્તિ : બીજી, કુલ પૃષ્ઠ ૨૪ + ૮૧૨. કિંમત રૂ. ૧૧૦૦-૦૦

કોશના આ ખંડ-૩માં ગુજરાતી ભાષા અને સાહિત્યના ઉદ્ભવ અને વિકાસનો ઈતિહાસ, ગુજરાતી સાહિત્યપ્રકારો અને તેની ઉત્ક્રાંતિ, સાહિત્યશાસ્ત્રનાં વિભાવનાત્મક પાસાં, સાહિત્યિકવિદો, સાંસ્કૃતિક સંદર્ભો, આધારગ્રંથો, સાહિત્યિક પારિતોષિકો, સાહિત્યિક સામયિકો વગેરે ગુજરાતી ભાષાસાહિત્યના વિકાસવિસ્તારમાં ફાળો આપનારાં મહત્ત્વનાં પરિબળો વિશે અધિકરણ આપવામાં આવ્યાં છે.

આ ખંડની બીજી આવૃત્તિમાં કેટલાક નવા વિભાવો વિશે અધિકરણ ઉમેરીને કોશને સંવર્ધિત કરવામાં આવ્યો છે.

કોશ જોવામાં સહાયક એવો અધિકરણનો શબ્દાનુક્રમ પૃષ્ઠનિર્દેશ સાથે આરંભમાં જ જોડ્યો છે. વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વિષયના રસિક સંશોધકો તથા તજ્જ્ઞોને સંશોધન કરવા માટે આ સહાયક આધારગ્રંથ છે.

## ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

**PARAB 2025 March**
Regd. under Postal Registration No.
RNI No. GUJGUJ/2006/17273
GAMC-306/2021-2023 valid upto 31-12-2023
Posted at ahd. PSO on 10th of every month SSP Ah'd
**Date of Publication 10th Posted on Every Month**
**ISSN : 0250-9747**
₹ **20**




Printed and Published by **SAMEER BHATT** on behalf of **GUJARATI SAHITYA PARISHAD** and Printed at **Kirit Graphics, G-1, Labh Complex, Sattar Taluka Society, Opp. C.U. Shah College, Incometax, Ahmedabad-09** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Road, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor - **KIRIT DOODHAT.**